અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૮ ઓક્ટોબર ૨૦૨૩, શનિવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, આસો સુદ પૂનમ | અંક : ૯૩ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### રિઝર્વ બેન્કની ધિરાણકર્તાઓ, નાણાકીય સંસ્થાઓ-ક્રેડિટ બ્યુરોને સુચના

# ગ્રાહકોની ફરિયાદોનું 30 દિવસમાં સમાધાન જરૂરી, નહીં તો દરરોજના ૧૦૦ રૂપિયા દંડ

**આરબીઆઈનો ક્રેડિટ ઇન્સ્ટિટ્યૂશન્સ અને ક્રેડિટ ઇન્ફોર્મેશન કંપનીને ક્રેડિટ ઇન્ફોર્મેશન અપડેટ અને કરેક્શન માટે વળતર ફ્રેમવર્ક રજુ કરવા નિર્દેશ**

। નવી દિલ્હી, તા.૨૭ ।

ભારતીય રીઝર્વ બેન્કે ધિરાણકર્તાઓ, નાણાકીય સંસ્થાઓ અને ક્રેડિટ બ્યુરોને કહ્યું છે કે તેમને ગ્રાહકોની ફરિયાદોનું ૩૦ દિવસની અંદર સમાધાન લાવવું પડશે. જો આમ નહિ કરવામાં આવે તો રોજ ૧૦૦ રૂપિયાનો દંડ ભરવો પડશે. આરબીઆઈક્રેડિટ ઈન્સ્ટિટ્યૂશન્સ (સીઆઈ)અને ક્રેડિટ ઈન્ફોર્મેશન કંપનીને (સીઆઈસી) ક્રેડિટ ઈન્ફોર્મેશન અપડેટ અને કરેક્શન માટે વળતર ફ્રેમવર્ક અજુ કરવા નિર્દેશ આપ્યા છે.

આરબીઆઈએ તેને ૬ મહિનામાં તૈયાર કરવા કહ્યું છે. સીઆઈએ ૨૧ દિવસની અંદર સીઆઈસીઅપડેટ કરેલી ક્રેડિટ ઈન્ફોર્મેશન સબમિટ કરી હોય તો પણ ૩૦



દિવસમાં ફરિયાદનું નિરાકરણ ન લાવતા દરરોજના ૧૦૦ રૂપિયાનો દંડ ચૂકવવો પડશે. સીઆઈસીઉધાર લેનારાઓ, કોર્પોરેટ અને નાના વ્યવસાયોની ક્રેડિટ માહિતી સાચવી રાખે છે અને બેંકો તેને લોન આપતા સમયે અથવા જ્યારે જરૂર પડે ત્યારે એક્સેસ કરી શકે છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાને સીઆઈસીતરફથી લોન લેનારાઓની સ્થિતિ અપડેટ ન કરવા અંગે ઘણી ફરિયાદો મળી હતી. આ પછી આરબીઆઈએ વળતરનું સ્ટ્રક્ચર તૈયાર કરવાનું કહ્યું છે.

ગ્રાહકોએ ફરિયાદ કરી હતી કે ડિફોલ્ટ સ્થિતિમાં સુધારો કર્યા પછી પણ, સીઆઈસીએ સમયસર માહિતી અપડેટ કરી નથી, જેના કારણે ઘણા ગ્રાહકોને લોન અથવા ક્રેડિટ કાર્ડ મળી શક્યા નથી. આરબીઆઈએ કહ્યું છે કે સીઆઈસીએ વર્ષમાં એકવાર ક્રેડિટ સ્કોર સહિત ફ્રી ક્રેડિટ રિપોર્ટની એક્સેસ આપવી જોઈએ. ઉપરાંત, ક્રેડિટ સંબંધિત માહિતી ઈમેલ અને મેસેજ દ્વારા પણ આપવી જોઈએ, જેથી ક્રેડિટની માહિતી સરળતાથી મળી શકે.

જૂન મહિનામાં આરબીઆઈએ ધિરાણકર્તાઓ તરફથી ફરિયાદો મળ્યાના ૩૦ દિવસની અંદર ખોટો, અધૂરો ડેટા આપવા અને ક્રેડિટ માહિતી અપડેટ ન કરવા બદલ ચાર સીઆઈસીપર ૧.૦૧ કરોડ રૂપિયાનો દંડ લગાવ્યો હતો. ટ્રાન્સયુનિયન સિબિલ લિમિટેડ પર રૂ. ૨૬ લાખ, એક્સપિરિયન ક્રેડિટ ઈન્ફર્મેશન કંપની ઓફ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ અને ઈક્વિફેક્સ ક્રેડિટ ઈન્ફર્મેશન સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ પર રૂ. ૨૪.૭૫ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો. બીજી તરફ, આરબીઆ EIએ સીઆરઆઈએફ હાઈ માર્ક ક્રેડિટ ઈન્ફોર્મેશન સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ પર ૨૫.૭૫ લાખ રૂપિયાનો દંડ પણ લગાવ્યો હતો.

## ન્યૂઝ બ્રિફ

### ચીનના ભૂતપૂર્વ વડાપ્રધાન લી કેકિયાંગનું હાર્ટએટેકથી નિધન



। બેઈજિંગ, તા.૨૭ ।

ચીનના પૂર્વ વડાપ્રધાન લી કેકિયાંગનુંશુક્રવારે વહેલી સવારે હાર્ટ એટેકથી નિધન થયું હતું. ચીનના હવાલાથી એક અહેવાલમાં દાવો કરાયો હતો કે રાષ્ટ્રપતિ શી જિનપિં ગ સાથે એક દાયકા સુધી કામ કરનાર અને નરમ વલણ અપનાવનારા નેતાના જીવનનો અચાનક અંત આવ્યો. ચીનના સરકારી ટેલિવિઝન પરના એક અહેવાલમાં જણાવાયું છે કે ૬૮ વર્ષીય લી શાંઘાઈની મુલાકાતે ગયા હતા ત્યારે ગુરુવારે મધ્યરાત્રિએ અચાનક તેઓ મૃત્યુ પામ્યા.

### યુએસના આઈઆરજીસી સાથે સંકળાયેલા બે ઠેકાણે હવાઈ હુમલા

। વોશિંગ્ટન, તા.૨૭ ।

ઈઝરાયલ-હમાસ વચ્ચે યુદ્ધની સ્થિતિ દરમિયાન અમેરિકી સૈન્યએ પૂર્વ સીરિયામાં ઈરાનના રેવોલ્યૂશનરી ગાર્ડ્સ કોર્પ્સ (આઈઆરજીસી) સાથે સંકળાયેલા બે ઠેકાણે હવાઈ હુમલા કરી દીધા છે. પેન્ટાગોને કહ્યું કે આ હુમલો અમેરિકી ઠેકાણાં અને કર્મચારીઓ પર તાજેતરમાં કરાયેલા ડ્રોન અને મિસાઈલ હુમલાનો જવાબ છે. ગત અઠવાડિયાની શરૂઆતમાં જ અમેરિકી સૈનિકોને સીરિયામાં નિશાન બનાવાયા હતા.

### આપત્તિજનક ટિપ્પણી બદલ જેઠાલાલે આદિવાસી સમાજની માફી માગી

। મુંબઈ, તા.૨૭ ।

ફેમીલી કોમેડી ડ્રામામાં તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા ખુબ લોકપ્રિય ટીવી સિરિયલ છે. આ ઉપરાંત આ શો સતત વિવાદોમાં પણ આવતો રહે છે. ઘણી વખત શોના સ્ટાર્સની કોઈ ટિપ્પણી બાબતે અથવા તો કોઈ એવા સીનના કારણે સતત કોઈને કોઈ વિવાદો થતા જ રહે છે. એવા જ એક વિવાદના કારણે શોના જાણીતા સ્ટાર જેઠાલાલ ઉર્ફે દિલીપ જોશીએ પણ એક વિવાદિત ટિપ્પણી પર માફી માંગવી પડી હતી. આ શોના એક એપિસોડમાં જેઠાલાલે આદિવાસી સમાજ પર આપતિજનક ટિપ્પણી કરી હતી.

### ચૂંટણી પહેલાં રાજસ્થાનમાં કૉંગ્રેસની ગેરન્ટીની લહાણી

# રાજસ્થાનમાં ગહેલોતે છાત્રોને મફત લેપટોપ સહિત વધુ પાંચ ગેરન્ટી આપી

**સીએમ અશોક ગેહલોતને આ ગેરન્ટીઓ અને તેમના કામના સહારે ફરીવાર સત્તામાં વાપસીની આશા**

। જયપુર, તા.૨૭ ।

રાજસ્થાનમાં યોજાનાર વિધાનસભા ચૂંટણીથી ઠીક પહેલા કોંગ્રેસે હવે લોકોને ગેરન્ટી આપવાનું શરૂ કરી દીધું છે. ગેરન્ટી એટલે કે જો ફરીવાર કોંગ્રેસની સરકાર રચાશે તો પાર્ટી પ્રજા માટે શું શું કરશે? એ વાતની ગેરન્ટી પહેલાથી અપાઈ રહી છે. સીએમ અશોક ગેહલોતનેઆ ગેરન્ટીઓ અને તેમના કામના સહારે ફરી સત્તામાં વાપસીની આશા છે. માહિતી અનુસાર સરકાર તરફથી કુલ ૧૫ ગેરન્ટી અપાશે. તેમાંથી બે ગેરન્ટી બે દિવસ પહેલા આપી હતી હતી અને હવે વધુ ૫ ગેરન્ટી



આપવામાં આવી છે. સીએમ અશોક ગેહલોતે આ ગેરન્ટી લોકોને આપતાં કહ્યું કે મોંઘવારી રાહત કેમ્પમાં ૮ કરોડથી વધુ ગેરન્ટી કાર્ડ વિતરણ કરાયા હતા. ચાલો કોંગ્રેસની આ ગેરન્ટી પર એક નજર કરીએ. પ્રથમ ગેરન્ટી ગ્રામીણ ક્ષેત્રોમાં રહેતા પશુપાલકો અને ખેડૂતો માટે છે. સરકારે કહ્યું છે કે તે બે રૂપિયા કિલોના હિસાબે ગોબર ખરીદશે. આ યોજનાને ગોધન યોજના કહેવાય છે. આ છત્તીસગઢમાં પહેલાથી ચાલે છે. સરકાર અહીં પશુપાલકોથી ગોબર ખરીદે છે અને તેમાંથી ખાતર બનાવે છે. આ ઉપરાંત ગેહલોતે કોલેજના વિદ્યાર્થીઓને મફત લેપટોપ આપવાની ગેરન્ટી આપી છે. તેના માટે અમુક નિયમ બનાવાશે અને તે નિયમ ફોલો કરનારને જ લેપટોપ અપાશે. આ ગેરન્ટી યુવા વર્ગને સાધવાના પ્રયાસરૂપે અપાઈ છે. દરેક વિદ્યાર્થીને અંગ્રેજી મીડિયમમાં ભણાવવાની ગેરન્ટી.

### ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસના ૭મા સંસ્કરણને ખુલ્લું મુકાયું

# ભારત મોબાઈલ ફોનમાં ઈમ્પોર્ટર હતું આજે એક્સપોર્ટર બની ગયું: પીએમ મોદી

**પીએમ મોદીએ કોંગ્રેસ પર કટાક્ષ કરતાં કહ્યું કે જૂની સરકાર એક સમયે હેંગ મોડમાં જતી રહી હતી, હવે આપણે વિકાસના પંથે**

। નવી દિલ્હી, તા.૨૭ ।

દિલ્હીમાં વડાપ્રધાન મોદી એ ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસના ૭મા સંસ્કરણ દરમિયાન દેશભરની પસંદગીની સંસ્થાનોમાં ૧૦૦ નવી પજીલેબનું ઉદઘાટન કર્યું. આ અવસરે પીએમ મોદીએ કહ્યું કે આવનારું ભવિષ્ય એકદમ અલગ હશે. દેશમાં પજીનું વિસ્તરણ થઈ રહ્યું છે. મોબાઈલ બ્રોડબેન્ડ સ્પીડમાં આપણે નંબર ૪૩ પર છીએ. ૪જીનું પણ શ્રેષ્ઠ રીતે વિસ્તરણ થયું હતું અને હવે આપણે ૬જીતરફ લીડર બનવાની દિશામાં આગળ વધી રહ્યા છીએ. સાથે જ પીએમ મોદીએ આ દરમિયાન



કોંગ્રેસ પર કટાક્ષ કરતાં કહ્યું કે જૂની સરકાર એક સમયે હેંગ મોડમાં જતી રહી હતી... ત્યારે લોકોએ તેને બદલી. આ કાર્યક્રમમાં મુકેશ અંબાણી અને આદિત્ય બિરલા પણ હાજર હતા. કોંગ્રેસ પર કટાક્ષ કરતાં પીએમ મોદીએ કહ્યું કે આપણે દુનિયાની ટોચની ૩ સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમમાંથી એક બન્યા છે. યુનિકોર્નના ક્ષેત્રમાં સેન્ચુરી ફટકારી છે. ૨૦૧૪માં આપણી પાસે... જાણો છો ને કેમ કહી રહ્યો છો? આ તારીખ નહીં પણ પરિવર્તન છે. ૨૦૧૪ પહેલા ભારત પાસે ૧૦૦ સ્ટાર્ટઅપથી હવે તે ૧ લાખને વટાવી ગયો છે.

### પાકિસ્તાને ફરી કર્યો યુદ્ધવિરામનો ભંગ

# ફાયરિંગમાં ભારતના એક જવાન અને નાગરિક ઘાયલ

। જમ્મુ કાશ્મીર, તા.૨૭ ।

આઠ દિવસમાં ફરી આંતરરાષ્ટ્રીય સરહદ પર યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરતા પાકિસ્તાને અરનિયા સેક્ટરની ભારતની તમામ આઠ ચોકીઓ પર ભારે ગોળીબાર કર્યો હતો. જેમાં મ્જીહ્નનો એક જવાન અને એક નાગરિક ઈજાગ્રસ્ત થયા હતા. પાકિસ્તાને ગુરુવારે મોડી રાત્રે રહેણાંક વિસ્તારોમાં પણ ગોળીબાર કર્યો હતો. ભારતીય સૈન્યએ પણ વળતો પ્રહાર કર્યો હતો જેમાં પાકિસ્તાનની ઘણી ચોકીઓ નષ્ટ કરવામાં આવી હતી અને પાંચથી સાત રેન્જર્સ પણ માર્યા ગયા હતા. બિક્રમ પોસ્ટ પર તૈનાત કર્ણાટકના સૈનિક બાસપરાજને ગોળીબારમાં પગ અને હાથમાં શેલ સ્પ્લિન્ટર્સ વાગ્યા હતા. તેઓને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાયા હતા. પાકિસ્તાનના ૨૫થી વધુ મોર્ટાર શેલ અરનિયા, સુચેતગઢ, સઈ, જબ્બોવાલ અને ત્રેવાના રહેણાંક વિસ્તારોમાં પડ્યા છે.

### છપરામાં દુર્ગા પૂજા વિસર્જન યાત્રા પર પથ્થરમારો

# છપરામાં દુર્ગા પૂજા વિસર્જન યાત્રામાં અથડામણ થતાં છથી વધુને ઈજા

**હાલ પોલીસે આ વિસ્તારમાં ભારે બંદોબસ્ત ગોઠવી દીધો છે, ૧૦ લોકોની ધરપકડ કરી પૂછપરછ કરવામાં આવી રહી**

। છપરા, તા.૨૭ ।

બિહાર ના બેગૂસરાય, ઓરંગાબાદ બાદ હવે છપરામાં દુર્ગા પૂજા વિસર્જન યાત્રા પર પથ્થરમારો થયા બાદ ભારે તણાવની સ્થિતિ સર્જાઈ છે. આ ઘટના ભગવાન બજાર પોલીસ સ્ટેશન હેઠળના નવા બજારમાં બની છે. સુરક્ષાને ધ્યાને રાખી હાલ અનુમંડળ વિસ્તારમાં ૨ દિવસ માટે ઈન્ટરનેટ સેવા બંધ કરી દેવાઈ છે. શુક્રવારે વહેલી સવારે ૪.૦૦ કલાકે મૂર્તિ વિસર્જન દરમિયાન બે જૂથો વચ્ચે ઘર્ષણ થયું હતું. આ દરમિયાન ધાબા પરથી પથ્થમારો થવા લાગ્યો અને જોતજોતામાં બંને જૂથો મારામારી પર ઉતરી આવ્યા. આ ઘટનામાં ૬થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે, જેમને સ્થાનિક હોસ્પિટલમાં દાખલ કરાયા છે. હાલ પોલીસે આ વિસ્તારમાં ભારે બંદોબસ્ત ગોઠવી દીધો છે. ૧૦ લોકોની ધરપકડ કરી પૂછપરછ કરવામાં આવી રહી છે.

### રિલાન્સના શેરધારકોએ મંજૂરી આપી

# ઈશા, આકાશ અને અનંત અંબાણી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીના બોર્ડમાં સામેલ

। મુંબઈ, તા.૨૭ ।

અંબાણી પરિવારના ત્રણ સભ્યો ઈશા, આકાશ અને અનંત અંબાણીને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના બોર્ડ માં સામેલ કરવા શેરધારકોની મંજૂરી મળી ગઈ છે. શેરધારકોએ ત્રણેય ભાઈ-બહેનને કંપનીના નૉન-એક્ઝીક્યૂટિવ ડાયરેક્ટર્સ પદે નિમણૂક કરવા પર મહોર મારી દીધી છે. કંપનીએ રેગ્યૂલેટરી ફાઈલિંગમાં બીએસઈ સ્ટોક એક્સચેન્જ ને જણાવ્યું કે, ભારે બહુમતી સાથે ત્રણે ભાઈ-બહેનને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના બોર્ડમાં નૉન-એક્ઝીક્યૂટિવ ડાયરેક્ટર્સ પદે નિમણૂક કરવાના પ્રસ્તાવને મંજૂરી મળી ગઈ છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે એક્સચેન્જ ફાઈલિંગમાં જણાવ્યું કે, ૨૬ ઓક્ટોબર-૨૦૨૩ના રોજ બહુમતી સાથે ઠરાવ પસાર થયો છે. ઈશા અંબાણીને કુલ ૯૮.૨૧ ટકા મત મળ્યા છે, જ્યારે આકાશ અંબાણીને ૯૮.૦૬ ટકા અને અનંત અંબાણીને કુલ ૯૨.૬૭ ટકા મત મળ્યા છે.



### આરોગ્ય વિભાગ દ્વારા તાત્કાલિક અસરથી લેવામાં આવી શકે નિર્ણય

# હંગામી કર્મીઓને કાયમી કરવાની ગુજરાત સરકારની વિચારણા

। ગાંધીનગર, તા.૨૭ ।

રાજ્ય સરકાર દ્વારા સરકારમાં હંગામી જગ્યાઓને કાયમી કરવા તરફ વિચારણા શરૂ કરી છે. ત્યારે રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા તાત્કાલિક અસરથી વર્ગ એક થી લઈને વર્ગ ચાર સુધી હંગામી જગ્યાઓ ને કાયમી જગ્યામાં રૂપાંતર કરવા માટેની વિગતો વિભાગ પાસે મંગાવાઈ છે. જેમાં હંગામી જગ્યામાં હાલ આઉટસોર્સિંગ કે અન્ય કોઈ રીતે કામ કરતા હોય તો તેની નોંધ લખવાની સૂચના પણ આપવામાં આવી છે. આરોગ્ય વિભાગના પત્રમાં હંગામી જગ્યાને કાયમી જગ્યામાં રૂપાંતર કરવાની યોજના સરકારની વિચારણા હેઠળનો છે ઉલ્લેખ કરાયો છે. રાજ્ય સરકારે તાજેતરમાં કરાર આધારિત કર્મચારીઓ માટે મહત્વનો નિર્ણય કર્યો હતો. ફરજ દરમિયાન કરાર આધારિત કર્મચારીનું અવસાન થાય તો ઉચ્ચક ૧૪ લાખની સહાય. આ લાભ વર્ગ-૩ અને ૪ના કરાર આધારિત કર્મચારીને મળશે.

### ડિજિટલ મીટરના સ્થાને ૭ જિલ્લામાં ઘરે ઘરે સ્માર્ટ મીટર લગાડશે

# દ.ગુજરાત વીજ કંપની દ્વારા ટૂંક સમયમાં સ્માર્ટ મીટર લગાડવા કવાયત શરૂ કરાઇ

। સુરત, તા.૨૭ ।



હવે મોબાઈલની જેમ વીજળીના વપરાશ માટે પણ પ્રિપેઈડ કાર્ડ વાપરવામાં આવશે. મોબાઈલ માટે નહિ પરંતુ સ્માર્ટ મીટર માટે સીમ કાર્ડ વપરાશે. સ્માર્ટ મીટરમાં મોબાઈલની જેમ પ્રિપેઈડ કાર્ડ રિચાર્જ કરી વીજળીનો ઉપયોગ કરી શકાય તેવી સુવિધા દક્ષિણ ગુજરાત વીજકંપની દ્વારા ઊભી કરાઈ છે.

વીજ ધારકો હવે પ્રિપેઈડ કાર્ડથી વીજળી ખરીદી ઉપયોગ કરી શકશે. દક્ષિણ ગુજરાત વીજ કંપની દ્વારા ટૂંક સમયમાં ડિજિટલ મીટરના સ્થાને ૭ જિલ્લામાં ઘરે ઘરે સ્માર્ટ મીટર લગાડવા કવાયત શરૂ કરાઈ છે. આ અંગે ડીજીવીસીએલના એમ. ડી યોગેશ ચૌધરી એ જણાવ્યું હતુ કે દક્ષિણ ગુજરાત વીજકંપની આગામી ટૂંક સમયમાં ડિજિટલ મીટરના સ્થાને ૭ જિલ્લામાં ઘરે ઘરે સ્માર્ટ મીટર લગાડશે.

આ ટેન્ડરની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ સંભવતઃ જૂન ૨૦૨૩ પછી ગમે ત્યારે સ્માર્ટ મીટર લગાડવાનો આરંભ કરી દેવાશે. સ્માર્ટ મીટરમાં વીજચોરી કરનારાઓની માહિતી તો મળી જશે. પરંતુ શિળાયો. ઉનાળો અને ચોમાસાની સિઝનમાં કયા વિસ્તારમાં કેટલો વીજલોડની જરૂરિયાત છે. તેની સચોટ માહિતી મળી રહેશે. જેથી કરીને સિઝન બદલાઈ ત્યારે વીજલોડ મેન્ટેન કરવામાં ડીજીવીસીએલને સરળતા રહેશે. ઉત્તરપ્રદેશ અને બિહારની જેમ ગુજરાતમાં પણ મોબાઈલની જેમ પ્રિપેઈડ કાર્ડથી વીજળી ખરીદવી પડશે એ દિવસ દૂર નથી. સરકારે સ્માર્ટ મીટરના નામે ડિજિટલ વીજ મીટર બદલવાનો તખ્તો ગોઠવી દીધો છે, સ્માર્ટ મીટરના નામે રાજ્યના તમામ ઘરે ઘરે પ્રિપેઈડ કાર્ડવાળા મીટર લગાડી દેવાશે. દરેક ઘરે વીજમીટર લાગી ગયા બાદ સંભવતઃ પ્રિપેઈડ કાર્ડથી વીજળીના વપરાશની સિસ્ટમ રાજ્યભરમાં અમલી બનાવી દેવાશે. આ સિસ્ટમ લાગુ થયા બાદ જે રીતે મોબાઈલ રિચાર્જ કરાવ્યો હોય તેટલા દિવસ ચાલે તેવી જ રીતે રિચાર્જ કરાવ્યા બાદ યુનિટદીઠ ચાર્જ કપાશે, બેલેન્સ પુરું થયા બાદ વીજ ગ્રાહકોએ રિચાર્જ કરાવવું પડશે.

રિચાર્જ નહીં કરાવો તો વીજપ્રવાહ બંધ થઈ જશે.જેથી સૌથી પહેલા સરકારી કચેરીમાં સ્માર્ટ મીટર લાગશે.એટલુજ નહિ સ્માર્ટ મીટર વીજચોરી અટકાવવા સાથે વીજપ્રવાહ બંધ થઈ જાય તો તેની તાત્કાલિક માહિતી આપી દેશે.

### એસટી કર્મચારી સંગઠનની વાહનવ્યવહાર મંત્રી સાથે બેઠક

# ગુજરાત એસટી નિગમના કર્મચારીઓની હડતાળ સમેટાઇ

### એસટી કર્મચારીઓની નાણાંકીય બાબતો અને પડતર પ્રશ્નોનો ઉકેલ લાવવા તંત્ર દ્વારા ખાતરી આપી છે



। ગાંધીનગર, તા.૨૭ ।

એસટી એટલે કે સ્ટેટ ટ્રાંસપોર્ટના કર્મચારી મંડળના પદાધિકારીઓ અને વાહન વ્યવહાર મંત્રી વચ્ચે ગાંધીનગરમાં બેઠક યોજાઈ હતી. વાહનવ્યવહાર મંત્રી હર્ષ સંઘવીની સાથે-સાથે સરકારના સચિવ અને અધિકારીઓની ઉપસ્થિતમાં થયેલી આ બેઠકમાં કર્મચારીઓની ત્રણ અલગ-અલગ માંગ મુદ્દે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

સકારાત્મક માહોલમાં આ ચર્ચા દરમિયાન એસટી વિભાગના કર્મચારીઓની પડતર માંગોના નિકાલને લઈ સરકારનો હકારાત્મક પ્રત્યુતર આવતા એસટી કર્મચારી મંડળ સાથે સમાધાનના સ્પષ્ટ સંકેત મળ્યા છે. પડતર પ્રશ્નોના સમાધન પહેલા એસટી કર્મચારી સંગઠને ખુશી વ્યક્ત કરી છે. મંત્રી હર્ષ સંઘવી સાથેની બેઠક બાદ પદાધિકારીઓની મોડી રાત સુધી અમદાવાદના રાણીપ ડેપો પર બેઠક મળી હતી. જેમાં આંદોલન સમેટવાનો નિર્ણય લેવાયો છે. એસટી કર્મચારીઓની નાણાંકીય બાબતો અને પડતર પ્રશ્નોનો ઉકેલ લાવવા તંત્ર દ્વારા ખાતરી આપી છે.

છેલ્લા ઘણા વર્ષોથી એસટી કર્મચારીઓ પોતાના પડતર પ્રશ્નોને લઈને લડત આપી રહ્યા હતા. એસટી વિભાગના કર્મચારીઓ દ્વારા ૨૩ ઓક્ટોમ્બરથી ૨ નવેમ્બર સુધી હડતાળની જાહેરાત કરવામાં આવી હતી. આ સાથે જ વિવિધ કાર્યોક્રમો પણ રાખવામાં આવ્યા હતા. એસટી વિભાગના કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલી હડતાળ કુલ ૭ જેટલા મુદ્દાઓને લઈને કરવામાં આવી હતી. ૧૧ ટકામાંથી ૭ ટકા મોંઘવારી ભથ્થું આપ્યું જેનો વિરોધ કરવાને લઈ હડતાળ કરવામાં આવી હતી. આ સાથે જ આ અગાઉની જાહેરાત પ્રમાણે મોંઘવારી ભથ્થાનું એરિયર્સ ૩ હપ્તામાં આપતા વિરોધ નોંધાવામાં આવ્યો હતો. હાઉસ રેન્ટ એલાઉન્સ અને સીટી એલાઉન્સ આપવામાં ન આવતુ હોવાથી પણ હડતાળમાં વિરોધ નોંધાવામાં આવ્યો હતો. વર્ષ પૂર્ણ થવા છતાં નવા વર્ષનું બોનસ એસટી વિભાગના કર્મચારીઓને આપવામાં આવ્યું ન હતુ.

ગત દિવાળીનું બોનસ આ દિવાળી આવવા છતાં નહિ મળતા કર્મચારીઓમાં રોષ ભરાતા હડતાળ કરવામાં આવી હતી. ૭ માં પગાર પંચ મુજબ ઓવરટાઈમ આપવાના બદલે છઠ્ઠા પગાર પંચ મુજબ અપાય છે જેનો પણ વિરોધ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ૬ મહિનાથી પત્ર વ્યવહાર કરાય છે છતાં નિકાલ ન આવતા આંદોલન જાહેર કરવામાં આવ્યુ હતું. કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલા આંદોલનમાં વિવિધ પ્રકારના કાર્યક્રમ રાખવામાં આવ્યા હતા. જેમાં ૨૩ ઓક્ટોબરે કર્મચારી કાળી પટ્ટી પહેરી કામ કરી વિરોધ હતો. તેમજ દરેક ડેપો ખાતે આવેદનપત્ર આપ્યા હતા.

# વર્ગ-૪ના કર્મચારીઓને ૭૦૦૦ની મર્યાદામાં એડહોક બોનસ અપાશે

### આનો લાભ રાજય સરકાર અને પંચાયત, ગ્રાન્ટો ઇન એઇડ તથા બોર્ડ નિગમના વર્ગ-૪ ના અદાજે ૨૧૦૦૦થી વધુ કર્મચારીઓને મળશે



। અમદાવાદ, તા.૨૭ ।

ગુજરાત સરકારે તાજેતરમાં જ ફિક્સ પે કર્મચારીઓના વેતનમાં ૩૦ ટકાનો વધારો કરવાની જાહેરાત કરી હતીત્યારે હવે વર્ગ-૪ના કર્મચારીઓને દિવાળીની ભેટ આપીને સરકારે બોનસ ચૂકવવાની જાહેરાત કરી છે. નાણાં વિભાગની યાદીમાં વર્ગ-૪ના કર્મચારીઓને એડહોક બોનસ આપવાનો નિર્ણય કર્યો હોવાનું જણાવાયું છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે આગામી સમયમાં આવી રહેલા દિવાળીના તહેવારોને ધ્યાભને લઇને વર્ગ-૪ ના કર્મચારીઓ ઉત્સીહપૂર્વક દિવાળી ઉજવી શકે તે માટે તેઓને રૂપિયા ૭૦૦૦ હજારની મર્યાદામાં એડહોક બોનસ આપવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે તેમ નાણા વિભાગની યાદીમાં જણાવાયું છે. યાદીમાં વધુમાં જણાવાયાનુસાર રાજય સરકારે વર્ગ-૪ ના કર્મચારીઓને ૭૦૦૦ ની મર્યાદામાં બોનસ આપીને દિવાળીની ભેટ આપી છે.આનો લાભ રાજય સરકાર અને પંચાયત, ગ્રાન્ટો ઈન એઈડ (માન્યાતાવાળા કર્મચારીઓ) તથા બોર્ડ નિગમના વર્ગ-૪ ના અદાજે ૨૧૦૦૦થી વધુ કર્મચારીઓને લાભ મળશે તેમ વધુમાં જણાવાયું છે.

# કલમના કસબીઓએ ઝાડુ અને પાવડા પર હાથ અજમાવી કચેરીને સ્વચ્છ અને સુઘડ બનાવી

। અમદાવાદ, તા.૨૭ ।

સ્વચ્છતાને જીવનશૈલીનો અભિન્ન હિસ્સો બનાવવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા સ્વચ્છતા હી સેવા પ્રકલ્પ નું આયોજન કરાયું છે. આ અભિયાન અંતર્ગત અમદાવાદ જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં આઠ સપ્તાહ સુધી સ્વચ્છતાને સંલગ્ન વિવિધ પ્રવૃત્તિઓ યોજવામાં આવી રહી છે. જેમાં સરકારના વિવિધ વિભાગોની કચેરીઓ ખાતે પણ સફાઈ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું છે. સ્વચ્છતા અભિયાન અન્વયે અમદાવાદ પ્રાદેશિક માહિતી કચેરી ખાતે પણ સફાઈ કામગીરી કરવામાં આવી હતી. પ્રતિદિન લોકશાહીના પ્રહરી એવા પત્રકારોની ચહલપહલથી વ્યસ્ત રહેતી માહિતી કચેરી ખાતે અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ દ્વારા સાફ-સફાઈ કરવામાં આવી હતી. પ્રતિદિન કલમથી કામગીરી કરનાર કર્મયોગીઓએ ઝાડુ અને પાવડા પર હાથ અજમાવી કચેરીને સ્વચ્છ અને સુઘડ બનાવી હતી. નાયબ માહિતી નિયામક શ્રી હિમાંશુ ઉપાધ્યાયના નેતૃત્વમાં કચેરીમાં કાર્યરત કર્મચારીઓ આ સફાઈ અભિયાનમાં સામેલ થયા હતા. આમ, સફાઈ અભિયાનના પ્રસાર પ્રચારની કામગીરી ઉપરાંત સફાઈ માટે શ્રમદાન કરી કર્મયોગીઓએ અનોખો અનુભવ માણ્યો હતો.

### છેલ્લા બે મહિનામાં 3 વાર ઓલપાડ તાલુકામાંથી ડુપ્લીકેટ ઘી ઓલપાડ પોલીસે ઝડપ્યું

# સુરતમાંથી પચાસ લાખથી વધુની કિંમતનું ૮૦૦૦ કિલો ઘી ઝડપાયું

### હાલ તો પોલીસે ઘી ક્યાંથી આવ્યું અને ગોડાઉન મલિકની શોધખોળ શરૂ હાથ ધરી હતી

। સુરત, તા.૨૭ ।

સુરત જિલ્લામાંથી વધુ એકવાર પોલીસે શંકાસ્પદ ઘીનો જથ્થો ઝડપી પાડ્યો છે. ૫૦ લાખથી વધુનો ૮૦૦૦ કિલો ઘીનો જથ્થો સિઝ કર્યો છે. ફૂડ એન્ડ ડ્રગ વિભાગ તેમજ એફ.એસ.એલની મદદ લઈ વધુ કાર્યવાહી હાથ ધરી છે. સુરત જિલ્લામાંથી આવર નવાર બ્રાન્ડેડ કંપની નામે ડુપ્લીકેટ ઘી બનાવી માર્કેટ વેચાણ કરતા હોય છે. લોકો ના સ્વાસ્થ્ય સંબંધિત ચેડા કરતા હોય છે. છેલ્લા બે મહિનામાં ૩ વાર ઓલપાડ તાલુકામાંથી ડુપ્લીકેટ ઘી ઓલપાડ પોલીસે ઝડપી પડ્યું છે. ત્યારે વધુ એકવાર ઓલપાડ તાલુકામાંથી શંકાસ્પદ ઘી ઝડપાવાનો સિલસિલો યથાવત છે. ત્યારે ફરી એકવાર ઓલપાડની માસમાં જીઆઈડીસીમાંથી શંકાસ્પદ ઘીનો જથ્થો સુરત ગામ્ય એલસીબી અને જિલ્લા એલસીબી અને પેરોલ ફર્લો સ્ક્વોડના સંયુક્ત બાતમીની આધારે ઝડપી પાડ્યો છે. માસમાં વિસ્તારમાંથી હની ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના એક ગોડાઉનમાંથી શંકાસ્પદ ઘીનો જથ્થો કબજે કરયો છે. આશરે ૫૦ લાખથી વધુની કિંમતનો ૮૦૦૦ કિલોથી વધુનો જથ્થો ઝડપી પોલીસે એફ.એસ. એલ અને ફૂડ એન્ડ ડ્રગ વિભાગને જાણ કરી શંકાસ્પદ ઘીના સેમ્પલ લીધા હતા. હાલ પોલીસે જાણવા જોગ ફરિયાદ દાખલ કરી એફ.એસ.એલના રિપોર્ટ બાદ ગુનો નોંધવામાં આવશે.

## વિશેષ લેખ

### સાવધાન! દેશના મોટા શહેરો પ્રદુષિત થઈ રહ્યા છે

# આપણા શ્વાસમા હવે ઝેરી ધુમાડો ફેફસામા જઈ રહ્યો છે જે આરોગ્ય માટે ખાતરનાક છે



**સાંપ્રત પ્રવાહો**

લેખક : દીપક જગતાપ





વધતા જતા સતત પ્રદુષણને કારણે દિલ્હી સહિત દેશના મોટા શહેરોની હવા ઝેરીબની રહી છે. જે હવા સ્વાસ્થ્ય માટે ખતરનાક કહેવાય. આપણા શ્વાસમા હવે ઝેરી ધુમાડો ફેફસામા જઈ રહ્યો છે. જે આરોગ્ય માટે ખાતરનાક છે. દેશની રાજધાની દિલ્હી હવે દેશનું સૌથી વધુ પ્રદુષિત રાજ્યબની ગયું છે. દિલ્હીમાં તમે પ્રવેશોતો તમને વહેલી સવારે ધુમ્મ્સજેવું ધુંધળું વાતાવરણ લાગે. હકીકતમા એ ધુમ્મસ નથી પણ પણ ગાઢ ધુમાડાનું પ્રદુષિત વાતાવરણ છે. અર્થાત આપણા શ્વાસમા હવે ઝેરી ધુમાડો ફેફસામા જઈ રહ્યો છે. જે આરોગ્ય માટે ખાતરનાક છે.

એક સંશોધન ના આકડાં મુજબ હાલમાં ૧૬,૭૮૭,૯૪૧ લોકો ઝેરી હવાના શ્વાસ લે છે જે WHO ની શુધ્ધ હવા માર્ગદર્શિકાને પૂર્ણ કરતા નથી. દિલ્હીમાં સૌથી વધુ વાયુ પ્રદૂષણ ધરાવતો જિલ્લો સેન્ટ્રલ દિલ્હી છે, જ્યાં PM ૨.૫ ની આગાહી ૨૦૮.૪ µg/m3 છે. ત્યાં હવા ખૂબ જ બિન આરોગ્યપ્રદ છે. હાલમાં દિલ્હીમાં સૌથી પ્રદૂષિત જિલ્લો સેન્ટ્રલ દિલ્હી છે.

**ભારતમાં કયા શહેરમાં સૌથી વધુ વાયુ પ્રદૂષણ છે?**

હાલમાં ૪૫૦ જિલ્લામાં ૯૫૦,૬૭૧,૪૧૦ ભારતીયો હવા શ્વાસ લે છે જે WHO ની સ્વચ્છ હવા માર્ગદર્શિકાને પૂર્ણ કરતાનથી. પંજાબ માં ફરીદકો જિલ્લાના ૬૧૭,૫૦૮ રહેવાસીઓ PM ૨.૫ પ્રદૂષણના ૩૦૩ µg/m3 સાથે હાલમાં ભારતમાં સૌથી ખરાબ વાયુ પ્રદૂષણનો શ્વાસ લઈ રહ્યા છે. હવા પ્રદૂષણ માનવ શરીરમાં દરેક અંગ અને વર્ચ્યુઅલ દરેક સેલ નુકસાન પહોંચાડી શકે છે. હા, હવાનું પ્રદૂષણ હૃદય હૂમલા, ફેફસાનું કેન્સર, અસ્થમા અને સીઓપીડી જોખમ વધે છે.

દિલ્હીમાં હવે જીવવું અઘરું બની રહ્યુ છે, લોકોને શ્વાસ લેવામાં ગૂંગળામણ થઈ રહી છે. દિલ્હીની હવા ઝેરીલી બની ચૂકી છે, જે સમગ્ર દેશ માટે ચિંતાનો વિષય છે. દિલ્હીમાં ફરી લોકડાઉન જેવી સ્થિતિછે. દિલ્હીમાં હવે જીવવું અઘરું બની રહ્યુ છે, લોકોને શ્વાસ લેવામાં ગૂંગળામણ થઈ રહી છે. દિલ્હીની હવા ઝેરીલી બની ચૂકી છે, જે સમગ્ર દેશ માટે ચિંતાનો વિષય છે. જી હા, જો તમારે દિલ્હીમાં રહેવું હોય તો તમારે તમારા ઘરમાંથી બહાર નીકળવાનું નથી. આ સાંભળવામાં અજીબ લાગશે પણ આ સત્ય છે. પ્રદૂષણના કારણે દિલ્હીમાં સ્થિતિ એટલી હદે ખરાબ થઈ ગઈ છે કે સુપ્રીમ કોર્ટે કડક નિર્દેશ આપવા પડ્યા છે. દિલ્હી સરકારે ઉતાવળમાં ઈમરજન્સી બેઠક બોલાવીને ઘણા મોટા નિર્ણયો લેવા પડ્યા હતા. હકીકતમાં, દિલ્હીની એર પોલ્યુશન પર ઠપકો આપતા સુપ્રીમ કોર્ટે કહ્યું કે લોકો માસ્ક પહેરીને ઘરોમાં ફરે છે. દિલ્હીમાં લોકડાઉનની જરૂરિયાતની સાથે કોર્ટે-સ્કૂલ ખોલવા પર પણ નારાજગી વ્યક્ત કરી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે આનાથી બાળકો પર ગંભીર અસર પડી શકે છે. તેમના ફેફસાંને નુકસાન થઈ શકે છે.

વાસ્તવમાં, દિવાળી પછી દિલ્હીમાં વાયુ પ્રદૂષણ વધી રહ્યું હતું. તેમજ પરસ સળગાવવાને કારણે પરિસ્થિતિ વધુ વણસી હતી. દિલ્હીમાં છઊં ૫૦૦ની આસપાસ પહોંચી ગયો છે. ડૉક્ટરો પણ સતત વધતા પ્રદૂષણ અંગે ચેતવણી આપી રહ્યા છે. તબીબોના મતે વધુ પડતા પ્રદૂષણને કારણે હાર્ટ એટેકની શક્યતાઓ પણ વધી જાય છે.

દિલ્હીની હવા હાલ ઘણી ખરાબ થઈ ચૂકી છે. હાલ દિલ્હીનાં ઘણા વિસ્તારોમાં એર ક્વાલિટી ઈન્ડેક્ષ (Air Quality Index AQI) ૩૦૦ને પાર ચાલી રહી છે. દિલ્હીએનસીઆર (Delhi – NCR) માં ધુમ્મસને કારણે દશ્યતા પણ ઓછી થઈ છે જેના કારણે બુધવારે બપોરે વાહનચાલકોને રસ્તાઓ પર બાઈક કે વાહનોની હેડલાઈટ ચાલુ કરવી પડી હતી. વાયુ પ્રદુષણને કારણે દિલ્હીમાં આકાશમાં કાળા ધુમાડા નજરે પડી રહ્યા છે તથા લોકોનાં આંખોમાંબળતરા (Inflammation in the eyes) થઈ રહ્યા હોવાનું સામે આવી રહ્યુ છે તો બીજી તરફ લોકોને શ્વાસ લેવામાં તકલીફો (People have trouble breathing) નો સામનો કરવો પડી રહ્યો છે. દિલ્હીની હવા ઝેરી (Delhi's air is toxic) થઈ ચૂકી છે જે વૃદ્ધો અને બાળકો માટે ખતરો બની શકે છે તે માટે તેમણે ઘરની બહાર નિકળવું ગંભીર બની શકે છે. દિલ્હી પ્રદૂષણ નિયંત્રણ કમિટી (DPCC)નાં વાયુ પ્રદુષણ સૂચકાંક ડેટા મુજબ, દિલ્હીનાં આનંદ વિહાર, રોહિણી, દ્વારકામાં હવાની ગુણવત્તા ઘણી ખરાબ સ્તરે પહોંચી ચૂકી છે. વધતા પ્રદૂષણને ધ્યાનમાં રાખીને દિલ્હીના પર્યાવરણ પ્રધાન ગોપાલ રાયે એન્ટિ-ક્રેકર અભિયાન શરૂ કર્યું હતું. તેમણે દિલ્હીની જનતાને પણ અપીલ કરી છે કે તેઓ ગ્રીન ફટાકડા વાપરો અને પ્રદૂષણ ફેલાવનારા ફટાકડાને નહીં બાળો. આ અભિયાનના ભાગરૂપે, તમામ એસડીએમ, પોલીસ અધિકારીઓ અને ડીપીસીસીની ૧૧ ટીમોને સુચના આપવામાં આવી છે કે, દિલ્હીમાં પ્રદૂષણ ફેલાવતા ફટાકડા ફોડવામાં ન આવે. ત્યારે અગાઉ દિલ્હીની રાજ્ય સરકારે મોટરકારો પર એકી બેકી સંખ્યા નું નિયંત્રણ રાખ્યું હતું હવે ફરીથી વાતાવરણમાં પ્રાણવાયુનો ઘટાડો અને કાર્બન ડાયોક્સાઈડ મોનોક્સાઈડ ના વધારાને લઈને પરિસ્થિતિ વધતી જાય છે ત્યારે આજે સુપ્રીમ કોર્ટે આ અંગે સ્પષ્ટતા કરી છે કે વાયુ પ્રદુષણ માટે માત્રપરાળ સળગાવતા ખેડૂતોને દોષિત ન ગણી શકાય, આ માટે તમામ ની જવાબદારી બને છે રાજધાનીમાં વાયુ પ્રદૂષણ હવે શ્વાસ લેવા માટે પણ જોખમી પરિસ્થિતિ ઊભી કરનારું બન્યું છે સુપ્રીમ કોર્ટે સરકારને જનહિતમાં તાત્કાલિક ધોરણે નિર્ણય કરીને જરૂર પડે લોકોને સુરક્ષિત રાખવા માટે લોક ડાઉન ની હિમાયત કરી છે આ લોક ડાઉનબીમારી સામે નહીં પરંતુ પર્યાવરણના પ્રદૂષણ સામે લગાવવામાં આવશે.

આ તો માત્ર દિલ્હીની વાત થઈ અન્ય બીજા મોટા શહેરોની પણ હાલત પ્રદુષણ બાબતે ચિંતાજનક છે. શહેરોમાં વધતા જતા વાહનોના ધુમાડા અને કારખાનાઓનો ધુમાડો વાતાવરણને પ્રદુષિત કરી રહ્યો છે. એ માટે આપણે જાગૃત નહીં બનીએ તો એના માઠા પરિણામો ભોગવવા પડશે. આપણે વધુ વૃક્ષ પણ લગાડવા પડશે. ચાલો આપણે આજથીજ પરિ આવરણ પ્રત્યે જાગૃત બનીએ અને આપણા ગામ, શહેરોને પ્રદૂશણ ના ઝેરથી બચાવીએ.

**ન્યૂઝ બ્રિફ**

## સેન્સેક્સમાં ૬૩૫ અને નિફ્ટીમાં ૧૯૦ પોઈન્ટનો ઊછાળો જોવાયો

। મુંબઈ, તા.૨૭ ।

આજે સપ્તાહના છેલ્લા દિવસે માર્કેટમાં રોનક જોવા મળી છે. છેલ્લા પાંચ દિવસથી માર્કેટ લાલ નિશાન સાથે બંધ થતું હતું, જો કે, આજે માર્કેટ લીલા નિશાન સાથે બંધ થવામાં સફળ રહ્યું છે. નવેમ્બર સિરીઝની માર્કેટમાં શાનદાર શરૂઆત થઈ હતી. ૬ દિવસના ઘટાડા બાદ બજાર ઉછાળા સાથે બંધ થયું. બીએસઈના તમામ સેક્ટર ઈન્ડેક્સમાં ખરીદી થઈ હતી જ્યારે પીએસયુ બેંકોને લગતા શેરોમાં સારો ઉછાળો જોવા મળ્યો હતો. રિયલ્ટી, એનર્જી અને ઓટો શેર્સમાં ખરીદી રહી. પીએસઈ, આઈટી, ઈન્ફ્રા ઈન્ડેક્સ ઉછાળા સાથે બંધ થયા. મેટલ, બેંકિંગ અને એફએમસીજી શેર્સમાં ખરીદી હતી. ટ્રેડિંગના અંતે સેન્સેક્સ ૬૩૪.૬૫ પોઈન્ટ્સ અથવા ૧.૦૧ ટકાના વધારા સાથે ૬૩,૭૮૨.૮૦ પર બંધ થયો હતો. જ્યારે નિફ્ટી ૧૯૦.૦૦ પોઈન્ટ અથવા ૧.૦૧ ટકાના વધારા સાથે ૧૯૦૪૭.૨૫ ના સ્તર પર બંધ થયો હતો. ભારતીય શેરબજારે સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ દિવસે શાનદાર વાપસી કરી છે. છ દિવસના સતત ઘટાડા પછી, શુક્રવાર, ઓક્ટોબર ૨૭, ૨૦૨૩ ના રોજ બજાર અદભૂત ઉછાળા સાથે બંધ થયું.

બેન્કિંગ અને આઈટી શેરોમાં ભારે ખરીદી જોવા મળી રહી છે, જ્યારે અગાઉના દિવસોમાં ભારે ઘટાડા બાદ મિડ કેપ અને સ્મોલ કેપ શેરોમાં ભારે રોકાણકારોએ ભારે ખરીદી કરી હતી. આજના કારોબારના અંતે બીએસઈસેન્સેક્સ ૬૩૪ પોઈન્ટના ઉછાળા સાથે ૬૩,૭૮૨ પોઈન્ટની સપાટીએ બંધ રહ્યો હતો જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૧૯૦ પોઈન્ટના ઉછાળા સાથે ૧૯,૦૦૦ પોઈન્ટના ઉછાળા સાથે ૧૦,૦૪૭ પોઈન્ટની સપાટીએ બંધ રહ્યો હતો. બજારમાં આજે તમામ સેક્ટરના સૂચકાંકો લીલા નિશાનમાં બંધ થયા છે. આજના કારોબારમાં બેન્કિંગ શેરોમાં જોરદાર ખરીદારી જોવા મળી હતી, જેણે બજારને મોટો ટેકો આપ્યો છે. મિફ્ટી બેન્ક ૫૦૧ પોઈન્ટ અથવા ૧.૧૯ ટકાના ઉછાળા સાથે ૪૨,૭૮૨ પોઈન્ટ પર બંધ થયો હતો. એફએમસીજી શેરોમાં ખરીદીને કારણે નિફ્ટી આઈટી ૧.૨૪ ટકા, નિફ્ટી ઓટો ૧.૩૫ ટકા, નિફ્ટી એફએમસીજી ૦.૮૯ ટકાના વધારા સાથે બંધ રહ્યો હતો.

# પાંચમી નવેમ્બરે વિરાટ વન-ડેમાં ૫૦ સદી પૂરી કરી શકે છે : ગાવસ્કર

### ટીમ ઈન્ડિયા ૨૯મી ઓક્ટોબરના ઈંગ્લેન્ડ, બીજી નવેમ્બરે શ્રીલંકા, ૫ નવેમ્બરે વિરાટના જન્મદીને દ.આફ્રિકા સામે મેચ

। નવી દિલ્હી, તા.૨૭ ।

વર્લ્ડકપ ૨૦૨૩ની તમામ મેચમાં ટીમ ઈન્ડિયા એકદમ ફોર્મમાં છે અને એમાં પણ વિરાટ કોહલીની વાત કરીએ તો તે એકદમ શાનદાર ફોર્મમાં ચાલી રહ્યો છે. દરમિયાન વિરાટના ફેન્સ હવે સેન્ચ્યુરીની હાફ સેન્ચ્યુરી ફટકારતા જોવા માગે છે. કિંગ કોહલી વન-ડે ઈન્ટરનેશનલમાં આ મોટી ઉપલબ્ધિને હાંસલ કરવાથી માત્ર ૨ જ સદી દૂર છે. કોહલી એક સદી ફટકારતાંની સાથે જ સચિન તેન્ડુલકરની ૪૯ સદીની બરાબરી કરી લેશે.





અત્રે ઉલ્લેખનીય છે કે આ વર્લ્ડકપમાં જ કોહલીએ બાંગ્લાદેશ વિરૂદ્ધ પોતાની ૪૮મી વન-ડે સદી ફટકારી હતી અને ત્યાર બાદ બીજી મેચમાં ન્યુઝીલેન્ડની સામેની મેચમાં ૯૫ રન બનાવીને આઉટ થઈ ગયો હતો. પરંતુ હવે ભારતના પૂર્વ ક્રિકેટર સુનીલ ગાવસ્કરે ભવિષ્યવાણી કરી દીધી છે કે કોહલીના બેટથી ૫૦મી સદી કઈ તારીખે નીકળશે.

ટીમ ઈન્ડિયા આગામી મેચ ૨૯મી ઓક્ટોબરના ઈંગ્લેન્ડ સામે અને ત્યાર બાદ બીજી નવેમ્બરના શ્રીલંકા સામે મેચ રમવાની છે. પરંતુ સુનીલ ગાવસ્કરનું એવું કહેવું છે કે, આ બંને મેચમાંથી કોઈ પણ એક મેચમાં સેન્ચ્યુરી ફટકારીને કોહલી ૪૯મી સેન્ચ્યુરી ફટકારીને સચિન તેન્ડુલકરના રેકોર્ડની બરાબરી કરી લેશે.

ત્યાર બાદ વિરાટ કોહલી ૫૦મી સદી તેના જ જન્મદિવસ પર એટલે કે ૫મી નવેમ્બરના રોજ ફટકારશે. અત્રે ઉલ્લેખનીય છે કે ૫મી નવેમ્બરના ટીમ ઈન્ડિયા દક્ષિણ આફ્રિકાની સામે ઈડન ગાર્ડન ખાતે રમશે. વર્લ્ડકપ ૨૦૨૩માં વિરાટ કોહલીના પર્ફોર્મન્સની વાત કરીએ તો તે સતત સારું પ્રદર્શન કરી રહ્યો છે. ભારત માટે પહેલી ૫ મેચોમાં તેની બેટિંગથી ૪ મેચમાં તો ૫૦ પ્લસનો સ્કોર કર્યો છે અને એમાં એક સેન્ચ્યુરીનો સમાવેશ પણ થાય છે. એવું કહેવાઈ રહ્યું છે કે કોહલીના ક્રિકેટ કરિયરનો કદાચ આ છેલ્લો વર્લ્ડકપ હોઈ શકે છે.

વર્લ્ડ કપ ૨૦૨૩ની પાંચ મેચોની ૫ ઈનિંગમાં વિરાટ કોહલીએ અત્યાર સુધીમાં ૧૧૮ની સરેરાશ અને ૯૦.૫૪ના સ્ટ્રાઈક રેટથી કુલ ૩૫૪ રન બનાવવામાં સફળતા હાંસિલ કરી છે. આ ટુર્નામેન્ટમાં અત્યાર સુધીમાં સૌથી વધુ રન કરવાના મામલે વિરાટ ક્વિંટન ડિકોક બાદ બીજા નંબરે આવે છે.

### એશિયન પેરા ગેમ્સ-૨૩માં ભારતની ગોલ્ડન દોડ જારી

# શટલર સુહાસ યથિરાજે દેશ માટે ૨૩મો સુવર્ણ ચંદ્રક જીત્યો

### ૨૦૦૭ના આઈએએસ અધિકારીએ મલેશિયાના અમીનને ત્રણ ગેમ સુધી લંબાવવામાં આવેલી લડાઈમાં હરાવીને વિજય મેળવ્યો

। હાંગઝોઉ, તા.૨૭ ।

એશિયન પેરા ગેમ્સ ૨૦૨૩માં ભારતની ગોલ્ડન દોડ શુક્રવારે પણ ચાલુ રહી અને શટલર સુહાસ યથિરાજે ચીનના હાંગઝોઉમાં દેશનો ૨૩મો સુવર્ણ ચંદ્રક જીત્યો. પેરાલિમ્પિક્સ મેડલ વિજેતા સુહાસ યથિરાજે પુરૂષોની એસએલ૪ ફાઈનલમાં એશિયન પેરા ગેમ્સ ચેમ્પિયનનો તાજ પહેરાવીને નોંધપાત્ર સીમાચિહ્ન હાંસલ કર્યું. એક રોમાંચક હરીફાઈમાં, ૨૦૦૭ના આઈએએસઅધિકારીએ મલેશિયાના અમીનને ત્રણ ગેમ સુધી લંબાવવામાં આવેલી સખત લડાઈમાં હરાવીને નોંધપાત્ર વિજય મેળવ્યો હતો. નોંધનીય રીતે, આ જીત સુહાસની તેના મલેશિયન પ્રતિસ્પર્ધી સામેની પ્રથમ જીત છે, કારણ કે તેણે અગાઉના બે મુકાબલામાં હારનો સામનો કરવો પડ્યો હતો. આજે અગાઉ, ભારતીય પેરા-શટલર તુલાસીમાથી મુરુગેસને ચાલી રહેલી પેરા ગેમ્સમાં મહિલા



એસયુ૫ કેટેગરીમાં સુવર્ણ ચંદ્રક મેળવીને નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી હતી. તેણીએ બેડમિન્ટન કોર્ટ પર તેના અસાધારણ કૌશલ્ય અને નિશ્ચયનું પ્રદર્શન કરીને ચીનની યાંગ ક્વિક્સિયા સામે ૨૧-૧૯, ૨૧-૧૯ના સ્કોરલાઈન સાથે વિજય મેળવ્યો હતો. અન્ય એક રોમાંચક પેરા-બેડમિન્ટન ફાઈનલમાં, પ્રમોદ ભગતે પુરુષોની એસએલ૩ કેટેગરીની નજીકની સ્પર્ધામાં દેશબંધુ નિતેશ કુમારને હરાવીને ભારતના સુવર્ણ ચંદ્રકની સંખ્યામાં ઉમેરો કર્યો. ભગતનો વિજય ૨૨-૨૦, ૧૮-૨૧, ૨૧-૧૯ના સ્કોર સાથે થયો હતો, જે રમતમાં તેના પરાક્રમ અને સ્થિતિસ્થાપકતાનું પ્રદર્શન કરે છે. દરમિયાન, પેરા એથ્લેટ રમણ શર્માએ પુરૂષોની ૧૫૦૦ મીટર ટી૩૮ સ્પર્ધામાં ૪:૨૦.૮૦ મિનિટના પ્રભાવશાળી અંતિમ સમય સાથે સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કરીને નવો એશિયન અને ગેમ્સ રેકોર્ડ બનાવ્યો. ઉલ્લેખનીય છે કે, એશિયન પેરા ગેમ્સ ૨૦૨૩માં ભારતની ગોલ્ડન દોડ શુક્રવારે પણ ચાલુ રહી અને તીરંદાજ શીતલ દેવીએ રમતગમતની સ્પર્ધામાં તેણીનો ત્રીજો ગોલ્ડ મેડલ જીત્યો. તેણીએ મહિલાઓની વ્યક્તિગત કમ્પાઉન્ડ ઓપન ઈવેન્ટમાં ૧૪૪-૧૪૨ના સ્કોર સાથે સિંગાપોરની અલીમ નુર સ્યાહિદાહ પર વિજય મેળવ્યો, પેરા તીરંદાજીમાં પ્રબળ બળ તરીકે તેની સ્થિતિને વધુ મજબૂત બનાવી. ગુરુવારે, ભારતીય પેરા-એથ્લેટ્સે એશિયન પેરા ગેમ્સમાં તેમના અગાઉના રેકોર્ડને વટાવીને, ૨૦૨૩ ની આવૃત્તિમાં ૮૦ થી વધુ મેડલ મેળવીને ઐતિહાસિક સીમાચિહ્ન પ્રાપ્ત કર્યું.

### ભારતમાંથી થયેલી તમામ અરજી પ્રોસેસ નહીં થાય

# ભારતમાંથી થયેલી માત્ર અડધી અરજીઓ જ કેનેડા પ્રોસેસ કરી શકશે

### ૨૦૨૪ની શરૂઆત થશે ત્યારે ભારતીયોની ૧૭,૫૦૦ જેટલી પેન્ડિંગ વિઝા અરજીઓનો બેકલોગ હશે

। ટોરેન્ટો, તા.૨૭ ।

કેનડાના વિઝા માટે ભારતમાંથી જે અરજીઓ કરવામાં આવી છે તેમાંથી બધી અરજીઓ ચાલુ વર્ષમાં પ્રોસેસ નહીં થાય. કેનેડાએ કહ્યું છે કે વર્ષ ૨૦૨૩માં તે ભારતમાંથી થયેલી માત્ર અડધી અરજીઓને જ પ્રોસેસ કરી શકશે. ભારતે કેનેડાને પોતાનો ડિપ્લોમેટિક સ્ટાફ ઘટાડવા કહ્યું તેના કારણે વિઝાની કામગીરી પણ ધીમી પડી જશે. હાલમાં કેનેડા પાસે વિઝાની ૩૮,૦૦૦ અરજીઓ પેન્ડિંગ છે, પરંતુ કેનેડાના ડિપ્લોમેટની સંખ્યા ઓછી થવાના કારણે ચાલુ વર્ષમાં માત્ર ૨૦,૦૦૦ વિઝા અરજીઓ પ્રોસેસ થવાની શક્યતા છે.

એટલે કે વર્ષ ૨૦૨૪ની શરૂઆત થશે ત્યારે ભારતીયોની ૧૭,૫૦૦ જેટલી પેન્ડિંગ વિઝા અરજીઓનો બેકલોગ હશે. ભારતની સૂચનાના પગલે કેનેડાએ પોતાના ૪૧ ડિપ્લોમેટને અન્યત્ર ખસેડી લીધા છે. જેના કારણે



વિઝાની કામગીરીને અસર થશે. હવે ભારતમાં કેનેડાનો ડિપ્લોમેટિક સ્ટાફ છે તે બહુ જરૂરી કામને જ પ્રાથમિકતા આપશે. તે મોટા ભાગે અર્જન્ટ પ્રોસેસિંગ, વિઝા પ્રિન્ટિંગ, રિસ્ક એસેસમેન્ટ અને વિઝા એપ્લિકેશન સેન્ટર, પેનલ ફિઝિશિયન, ઈમિગ્રેશન મેડિકલ એક્ઝામ ક્લિનિક્સ વગેરેની કામગીરી જોશે.

કેનેડાના વિઝાની પ્રોસેસ નોર્મલ થતા હજુ બેથી ત્રણ મહિના લાગવાની શક્યતા છે. એટલે કે વર્ષ ૨૦૨૪ની શરૂઆતમાં ૫ હેલાની જેમ કામગીરી થાય તેવી સંભાવના છે. જે ડિપ્લોમેટિક સ્ટાફને ભારતમાંથી કેનેડા અથવા ફિલિપાઈન્સ ખસેડવામાં આવ્યો છે તે પોતાની કામગીરી શરૂ કરે તેની રાહ જોવાય છે.

કેનેડાએ પોતાના ડિપ્લોમેટને અન્ય દેશોમાં ખસેડ્યા તેના કારણે બેંગલુરુ, ચંદીગઢ અને મુંબઈમાં વિઝા અને ઈન-પર્સન કોન્સ્યુલર સર્વિસ સસ્પેન્ડ કરી દેવામાં આવી હતી. આ સુવિધા હવે માત્ર નવી દિલ્હી ખાતે કેનેડિયન હાઈ કમિશનમાં ઉપલબ્ધ રહેશે.

કેનેડાનો ઈમિગ્રેસશ વિભાગ ચોક્કસ સર્વિસ સ્ટાન્ડર્ડમાં ૮૦ ટકા જેટલી અરજીઓને પ્રોસેસ કરવાનો લક્ષ્ય રાખે છે જેનો આધાર એપ્લિકેશનના પ્રકાર પર રહેલો છે. પરંતુ જ્યારે આ અરજીનો સમયસર નિકાલ ન થાય ત્યારે તેને બેકલોગ ગણવામાં આવે છે. ઉદાહરણ તરીકે સ્ટુડન્ટ વિઝાની અરરજી ૬૦ દિવસમાં પ્રોસેસ ન થાય અથવા ફેમિલી ક્લાસ સ્પોન્સરશિપ એપ્લિકેશન ૧૨ મહિનામાં પ્રોસેસ ન થાય ત્યારે તે બેકલોગમાં જાય છે.

### ગાઝામાં ઘૂસી ઇઝરાયલી સેના

# ૨૧ દિવસનાં યુદ્ધ પછી ૮૫૦૦ લોકોનાં મોતથી હાહાકાર

### હોસ્પિટલ પર રોકેટ હુમલામાં ૫૦૦ લોકોના મોત થયા બાદ પેલેસ્ટાઈન સ્થિત આતંકવાદી જૂથ હમાસ વિરુદ્ધ ઈઝરાયલની કાર્યવાહી શંકાના ઘેરામાં આવી ગઈ હતી

। નવી દિલ્હી, તા.૨૭ ।

હમાસ અને ઈઝરાયલ વચ્ચે યુદ્ધની સ્થિતિ શાંત થવાનું નામ નથી લઈ રહી. તેનાથી ઉલટું બંને દેશો વચ્ચે તણાવ સતત વધી રહ્યો છે. આ ઘટનાએ ફરી વિશ્વને બે ભાગમાં વિભાજીત કરી દીધું છે. ઈઝરાયેલ અને ગાઝા વચ્ચે સતત ૨૧ દિવસ સુધી યુદ્ધ ચાલુ છે. આ યુદ્ધમાં બંને તરફથી અત્યાર સુધીમાં કુલ ૮૫૦૦થી વધુ લોકોના મોત થયા છે. ગાઝાના હમાસ-નિયંત્રિત આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, ઈઝરાયેલે વારંવાર હવાઈ હુમલાઓ સાથે પ્રતિક્રિયા આપી છે, જેમાં ત્યાંનાં ૭,૦૦૦ થી વધુ લોકો માર્યા ગયા છે. જો સરહદ નજીક તૈનાત ઈઝરાયેલી દળો આક્રમક હુમલો કરે તો મૃત્યુઆંક નોંધપાત્ર રીતે વધવાની ધારણા છે.

ગુરુવારે ઈઝરાયેલની સેનાએ ગાઝામાં ૨૫૦ સ્થળો પર હુમલો કર્યો હતો. દરમિયાન, હમાસે એક નિવેદનમાં કહ્યું કે ઈઝરાયેલના હુમલાને કારણે ગાઝામાં માર્યા ગયેલા બંધકોની અંદાજિત સંખ્યા ૫૦ જેટલી છે. તમને જણાવી દઈએ કે હમાસ હુમલા દરમિયાન લગભગ ૨૨૪ લોકોને બંધક બનાવીને ગાઝા પટ્ટીમાં પોતાની સાથે લાવ્યા હતા. યુદ્ધના બારમા દિવસે ગાઝાની એક હોસ્પિટલ પર રોકેટ હુમલામાં ૫૦૦ લોકોના મોત થયા બાદ પેલેસ્ટાઈન સ્થિત આતંકવાદી જૂથ હમાસ વિરુદ્ધ ઈઝરાયલની કાર્યવાહી શંકાના ઘેરામાં આવી ગઈ હતી. હમાસે તરત જ કહ્યું હતું કે, ઈઝરાયલે હોસ્પિટલ પર હવાઈ હુમલા કર્યા હતા. જ્યારે ઈઝરાયલી



સૈન્યએ જણાવ્યું હતું કે, પેલેસ્ટાઈનના અન્ય સશસ્ત્ર જૂથ - ઈસ્લામિક જેહાદના આતંકવાદીઓએ ઈઝરાયલ સામે રોકેટ ચલાવ્યું હતું, જે મિસફાયર થતાં ગાઝાની હોસ્પિટલ પર પડ્યું જેમાં અસંખ્ય લોકોના મોત થયા હતા.

હમાસના નિયંત્રણ હેઠળના આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, ગાઝા પટ્ટીમાં મંગળવારે થયેલા હોસ્પિટલ હુમલા સામે ઈઝરાયલની જવાબી કાર્યવાહીમાં અને ૭ ઓક્ટોબરના હુમલા માટે ઓછામાં ઓછા ૩,૪૭૮ લોકો મર્યા હતા. જ્યારે ઈઝરાયેલે કહ્યું છે કે, ૭ ઓક્ટોબરના હુમલામાં હમાસના આતંકીઓએ તેના લગભગ ૧૪૦૦ નાગરિકોને મોતને ઘાટ ઉતારી દીધા હતા. વિશ્વભરના નેતાઓએ આ દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક્સ પર એક પોસ્ટમાં લખ્યું, 'ગાઝાની અલ અહલી હોસ્પિટલમાં લોકોના દર્દનાક મોતથી ખૂબ દુખી છું. પીડિતોના પરિવારજનોને મારી હાર્દિક સહાનુભૂતિ અને ઈજાગ્રસ્તો ઝડપથી સ્વસ્થ થાય એવી પ્રાર્થના. ચાલુ સંઘર્ષમાં નાગરિકોની જાનહાનિનું નુકશાન ચિંતાનો વિષય છે.' આ દરમિયાન અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડન બુધવારે વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂનું સમર્થન કરવા માટે ઈઝરાયલ પહોંચ્યા હતા. ગાઝા સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું કે, હોસ્પિટલ પર રોકેટ હુમલો થવાથી ઓછામાં ઓછા ૫૦૦ લોકોના મોત થયા છે અને ૩૦૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડને ઈઝરાયલના લોકોને અત્યાર સુધીનો સૌથી ભયંકર હુમલો સહન કર્યા બાદ ગુસ્સામાં આંધળા ન થવાની અપીલ કરતા કહ્યું છે કે, અમેરિકાએ ૧૧ સપ્ટેમ્બર પછી ભૂલો કરી છે. ઈઝરાયેલે તેનું પુનરાવર્તન ન કરવું જોઈએ. બુધવારે તેલ અવીવમાં પોતાના સંબોધનમાં જો બાઈડને કહ્યું હતું કે, તેઓ શાંતિની શોધમાં ટૂ-સ્ટેટ સમાધાનનું સમર્થન કરે છે. "બધા પેલેસ્ટીનીઓ હમાસ નથી હોતા. ગાઝા હોસ્પિટલમાં થયેલા બ્લાસ્ટ બાદ સીરિયા, ઈજિપ્ત, ઈરાન, જોર્ડન, લેબેનોન અને મૌરિટાનિયા એવા દેશોમાં સામેલ છે, જેમણે પોતાના દેશમાં રાષ્ટ્રીય શોકની જાહેરાત કરી છે. બુધવારે બાઈડન વહીવટીતંત્રએ ઈરાનના બેલિસ્ટિક મિસાઈલ અને ડ્રોન પ્રોગ્રામને નિશાન બનાવતા નવા પ્રતિબંધોની જાહેરાત કરી હતી, જેનો હેતુ ઈઝરાયલ અને અખાતમાં સાથીઓ માટે તેહરાનના ખતરા તેમજ યુક્રેનમાં શસ્ત્રોની "વિનાશક" અસરનો સામનો કરવાનો છે. અમેરિકાના વિદેશ મંત્રી એન્ટોની બ્લિંકેને આ અંગે માહિતી આપી હતી.

### અવતારસિંહ સોઢી ૨૦૦૬થી કેનેડામાં રહે છે

# ઈમિગ્રેશન ફ્રોડમાં કસૂરવાર NRIને કેનેડામાં ૨૦ હજાર ડોલરનો દંડ

### અવતારસિંહ સોઢીને કેનેડિયન ઈમિગ્રેશન એન્ડ રેફ્યુજી પ્રોટેક્શન એક્ટ હેઠળ કસૂરવાર ઠેરવવામાં આવ્યો

। ટોરેન્ટો, તા.૨૭ ।

કેનેડામાં રહેતા ૪૧ વર્ષીય એનઆરઆઈને ઈમિગ્રેશન ફ્રોડમાં કસૂરવાર ઠેરવીને કોર્ટ દ્વારા ૨૦ હજાર કેનેડિયન ડોલરનો દંડ ફટકારવામાં આવ્યો છે. અવતારસિંહ સોઢી નામનો આ વ્યક્તિ ૨૦૦૬થી કેનેડામાં પોતાના પરિવાર સાથે રહે છે. સીબીસી ન્યૂઝના એક રિપોર્ટ અનુસાર, સોઢીને કેનેડિયન ઈમિગ્રેશન એન્ડ રેફ્યુજી પ્રોટેક્શન એક્ટ હેઠળ કસૂરવાર ઠેરવવામાં આવ્યો હતો. તેના પર કેનેડા આવતા લોકોને મેનિટોબા પ્રોવિન્સમાં ડોક્યુમેન્ટ્સમાં ગોલમાલ કરીને વર્ક પરમિટ અપાવવાનો આરોપ હતો. સોઢીએ એલએમઆઈએલેટર પર એક ભારતીય મહિલાને કેનેડા બોલાવી હતી, તેણે ઈમિગ્રેશન ડિપાર્ટમેન્ટમાં એવું જણાવ્યું હતું કે આ મહિલા તેના ઘરે આયા તરીકે કામ કરે છે, પરંતુ તપાસ દરમિયાન એવું બહાર આવ્યું હતું કે ખરેખર તો આ મહિલા સોઢીના ઘરે કામ કરતી જ નહોતી. તેને માત્ર કેનેડા બોલાવવા માટે સોઢીએ એલએમઆઈએલેટરનો ઉપયોગ કર્યો હતો. એલએમઆઈએલેટર વિદેશી વર્કરને કેનેડા બોલાવવા માટે ઈશ્યૂ કરાય છે, જે જોબ માટે કેનેડામાં એમ્પ્લોયરને માણસ ના મળતા હોય તે એલએમઆઈએલેટર દ્વારા વિદેશથી કોઈ વ્યક્તિને પોતાને ત્યાં કામ કરવા બોલાવી શકે છે. જોકે, સોઢીએ તેનો દુરુપયોગ ભારતીય મહિલાને કેનેડા બોલવવા માટે કર્યો હતો. અવતારસિંહ સોઢીએ ભારતથી આવેલી મહિલા પોતાને ત્યાં કામ કરે છે તેવું ઓન પેપર બતાવવા માટે તેના અકાઉન્ટમાં સેલેરી પણ જમા કરાવી હતી, પરંતુ હકીકત એ હતી કે આ મહિલા સોઢીને ત્યાં આયા તરીકે કામ કરવાને બદલે બીજી કોઈ જગ્યાએ ઈલીગલી જોબ કરતી હતી. એટલું જ નહીં, અમુક સમય બાદ આ મહિલાને કેનેડાના પીઆર અપાવવા માટે સોઢીએ કેટલાક ડોક્યુમેન્ટ્સ પણ આપ્યા હતા. આ ગુનામાં સોઢી કસૂરવાર સાબિત થતાં તેને ઈમિગ્રેશન વિભાગે ૨૦ હજાર ડોલરનો દંડ કર્યો હતો, જે ભરવાની આરોપીએ તૈયારી બતાવતા કોર્ટે પણ તેના પર સહમતિ વ્યક્ત કરી હતી. કેનેડિયન ઈમિગ્રેશન લૉ અનુસાર, આ પ્રકારના ગુનામાં કસૂરવાર ઠરનારા વ્યક્તિને ૫૦ હજાર ડોલર સુધીનો દંડ તેમજ બે વર્ષની જેલની સજા થઈ શકે છે. જોકે, સોઢીએ પોતાનો ગુનો કબૂલી લઈ દંડ ભરવાની તૈયારી બતાવતા તેને ૨૦ હજાર કેનેડિયન ડોલરનો દંડ ફટકારવામાં આવ્યો હતો. કેનેડામાં એલએમઆઈ એલેટરનો દુરુપયોગ કરીને ત્યાં સેટલ થઈ ગયેલા તેમજ સિટીઝન બની ગયેલા ઘણા ભારતીયો મોટી કમાણી પણ કરે છે. ભારતીય એમ્પ્લોયર્સ એલએમઆઈએલેટર ઈશ્યૂ કરીને જે લોકોને ઈન્ડિયાથી કેનેડા બોલાવે છે તેમની પાસેથી ૧૫થી ૨૦ લાખ રૂપિયા જેટલી રકમ પડાવે છે. આવા લોકો જો બીજે કામ કરે તો પણ તેમના અકાઉન્ટમાં તેમને એલએમઆઈએલેટર ઈશ્યૂ કરનારા લોકો સેલેરીના નામે અમુક રકમ જમા કરાવે છે, અને પછી અમુક ચાર્જ સાથે તે રકમ કેશમાં તે વ્યક્તિ પાસેથી લઈ લે છે. એટલું જ નહીં, એલએમઆઈએલેટરના આધારે કેનેડાના વર્ક વિઝા મેળવતા લોકોને ત્યાં જઈને શોષણના ભોગ પણ બનવું પડે છે. લેટર પર તો એમ્પલોયરે અઠવાડિયાના પાંચ દિવસ અને કુલ ૪૦ કલાકની જોબ છે તેવું લખેલું હોય છે, પરંતુ કેનેડા ગયા બાદ આવા લોકોને દિવસની ૧૦થી ૧૨ કલાક જોબ કરવી પડે છે અને તેમને કોઈ રજા પણ નથી મળતી. કેનેડામાં ભણતા સ્ટૂડન્ટ્સને પણ એજ્યુકેશન પૂરૂં થયા બાદ આગળ જતાં જો પીઆર લઈ સિટીઝન બનવું હોય તો તેમને કેનેડામાં કામ કરવાનો અનુભવ બતાવવો પડે છે. જોકે, એક્સપિરિયન્સ લેટર માટે પણ ઘણા લોકો તગડો ચાર્જ વસૂલ કરે છે. કેટલાક ગુજરાતી સ્ટૂડન્ટ્સનું માનીએ તો ભણ્યા બાદ મળતી વર્ક પરમિટ પર કામ કર્યા પછી તેમને પીઆરની ફાઈલ મૂકવાની આવે ત્યારે તેમાં એક્સપિરિયન્સ બતાવવા માટે જે ડોક્યુમેન્ટ્સ જરૂરી હોય છે તેના માટે તેમને હજારો કેનેડિયન ડોલર ચૂકવવા પડે છે.

## તંત્રી લેખ...

# જ્યારે સેલ્સમાં મંદી દેખાવવા લાગે

આજે મોટા ભાગના ક્ષેત્રમાં મંદી જોવા મળે છે. કોઈને કોઈ ક્ષેત્રમાં મંદીને જોઈ શકાય છે. કોઈ પણ કારોબારમાં મંદી આવવા માટેના અનેક કારણો હોય છે. આવી સ્થિતીમાં હિમ્મત સાથે આગળ વધવાની જરૂર રહે છે. જ્યારે સેલ્સ સાથે જોડાયેલા કારોબારમાં મંદી આવવા લાગે ત્યારે શુ કરવુ જોઈએ તેને લઈને હાલમાં જુદા જુદા નિષ્ણાંતોના અભિપ્રાય સપાટી પર આવ્યા છે. આજે આપણે કોઈ પણ ફિલ્ડ પર નજર કરીએ તો મંદીની માર તેને કોઈને કોઈ સમય ચોક્કસપણે ઝેલવી પડી છે તે બાબત ઉભરીને સપાટી પર આવે છે. સેલ્સમાં મંદી આવવાની બાબત ચોક્કસપણે નિરાશાજનક છે. કારણ કે તે કોઈની આજીવિકાના સાધન તરીકે હોય છે. જેથી મોટી સમસ્તા સર્જાઈ જાય છે. જો સેલ્સ થશે નહીં તો પૈસા પણ આવશે નહી. પરંતુ મંદીના સંબંધમાં સૌથી સારી બાબત એ છે કે તે સ્થાયી હોતી નથી. જો મંદીના ગાળામાં થોડાક પણ પ્રયાસ કરવામાં આવે તો સફળતા હાંસલ કરી શકાય છે. મંદીના ગાળામાં થોડીક વધારે મહેનત કરવામાં આવે તો આ નિરાશાજનક દૌરમાંથી બહાર નિકળી શકાય છે. ત્યારબાદ પોતાની સેલ્સને નવી ઉંચાઈ પર લઈ જવામાં સફળતા હાંસલ કરી શકાય છે. સામાન્ય રીતે મંદીથી લોકો નિરાશ થઈ જાય છે. સાથે સાથે મોટિવેશન પણ ખતમ થવા લાગી જાય છે. યાદ રાખવા જેવી બાબત એ છે કે સફળતા માઈન્ડ સેટની વાત છે. જો દિમાદ યોગ્ય જગ્યાએ અને ધ્યાન કેન્દ્રિત કરી શકાશે નહીં તો કોઈ પણ ક્ષેત્રમાં સફળતા મળી શકે તેમ નથી. જેથી સેલ્સમાં કમી આવી જાય તો પણ એક સેલ્સ પર્સન તરીકે પોતાના ઉદ્ધેશ્ય પર ધ્યાન કેન્દ્રિત કરીને આગળ વધી શકાય છે. સફળતા ન મળે તો પણ ફોકસ્ડ રહેવાની વાત સૌથી મહત્વપૂર્ણ હોય છે. મંદીના ગાળા દરમિયાન ધ્યાન કેન્દ્રિત કરીને રહેવામાં આવે તે સૌથી ઉપયોગી બાબત હોય છે. જેથી રચનાત્મક અને સકારાત્મક રહેવાની જરૂર હોય છે. જ્યારે પણ સેલ્સ ડાઉન થવા લાગી જાય છે ત્યારે અથવા તો જ્યારે પણ મંદી છવાઈ જાય છે ત્યારે આપણા મનમાં કેટલાક પ્રકારની વાત આવવા લાગી જાય છે. એ વખતે એવા વિચાર આવે છે કે હાલમાં આ કામને બંધ કરી દેવાની જરૂર છે અને થોડોક સમય નિકળવા દેવાની જરૂર છે. પરંતુ આ પ્રકારની વિચારણા ક્યારેય કરવી જોઈએ નહી. કારણ કે જે ચીજો ચાલુ છે તે બંધ કરી દઈશુ તો સ્થિતી વધારે ખરાબ થતી જશે. અને વાપસી કરવાની બાબત ક્યારેય શક્ય બનશે નહી. જે ચીજ સેલ્સને વધારે છે તે ચીજો સતત કરતા રહેવાની જરૂર છે. માત્ર આગળ વધવાના મક્કમ ઈરાદા રાખવાની જરૂર હોય છે. મદદની તલાશ પણ કરી શકાય છે. જો તમે ખરેખર સંઘર્ષ કરી રહ્યા છો તો પરિવારના બીજા સભ્યોની અથવા તો અન્ય કોઈની પાસેથી મદદ લેવાની જરૂર છે. યોગ્ય લોકોની મદદ લેવાની સાથે સાથે તેમની સલાહ પણ ઉપયોગી સાબિત થાય છે. બીજી બાજુ જ્યારે તમે કોઈ બિઝનેસ શરૂ કરવાની તૈયારી કરી રહ્યા છો ત્યારે તેના માટે ખુબ વધારે સવાલ પુછતા રહેવાની જરૂર હોય છે.

# ઓનલાઇન કારોબાર બદલાઇ ગયો છે

દેશમાં ઓનલાઈન શોપિગ કારોબાર બદલાઈ રહ્યો છે. સરકારે ઈ-કોમર્સ કંપનીઓ પર જે નવા નિયમો લાગુ કરવામાં આવ્યા છે ત્યારબાદ એક્સક્લિસિવ ડીલ, કેશબેક અને બંપર ડિસકાઉન્ટ જેવી ચીજો ખતમ થઈ રહી છે. સરકારે ઈ કોમર્સ સેક્ટર માટે પ્રત્યક્ષ વિદેશી રોકાણની નીતિ હવે બદલાઈ ગઈછે. જેના પરિણામ સ્વરૂપે એમેઝોન અને ફ્લીપકાર્ટ જેવી મોટી અને મહાકાય કંપનીઓને મોટો ફટકો પડી ગયો છે. સ્થાનિક કારોબારીઓનો ગુસ્સો શાંત કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. કંપનીઓના કામ કરવાના તરીકાને લઈને નારાજગી પ્રવર્તી રહી છે. પોલીસીમાં કેટલાક નવા નિયમો ઉમેરી દેવામા આવ્યા છે. જે મુજબ ઈ-કોમર્સ પ્લેટફોર્મ સાથે જોડાયેલી કોઈ પણ યુનિટ ચીજવસ્તુન ખરીદી કરી શકે નહી. આની સાથે સાથે કોઈ ઈકોમર્સ સાઈટ પર કોઈ વેન્ડર કેટલી ચીજો વેચી શકે છે તે બાબત પઁણ નક્કી કરવામાં આવી છે. કેશબેક અને એક્સક્લુસિવ સેલ પર પ્રતિબંધ મુકવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આના કારણે ઈકોમર્સ સેક્ટરની કંપનીઓને પોતાના બિઝનેસ મોડલમાં ફેરફાર કરવાની ફરજ પડી શકે છે. સરકારના નવા નિયમ મુજબ કોઈ કોમર્સ પ્લેટફોર્મ કોઈ સપ્લાયરને ખાસ રાહત આપી શકશે નહીં. આ સુધારા કરવામાં આવ્યા બાદ કેશબેક, એક્સક્લુસિવ સેલ અથવા તો કોઈ પોર્ટલ પર એક બ્રાન્ડના લોંચ , એમેઝોન પ્રાઈમ અને ફલીપકાર્ટ જેવી ડીલ્સ અથવા તો કોઈ ખાસ સેવા આપવામાં પરેશાની થાય નહીં. નવા નિયમોનો હેતુ આ પ્લેટફોર્મને કોઈ પણ પ્રકારના પક્ષપાતથી બચાવી લેવાનો રહેલો છે. ક્લાઉડટેલને એમેઝોન અને રિટેલને ફ્લિપકાર્ટ સાથે જોડીને જોવામાં આવે છે. જો કે નવા નિયમોના કારણે સંબંધિત પ્લેટફોર્મપર ચીજ વસ્તુઓ વેચી શકાશે નહીં. ફલીપકાર્ટન નવ માલિકી વોલમાર્ટ પોતે ઈ-કોમર્સ પ્લેટફોર્મમાં ચીજવસ્તુઓ વેચી શકશે નહીં. નીતિ ફેરફાર પર એક મોટા સરકારી અધિકારીએ માહિત આપતા કહ્યુ છે કે વર્ષ ૨૦૧૬ની પ્રેસ નોટમાં જ્યારે વાત કરવામાં આવી હતી તેને સારી રીતે અમલી કરવા માટે આ પગલુ લેવામાં આવી રહ્યુ છે. આમાં કહેવામાં આવ્યુ હતુ કે ઈ-કોમર્સ પ્લેટફોર્મની કિંમતો પર પ્રત્યક્ષ અથવા તો પરોક્ષ રતે અસર કરી શકાય નહીં. દબાણ પણ લાવી શકાય નહી. અધિકારીઓ કહે છે કે ઈ-કોમર્સ પ્લેટફોર્મની સહયોગી યુનિટો તરફથી હાલમાં સતત ફરિયાદો મળી રહી હતી. નવા ફેરફાર કરવામા આવ્યા બાદ હવે નવી વ્યવસ્થા અમલી બની રહી છે. જેના ભાગરૂપે હવે ગ્રાહકોને પહેલાની જેમ ઈ-કોમર્સ સાઈટ્સ પર પૂર્ણ ડિસ્કાઉન્ટ મળી શકશે નહીં. આના કારણે ફિજિકલ સ્ટોર્સને ફાયદો થઈ શકે છે. જેના બિઝનેસમાં ઈ-કોમર્સ કંપનીઓએ મોટી ભેંટ કરી છે. વેપારી સમુદાયના લોકો સતત ફરિયાદ કરી રહ્યા હતા કે ઈ-કોમર્સ કંપનીઓ તેમના પ્લેટફોર્મ પર ચીજવસ્તુઓનુ વેચાણ કરીને માર્કેટને નુકસાન કરી રહી હતી. વેપારીઓના કહેવા મુજબ તે પ્રત્યક્ષ વિદેશી રોકાણના નિયમોની વિરુદ્ધમાં હતા. જેમાં બિઝનેસ ટુ કન્ઝ્યુમર ઈ-કોમર્સમાં આવા રોકાણ પર પ્રતિબંધ છે. પહેલી ફેબ્રુઆરી ૨૦૧૯ના દિવસથી નવા નિયમો અમલી બની રહ્યા છે.ય જો કે બિઝનેસ ટુ બિઝનેસ ઈ-કોમર્સમાં સરકારે ૧૦૦ ટકા એફડીઆઈને મંજુરી આપી દીધી છે. ઈ-કોમર્સ નીતિમાં ફેરફાર માટેની માહિતી આપવામાં આવ્યા બાદથી આર્થિક નિષ્ણાંતોમાં આને લઈને ભારે ચર્ચા જોવા મળી રહી છે.

# ચાંદો ઊગ્યો ચોકમાં સખી, શરદપૂર્ણિમાનું સાચું મહાત્મ્ય જાણી એને ઉજવીએ



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે ઈશ્વર.

આજે આસો સુદ પૂનમ એટલે કે શરદ પૂર્ણિમાનો દિવસ. ભારતીય સંસ્કૃતિમાં જેમ સૂર્યનું મહત્વ છે, એ જ રીતે ચંદ્રનું પણ ખૂબ મહત્વ છે, અને આપણે ત્યાં વિવિધ પૂનમો વિવિધ રીતે તેના મહાત્મ્ય સાથે ઉજવવામાં આવે છે, કારતક સુદ પૂનમને દેવ દિવાળીના તહેવાર તરીકે ઉજવવામાં આવે છે, પોષ મહિનાની પૂનમ પોષી પૂનમ તરીકે જાણીતી છે, એ દિવસે ગીરનારની અંબાનો પ્રાકટ્ય દિવસ છે. ફાગણ સુદ પૂનમ એટલે કે હોળી ના તહેવાર તરીકે ઉજવાય છે. ચૈત્ર સુદ પૂનમને હનુમાન જયંતિના તહેવાર તરીકે ઉજવવામાં આવે છે. એ જ રીતે વડ સાવિત્રી, ગુરુ પૂર્ણિમા, રક્ષાબંધન વગેરે તહેવારો પણ પૂનમ અંતર્ગત ઉજવવામાં આવે છે. પરંતુ શરદ પૂનમની રાતને વિશેષ મહત્વ આપવામાં આવે છે, અને ખાસ કરીને આ દિવસે ભગવાન શ્રીકૃષ્ણ અને રાધાજી ના મહારાસના આપણા આદ્ય કવિ નરસિંહ મહેતા ને દર્શન થયા હતા અને ત્યારથી રાસ રમવામાં આવે છે.

આ ઉપરાંત આ ઋતુ પ્રાકૃતિક રીતે પણ ખૂબજ ઉત્તમ માનવામાં આવે છે. શરદપૂર્ણિમાના તહેવારે લોકો શીતળ ચાંદની માણે તો ઘણા બધા રોગનું નિવારણ પણ થાય છે. શરદની શીતળ ચાંદનીમાં રાખેલા દૂધપાક કે ખીર ખાવાથી પિત્તનું શમન થાય છે, અને દીર્ઘાયુષ્ય પ્રાપ્ત થાય છે. આમ તો બધા જ પૂનમના દિવસે ચંદ્રમા પોતાના અજવાળા પૃથ્વી પર પાથરે છે, સૂર્ય અને ચંદ્રમા તફાવત એ છે કે સૂર્ય એકધારો હોય છે, જ્યારે ચંદ્ર તેની કળામાં વધઘટ કરીને પ્રકાશતો જોવા મળે છે, અને તેથી પૂનમનું વિશેષ મહત્વ હોય છે. કારણ કે પુનમને દિવસે સોળ કળાએ ખીલેલો ચંદ્ર જોવા મળે છે.

શરદપૂર્ણિમાની રાત્રે રાસ રમવાનું પણ એક વિશેષ કારણ આપણે ઉપર જોયું તેમ નરસૈયા એ જ્યારે ગોપનાથનાં ગોપીનાથ મહાદેવમાં ભગવાન આશુતોષ ધ્યાન ધર્યું, અને ખૂબ આકરી ત્રણ દિવસની તપશ્ચર્યા કરી ત્યારે ભગવાન પ્રસન્ન થયા, અને તેમણે નરસૈંયાને શ્રીકૃષ્ણ રચિત મહારાસના દર્શન કરાવ્યાં. મહારાસની આપણે ત્યાં એક પરિકલ્પના છે, કે વૃંદાવનમાં ગોપીઓ ને કાન રાધા સાથે જ રાસ રમે છે, એવી એક સૌથી મોટી ફરિયાદ હતી, અને ભગવાન કૃષ્ણ એક એક કાન્હને એક એક ગોપી એવો મહારાસ રમ્યા હતાં, એટલે કે દરેક ગોપી સાથે એક એક કાન્હ સ્વરૂપ રાસ રમતું હતું. આ દર્શન જોવા માટે દેવતાઓ પણ વિહ્વળ બનતાં. ભગવાન શંકર પણ ગોપી વેશ ધારણ કરી અને આ મહારાસ જોવા ગયા હતાં, કારણકે સ્ત્રી સિવાય કોઈ પણ પ્રવેશી શકે નહીં,અને કહેવાય છે કે નરસિંહ મહેતા આ મહારાસ જોવામાં એવા તલ્લીન થઈ ગયા કે, તેના હાથમાં પકડેલી મસાલાથી તેમનો હાથ પણ સળગી ગયો, છતાં એ તલ્લીનતા નો ભંગ ન થયો. એ દિવસથી નરસિંહના જીવનમાં રાધાકૃષ્ણના એ અમર પ્રેમની પરમ ભક્તિનું બીજ અંકુરિત થયું અને નરસિંહની ચેતના વૃંદાવનમાં જ વસી ગઈ, અને શ્યામ સંગ એણે વ્રજવનિતા બની ખૂબ પ્રણય રાગ આલાપ્યો. ભક્ત અને ભગવાન વચ્ચેના અમર તથા પરમ પ્રેમનો સંબંધ અહીં જોવા મળે છે. આજે આપણે કવિતા અને છંદના બંધારણ જાણતા થયાં, પરંતુ નરસિંહની એકોએક રચના મોટેભાગે છંદમાં જોવા મળે છે, અને તેને પ્રેમ લક્ષણા ભક્તિ કહેવામાં આવે છે. પ્રેમ હોય ત્યાં અછાંદસ એટલે લય વગરનું કંઈ હોય જ નહિ, બધું જ વ્યવસ્થિત અને છંદ એટલે કે સુમેળ ભર્યું હોય. નાગર નરસિહ એ ખૂબ બધા પદ ગુજરાતી સાહિત્યને આપ્યા છે, અને ગુજરાતી સાહિત્યનું ગૌરવ વધારનારા આ પદ વાંચનારના મનમાં પણ અમુક પ્રકારની હલચલ ઊભી કરે છે. જેમ કે, જાગને જાદવા, કૃષ્ણ ગોવાળિયા તુજ વિના ધેનમાં કોણ જાશે!!, નિરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો તે જ હું તે જ હું શબ્દ બોલે!, પ્રેમરસ પાને તું મોરના પિચ્છધર તત્વનું ટૂંપણું તુચ્છ લાગે, હરિના જન તો મુક્તિ ન માગે માગે જનમોજનમ અવતાર રે, જે ગમે જગત ગુરૂદેવ જગદીશને તે તણો ખરખરો ફોક કરવો, સુખ-દુઃખ મનમાં ન આણીએ ઘટ સાથે રે ઘડિયાં રઘુનાથનાં જડિયાં, અને વાંચકને વૈશ્રવ બનાવતી વૈશ્રવ જન તો તેને રે કહીએ પીડ પરાઈ જાણે રે, આવી તો કેટલીયે રચના કે જે આપણને અંતરતમ જગાડવા માટે પર્યાપ્ત છે. આ ઉપરાંત નરસિંહ મહેતાએ શૃંગારના પદ લખી અને લોકને ચકિત કરી દીધું છે, એટલે કે ભક્તિની પરાકાષ્ઠાએ જીવ ઈશ્વરની પ્રિયતમા પણ બની શકે, અને તેની પર પોતાનો સંપૂર્ણ અધિકાર પણ જમાવી શકે, તેને પ્રશ્નાર્થ પણ કરી શકે, તેને ફરિયાદ પણ કરી શકે, અને હક પણ જતાવી શકે. આ જીવ એ પણ માનસ નાગર કથા વખતે નરસિંહ ને વાંચ્યા, જાણ્યા ને માણ્યા ત્યારથી નરસૈયાની નજરથી જ કૃષ્ણ ને જોયો છે, આલેખ્યો છે, અને થોડોઘણો આત્મસાત પણ કર્યો છે,એ બધી નરસિહની કૃપાનું પરિણામ છે.કહેવાય છે કે મહારાસના દર્શન કર્યા પછી નાગર નરસૈયા એ નાગર નંદજીના લાલ નાગર નંદજીના લાલ, રાસ રમંતા મારી નથડી ખોવાણી, આ રાસની રચના કરી, અને પોતાના મનોભાવનું આબેહૂબ વર્ણન કર્યું. નથડી એટલે કે તેનું ચિત્ત મહારાસના દર્શન પછી ખોવાઈ ગયું, એવી ભૂમિકા પર આ રાસની રચના થઈ છે. તો મહારાસ સાથે એક બીજી દંતકથા પણ જોડાયેલી છે. રાધા સંગે મહારાસ રમ્યા પછી ભગવાન કૃષ્ણ રાધાજી ને પૂછે છે કે, મહારાસમાં મજા આવી? એટલે રાધાજી હા પાડે છે, અને કહે છે કે મને તમારા ખભે બેસાડો, હુ સમગ્ર સૃષ્ટિને અહીંથી જોવા માંગું છું. ભગવાને કોઈપણ આનાકાની કર્યા વગર રાધાજીને ખભે બેસાડ્યા, એટલે સહજ રીતેજ રાધાને અહંકાર આવ્યો કે મારી વગર કૃષ્ણ તત્વ અધૂરું છે. ભગવાન આ વાત જાણી જાય છે, અને ફરતાં ફરતાં એક ઝાડ નીચેથી પસાર થાય છે, ત્યાં રાધાને ડાળી પકડવાનું કહે છે, અને રાધાજી ડાળી પકડે છે, એટલે પોતે ત્યાંથી ચાલ્યા જાય છે. આમ ભક્તમાં જ્યારે જ્યારે અભિમાન આવે ત્યારે, ભગવાન તેને લટકતા છોડી અને ચાલ્યા જાય છે, એવી પણ એક વાત આની સાથે જોડાયેલી છે. શરદપૂનમથી વર્ષાઋતુની વિદાય થાય છે, અને હેમંતના પગરણ મંડાય છે, એટલે કે શિયાળાની શરૂઆત થાય છે. પૂનમનો ચાંદ એ માનવીય મનને પ્રભાવિત કરનાર છે. કારણકે મન ચંદ્રની કળાઓ સાથે જોડાયેલું હોય છે, અને તેથી જ તેમાં ખુશી અને ઉદાસી એટલે કે ચડતી કળા અને ઉતરતી કળા જેવા ભાવ સતત જોવા મળે છે. સાગર પણ ચંદ્રમાનું પૂર્ણ તેજસ્વી સ્વરૂપ જોઈને ગાન્ડોતૂર થાય છે, અને તેથી પૂનમે આપણે ત્યાં ભરતી અને અમાસે ઓટ હોય છે. આ ઉપરાંત આપણે ત્યાં જેના ચરિત્ર પૂર્ણ હોય તેના નામ પાછળ ચંદ્ર લગાડવાની પણ એક પ્રથા છે. કૃષ્ણ ચંદ્ર રામચંદ્ર વગેરે નામ આપણે તેનું ચરિત્ર પૂર્ણ છે, એવું બતાવવા માટે કરતા હોઈએ છીએ.

ભગવાન શંકરે પણ પોતાના ભાલમાં ચંદ્રને સ્થાન આપ્યું છે, એટલે કોઈ ખાસ ઉપલબ્ધિ માટે આપણે ત્યાં ચંદ્રને સ્વીકારવામાં આવ્યો છે. વનસ્પતિ અને અન્ય જનજીવન પણ ચંદ્રના પ્રકાશથી પ્રભાવિત છે, અને કેટલી પ્રકારની વનસ્પતિઓ પૂનમની ચાંદનીમાં અમૃત મેળવે છે, અને આ વનસ્પતિનો ઓષધી તરીકે ઉપયોગ કરવાથી દીર્ઘાયુષ્ય પ્રાપ્ત થાય છે. પક્ષી અને પ્રાણીની અમુક પ્રજાતિઓ માટે પૂનમનો દિવસ પ્રજનન કાળ તરીકે પણ પ્રચલિત છે. ટૂંકમાં કામ ભાવની વૃદ્ધિ કરનાર આ પુનમને દિવસે મન કાબૂમાં રહે, એ માટે જ મહારાસ એટલે કે આત્મા-પરમાત્મા અને પ્રકૃતિ ત્રણે ના મિલનનો સંયોગ એટલે કે શરદ પૂર્ણિમાની રાતનો મહારાસ છે, જ્યાં જીવ પ્રકૃતિ સાથે પરમ તત્વમાં તલ્લીન થઈ જાય છે, એટલે કે સ્વયંની જે પ્રકૃતિ હોય તે ભૂલીને કૃષ્ણ તત્વમાં સમાય જાય છે,એ મહારાસ હશે જ એવો કે જ્યાં સૌ કોઈ ભાન ભૂલી જાય, એટલે જ તો નરસૈયો પણ ભાન ભૂલી જાય છે, અને હાથ સળગી જાય છે.માત્ર સ્થૂળ રીતે એ ઘટનાને ન જોતાં, સૂક્ષ્મ રીતે જોઈએ તો નરસિંહ મહેતાએ દેહ ને સળગાવ્યા પછીની મૃત્યુ પછીની મુક્તિની અવસ્થાનો જીવતા આનંદ લીધો, એવું પણ આપણે કહી શકીએ. આપણે તો ગમે ત્યાંથી ત્યાં જ પહોંચવાનું છે, એટલે કે જીવન મુક્ત અવસ્થા સુધી ગતિ કરવાની છે. મારુ મારુ કરવાથી ક્યારેય આ કક્ષા સુધી પહોંચી શકાય નહિ, માટે પ્રથમ તો મારો અહમ એટલે કે હું પણું, પછી મારા મારા એમ પોતાના સંબંધો, વસ્તુઓ આગ્રહો, અને મમતાને નામે જે મેલ ભર્યો છે, અને ગોપી ઓનાં વસ્ત્રો પડતા પણ દેખાડ્યા છે, એટલે કે સ્ત્રી લીંગ ,પુ લીંગની આપણી માનસિકતા એ બધું જ છૂટે તો જ, આ મહારાસ એટલે કે જીવન મુક્તિ ના રાસમાં પ્રવેશ મળે. આપણામાં આ પ્રકારની જાગૃતિ વહેલામાં વહેલી તકે આવે, અને સમયની હવે પછીની એક પણ ક્ષણ બગડે નહીં, તો આ શરદનો આ મહારાસ આપણે પણ માણી શકીએ.

# કોઈ મહાપુરુષનો હાથ મસ્તક ઉપર આવે છે ત્યારે મનના વિકારો શાંત થાય છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા

ધર્મ એ જીવન જીવવાની ઉમદા કળા છે. ભગવદ્ ગીતામાં ભગવાને બહુ સરસ રીતે સમજાવ્યું છે. પ્રણામ સાષ્ટાંગ એટલે શું? પ્રકૃતિ અષ્ટધા છે.તે આઠે પ્રકૃતિથી પરમાત્મામાં મળી જવાની ઈચ્છા બતાવવા સાષ્ટાંગ પ્રણામ થાય છે. પ્રણામથી આત્મનિવેદન થાય છે. અધિકારી શિષ્યને સદગુરુ રસ્તા માં જ મળે છે. સદ્ગુરુ તત્ત્વ અને ઈશ્વર વ્યાપકને શોધવાની જરૂર પડતી નથી, તેમને ઓળખવાની જરૂર છે. બાળકનો વિનય જોતાં નારદજીને અતિશય આનંદ થયો. તેમણે ધ્રુવના માથા ઉપર હાથ મૂક્યો. કોઈ મહાપુરુષનો હાથ મસ્તક ઉપર આવે છે ત્યારે મનના વિકારો શાંત થાય છે. ધ્રુવ વિચારે છે કે, મારી માના આશીર્વાદથી રસ્તામાં મને બીજી મા મળી ગઈ છે.એક મા બાળકને સ્તનપાન કરાવી પુષ્ટિ આપે છે. ગુરુરૂપી મા કાયમ ને માટે સ્તનપાન છોડાવે છે એટલે જન્મમરણના ત્રાસમાંથી મુક્તિ અપાવે છે. ફરી કોઈ વખત જન્મ લઈ સ્તનપાન કરવું ન પડે. સ્તનપાન કરાવનાર મા શ્રેષ્ઠ કે સ્તનપાન છોડાવનાર મા શ્રેષ્ઠ? ગુરુ શ્રેષ્ઠ છે?નારદજી પૂછે છે કે, બેટા તું ક્યાં જાય છે?

જવાબમાં ધ્રુવજી કહે છે કે, હું ભગવાનના દર્શન માટે વનમાં તપસ્યા કરવા જાઉં છું. મારી માએ કહ્યું છે કે, મારા પિતા નારાયણ છે. હું મારા પિતા નારાયણની ગોદમાં બેસવા જાઉં છું.આ સાંભળી નારદજી પ્રસન્ન થાય છે. તેઓ ધ્રુવના નિશ્ચયની પરીક્ષા કરે છે. સદ્ગુરુ શિષ્યની પરીક્ષા કરે છે પછી ઉપદેશ આપે છે. નારદજી બોલ્યા, તું બાળક છે. બાલ્યાવસ્થા તો રમવા માટે છે. ભગવાનને પ્રસન્ન કરવાનું સહેલું નથી. મોટામોટા પુરુષો માટે આ કામ દુરારાધ્ય છે. અરે મોટામોટા ઋષિઓ અનેક જન્મથી ઈશ્વરનું આરાધન કરે છે. તેને પણ ભગવાન મળતા નથી. મોટા મોટા મુનિઓ પણ ભગવાનના માર્ગને શોધે છે, છતાં તેને જાણી શકતા નથી. માટે તું એ વાત છોડ. ઘરે પાછો જા. ભગવાનની ગોદમાં બેસવાની વાત છોડી બાપની ગાદી પર બેસવાની વાત કર. પછી વૃદ્ધાવસ્થામાં નિવૃત્ત થઈ પછી વનમાં જજે,ને આરામથી ભગવાનનું ભજન કરજે! પણ ધ્રુવજી કહે છે, મારે પિતાની ગોદ ઉપર બેસવું નથી.મેં તો નિશ્ચય કર્યો છે કે, આ જન્મમાં જ મારે પરમાત્માનાં દર્શન કરવાં.

ઈચ્છતો હોય અને ધર્મ, અર્થ, કામ અને મોક્ષને પ્રાપ્ત કરવા માગતો હોય, તેણે શ્રીહરિનાં ચરણોનું ધ્રુવનો દૃઢ નિશ્ચય જોઈ નારદજી ધ્રુવને કહે છે, ધન્ય છે તને. જે મનુષ્ય પોતાનું કલ્યાણ કરવા સેવન કરવું એ જ એક માત્ર ઉપાય છે, સાધન છે. તું યમુના તટે વૃંદાવનમાં મધુવનમાં જા.ત્યાં ભગવાન નારાયણ હાજરાહજૂર છે. ત્યાં શ્રીહરિનો નિત્ય નિવાસ છે. યમુના કૃપાળુ છે.યમુના મહા રાણી કૃપાદેવીનો અવતાર છે. ભાગવતમાં ચાર-પાંચ જગ્યાઓ એવી બતાવી છે કે,જ્યાં પરમાત્મા અખંડ વિરાજે છે. શ્રીરંગમમાં અનંત પદ્મનાભમ્ અખંડ વિરાજે છે. દ્વારિકામાં પણ ભગવાન અખંડ વિરાજે છે. બોડાણાની ભક્તિ અનન્ય હતી એટલે એક સ્વરૂપે ડાકોર આવ્યા છે. ગંડકી નદીના કિનારે પલહ ઋષિના આશ્રમમાં ભગવાન અખંડ વિરાજે છે. વૃંદાવનમાં ભગવાન અખંડ વિરાજે છે. શયનમ

વૃંદાવન એ પ્રેમભૂમિ છે. ત્યાં રહી ભજન કરવાથી મન જલદી શુદ્ધ થાય છે. વૃંદાવન એ દિવ્ય ભૂમિ છે. ત્યાં જીવ અને ઈશ્વરનું મિલન જલદી થાય છે. ધ્રુવજીએ પૂછ્યું, ત્યાં જઈ કેવી રીતે પરમાત્માની આરાધના કરવી.

નારદજી કહે છે, ધ્યાન કરતાં પહેલાં ચતુર્ભુજ નારાયણ ભગવાનની માનસી સેવા કરજે માનસી સેવામાં એક વસ્તુ ધ્યાનમાં રાખવાની કે મનની ધારા તૂટે નહીં. સતત મન ઈશ્વરમાં પરોવાયેલું રહે. માનસી સેવા અતિ શ્રેષ્ઠ માની છે.

વિરક્ત સાધુ સંન્યાસીઓ જે કશું રાખતા નથી તે માનસી સેવા કરે એ ઉત્તમ છે. ભગવાન શંકરાચાર્ય જેવા પણ શ્રીકૃષ્ણની સેવા કરતાં પણ ગૃહસ્થીઓ એકલી સેવા કરે તે ન ચાલે. ગૃહસ્થીઓએ માનસી અને પ્રત્યક્ષ બંને સેવા કરવી જોઈએ. માનસી સેવાનો અતિ ઉત્તમ સમય સવારના ચારથી સાડા પાંચ સુધી નો છે. કોઈનું મુખ જોયા પહેલાં તે કરવી જોઈએ. પ્રાતઃકાળમાં ઊઠી ધ્યાન કરવાનું કે, હું ગંગાજીના કિનારે બેઠો છું. ગંગાજીમાં મનથી સ્નાન કરવું. તે પછી અભિષેક માટે ગંગાજળ લાવવાનું. મનથી લાવવાનું એટલે ચાંદીના લોટામાં લાવવાનું. ઠાકોર જી જાગ્યા પછી તેને આચમન કરાવવું. મંગલામાં પછી માખમિસ લાવવાં, કારણ કે કનૈયો તો બધું માગે છે. પછી શ્રીકૃષ્ણને સ્નાન કરાવવું, શંકરને ઠંડું જળ ચાલે પણ બાલકૃષ્ણને ગરમ જળ થી નવડાવો. ઠાકોર જીને તે પછી શૃંગાર કરવો. શૃંગાર ન કરો તો જ ભગવાન સુંદર જ છે, પણ શૃંગાર કરવાથી તમારું મન સુંદર થશે. આપણું મન શુદ્ધ કરવા શૃંગાર છે. શૃંગારમાં સમાધિ જેવો આનંદ મળે છે. શૃંગાર પછી પરમાત્માને સુંદર ભોગ ધરાવો. તે પછી તિલક કરો. આરતી ઉતારો. ભગવાનની આરતી ઊતારો ત્યારે હૃદય બનવું જોઈએ. આરતીનો ક્રમ આવો છેઃ ચરણ, સાથળ; વક્ષઃસ્થળ, મુખ અને પછી સર્વાંગ ની બગડેલું છે,તેને આરતી ઉતારવી. આરતી ઊતારો ત્યારે પ્રભુના દર્શન માટે આર્ત બનીને આરતી ઊતારો.ભગવાનનાં દર્શન કરતાં કરતાં ધ્યાન કરવાનું છે. શ્રીહરિનું સ્થિર મનથી ધ્યાન કરવું. ધ્યાન સાથે જપ થવો જોઈએ. કેટલાક જપ કરતી વખતે સંસારનું ધ્યાન કરે છે. એટલે જપ નિષ્ફળ ગયા છે એમ તો ન કહેવાય, પણ તેનું જોઈએ તેવું ફળ મળતું નથી. સ્નાનથી શરીરની શુદ્ધિ થાય છે. દાનથી ધનની શુદ્ધિ થાય છે. ધ્યાનથી મનની શુદ્ધિ થાય છે. જપ અને ધ્યાન સાથે થવા જોઈએ. જપ કરવા બેસો ત્યારે જે દેવનો જપ કરો તે મૂર્તિ ધ્યાનમાંથી ખસે નહીં. જીભથી ભગવાનનું નામ લેવું, મનથી તેમનું સ્મરણ ધ્યાન કરવું, આંખોથી તેમનાં દર્શન કરવાં, કાનથી તેમના નામનું સ્મરણ કરવું. આ પ્રમાણે જપ કરવાના.

પછી નારદજીએ ધ્રુવને મંત્ર આપ્યો! કહ્યું, 'ૐ નમો ભગવતે વાસુદેવાય' એ મહામંત્રનો તું સતત જપ કરજે. ભગવાન તારા ઉપર પ્રસન્ન થશે. મારો આશીર્વાદ છે. તને છ મહિનામાં ભગવાન મળશે. ગીતાજીમાં ભગવાને કહ્યું છે, ઘણાં જન્મોને અંતે જીવ મને પ્રાપ્ત કરે છે. વિદ્વાનો અહીં 'ઘણા'નો અર્થ ત્રણ જન્મ કરે છે. જ્ઞાનીઓએ, યોગીઓએ સંગિત પ્રારબ્ધ કર્મોનો ક્ષય કરવા પણ જન્મ તો લેવો જ પડે છે. પણ ભાગવત ધ્રુવ ચરિત્રમાં કહે છે કે, જપ કરવાથી છ મહિનામાં ભગવાન મળે છે. ધ્રુવજી કહે છે કે, એ ભાગવત ચરણોની છાયાને મેં છ માસમાં પ્રાપ્ત કરી લીધેલી. આ ખોટું નથી. અનુભવ કરી જોજો. પણ ધ્રુવની રીતે. હવે જે પ્રમાણે તપશ્ચર્યા કરેલી તે પ્રમાણે તપશ્ચર્યા કરજો.સાધન કરે એને સિદ્ધિ મળે છે. ધ્રુવજીએ અનેક જન્મથી તપશ્ચર્યા કરી છે. પૂર્વજન્મમાં છ માસમાં ધ્રુવને પરમાત્માનાં દર્શન થવાનાં હતાં.એના યોગને છ મહિના બાકી હતા.પૂર્વજન્મમાં ધ્રુવજી ધ્યાન કરતા હતા. ત્યાં રાજરાણીને જોઈ ધ્રુવજીને રાજા બની સુખ ભોગવવાની વૃત્તિ થઈ. તેથી તેનો જન્મ રાજાને ત્યાં મળ્યો હતો.

નારદજી તે પછી ઉત્તાનપાદ રાજા પાસે ગયા. વિયોગમાં મનુષ્યના ગુણ યાદ આવે છે. ઉત્તાનપાદ રાજા પસ્તાય છે, ધ્રુવના ગુણ યાદ કરે છે. નારદજીએ મનમાં વિચાર કર્યો, આ મારા ચેલાનો બાપ છે, તેથી તેનો ઉદ્ધાર કરવો પડશે.એ સુરુચિમાં ફસાયો છે. તે જો જીભ ને વશ કરશે તો તેની સુરુચિનો મોહ ઓછો થશે. એમણે રાજાને કહ્યું કે, તું છ માસ કેવળ દૂધ ઉપર રહેજે અને અનુષ્ઠાન કરજે.

આસને બેસી ધ્યાન કરે છે. કેવળ ફળાહાર કરે છે. અન્નનો આહાર કરવાથી શરીરમાં રજોગુણ ધ્રુવજી મધુવનમાં આવ્યા છે. પ્રથમ દિવસે ઉપવાસ કર્યો છે. પછી ધ્રુવ ત્રણ દિવસ એક ઘે છે. ફળાહાર કરવાથી શરીરમાં સત્ત્વગુણ વધે છે.બીજો મહિનો આવ્યો. સંયમ વધાર્યો. હવે એકી સાથે આસને છ દિવસ ધ્યાનમાં બેસે છે. હવે ત્રીજો માસ આવ્યો. હવે નવ દિવસ એક આસને બેસે છે. હવે ફળ ખાતા નથી, વૃક્ષનાં પાન ખાય છે. ચોથો મહિનો આવ્યો. હવે ફક્ત જમનાજીનું જળ લઈ બાર દિવસ એક આસને બેસે છે પાંચમા મહિને હવે જળ નહીં, વાયુનું ભક્ષણ કરે છે અને પંદર દિવસ એક આસને બેસે છે. છઠ્ઠો માસ આવ્યો. ધ્રુવજીએ નિશ્ચય કર્યો કે, હવે પરમાત્મા મળશે ત્યારે જ આસન ઉપરથી ઊઠ છે. ભગવાન મળે ત્યાં સુધી મારે ઊઠવું નથી, એવો નિશ્ચય કરી ધ્યાન-જપમાં બેઠા છે.

## સાઇકલ મારી સરરર.., મોટી ઉંમરે પેડલ મારવાની મોજ



કોરોનાના સમયમાં ઘરે બેસીને સતત કામ કરતી ૪૮ વર્ષની અમૃતાને પીઠમાં દુ:ખાવો ઉપડ્યો. થોડા દિવસ તો એણે અવગણના કરી, પણ પતિદેવની સલાહ માનીને ડૉક્ટરની સલાહ લેવા ગઇ. ડૉક્ટરે જાત જાતના સવાલો પૂછ્યા, પછી એવું નિદાન કર્યું કે જીવનમાં તમે ક્યારેય સાઇકલ ચલાવી નથી એનું આ પરિણામ છે. દવાની કોઇ જરૂર નથી, હવે સાઇકલ ચલાવવાનું શરૂ કરો. ઢગલાબંધ દવાઓ અને એક્સરેની અપેક્ષા સાથે ગયેલી અમૃતાને ડૉક્ટરના નિદાનની બહુ નવાઇ લાગી. અને મોટી ઉંમરે સાઇકલ ચલાવતા શીખવાની મુંઝવણ ઊભી થઇ એ જુદું. ખેર, અમૃતા ડૉક્ટરની સલાહ માનીને એની દીકરી પાસેથી સાઇકલ ચલાવતા શીખવા લાગી. અને લગભગ છએક મહિનામાં એની પીઠનો દુખાવો મટી ગયો અને સાઇકલ ચલાવતા શીખી એ નફામાં. માને સાઇકલ ચલાવતા શીખવતી વખતે દીકરીને મોટી ઉંમરની મહિલાઓને સાઇકલ શીખવવાનો ઉત્તમ વિચાર આવ્યો. એણે સાઇકલ ચલાવતા ડરતી કે શરમ કે સંકોચ અનુભવતી સ્ત્રીઓને હિંમત આપીને પેડલ મારતા શીખવવાનું શરૂ કર્યું. આજકાલ જોકે કેટલાક લોકોએ અને ખાસ કરીને મહિલાઓએ મોટી ઉંમરે સાઇકલ ચલાવાનું શરૂ કર્યું છે. કેટલાંક શહેરોમાં એવી સંસ્થા અને કલબ છે જે સાઇકલ શીખવવાની નિ:શુલ્ક સેવા આપે છે. સામાન્ય રીતે મોટી ઉંમરે સાઇકલ શીખવા માગતા લોકોને હાડકાં ભાંગી જવાનો ભય હોય છે, પણ આવા સમયે વ્યક્તિની ઇચ્છાશક્તિ કામ આવે છે. મજબૂત મનોબળથી કાંઇપણ હાંસલ કરી શકાય છે. બાળપણથી સાઇકલ ચલાવનારાને વાંસાની તકલીફ ન થાય એવું પણ જરૂરી નથી, પરંતુ તમામ એક્સરસાઇઝમાં કે કસરત-કવાયતમાં સ્વિમિંગની જેમ સાઇકલ ચલાવવાની કસરત સૌથી ઉત્તમ છે.

# ૬૦ની ઉંમરમાં યુવાન દેખાવું હોય તો, દરરોજ સવારે ખાલી પેટ આ સફેદ દાણાનું સેવન કરો

ડ્રાઈફ્રુટ્સનું સેવન સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક હોય છે. આવી જ રીતે મખાના પણ સ્વાસ્થ્ય માટે ખૂબ જ લાભકારી છે. તેના સેવનથી સ્વાસ્થ્યને કોઈ લાભ મળે છે. મખાના, લોહીની કમી દૂર કરવા, શરીરને મજબૂત બનાવવાની સાથે સ્કિન માટે પણ લાભકારક સાબિત થાય છે. તેમાં કેટલાય પોષક તત્વ અને એન્ટીઓક્સીડેન્ટ હોય છે. આવો આજે અમે આપને મખાનાના ફાયદા જણાવીએ. સ્કિનને રાખશે હેલ્દી- હેલ્થલાઈનમાં છપાયેલી એક સમાચાર અનુસાર, મખાનામાં કેટલાય પોષક તત્વ અને એન્ટીઓક્સિડેન્ટ હોય છે. તેમાં કેટલાય અમીનો એસિડ હોય છે, જે પોતાની એન્ટી એજિંગ ગુણ માટે ઓળખાય છે. જેમાં ગ્લૂટામાઈન, સિસ્ટિન, આર્જિનિન અને મેથિયોનીન સામેલ છે. તે સ્કિન માટે ખૂબ જ ફાયદાકારક છે. રોજ મખાના ખાવાથી ત્વચાને હેલ્દી બનાવી રાખે છે. તે ફ્રી રેડિકલ્સને હટાવીને ત્વચાને ચમકદાર બનાવી રાખે છે.



તેના સેવનથી ચહેરા પરની કરચલીઓ ગાયબ થઈ જશે. મખાનામાં મળતા ગ્લૂટામાઈનનો ઉપયોગ પ્રોલાઈનનું ઉત્પાદન કરવા માટે થાય છે.જે કોલેજનમાં મળતા એક એમિનો એસિડ છે. આ ત્વચાને જવાન બનાવી રાખવામાં મહત્વની ભૂમિકા અદા કરે છે. હાર્ટને હેલ્દી રાખશે. મખાના, હાર્ટ માટે ખૂબ જ ફાયદાકારક હોય છે. મખાનામાં કેટલાય એન્ટીઓકિસડેંટ્સ ગુણ હોય છે, જે હ્રદયના સ્વાસ્થ્ય માટે ફાયદાકારક માનવામાં આવે છે. તેના નિયમિત સેવનથી બીપી પણ કંટ્રોલ કરી શકાય છે. ડાયાબિટીઝ કંટ્રોલ કરશે, રોજ ખાલી પેટ મખાના ખાવાથી ડાયાબિટીઝ કંટ્રોલમાં રહે છે. બ્લડ શુગરના દર્દીઓ માટે મખાના એક સારુ ફુડ માનવામાં આવે છે.

વજન ઘટાડવામાં મદદ કરશે- મખાનાના રોજ સેવનથી વજન કંટ્રોલ થાય છે. જો આપ પણ વેટ ઘટાડવા માગો છો તો દરરોજ ખાલી પેટ મખાનાનું સેવન કરો. તેમાં રહેલા તત્વ વેટ લોસમાં ફાયદાકારક થાય છે. તેના સેવનથી દિવસભર ભૂખ ઓછી લાગશે અને બોડીમાં પોષક તત્વની કમી પણ દૂર થાય છે. પાચન તંત્ર મજબૂત કરે- મખાનામાં ફાઈબર, કેલ્શિયમ, આયરન ફોસ્ફોરસ સહિત કેટલાય પોષક તત્વ રહેલા હોય છે. તેમાં ભરપૂર માત્રામાં એન્ટીઓક્સિડેન્ટ અને એન્ટીઈંફ્લેમેટરી ગુણ હોય છે.

# મોબાઈલ-કોમ્પ્યુટરનું રેડિયેશન તમારી આંખ અને મગજ માટે છે જોખમી

આજે મોબાઈલ અને કોમ્પ્યુટર વગર માનવ સમાજની કલ્પના કરવી ખૂબ મુશ્કેલ છે. ખરેખરમાં આપણું તમામ કામ હવે મોબાઈલમાં કોમ્પ્યુટર પર નિર્ભર થઈ ગયું છે, પરંતુ આ વસ્તુઓએ આપણને તેમની આદત પાડી દીધી છે. કોરોનાકાળ એ માહિતી ક્રાંતિની ગતિને વેગ આપ્યો છે. લોકો મોબાઈલ અને કોમ્પ્યુટરનો વધુ પડતો ઉપયોગ કરવા લાગ્યા છે. ઘણા લોકો ફક્ત વર્ક ફ્રોમ હોમ જોબ પર જ ખુશ હોય છે પરંતુ મોબાઈલ અને કોમ્પ્યુટર માત્ર માનવ આંખને જ અસર કરતા નથી પરંતુ તેના રેડિયેશન મગજ માટે પણ ખતરો બની શકે છે. જાણો શું કહે છે નિષ્ણાતો. ડિજિટલ ક્રાંતિ પછી કોમ્પ્યુટર અને મોબાઈલ ફોન આપણી દિનચર્યાનો એક ભાગ બની ગયા છે અથવા એમ કહીએ કે તમામ કામ તેના પર નિર્ભર બની ગયા છે. આના દ્વારા આપણું કામ કરવું એ આપણી મજબૂરી બની ગઈ છે પરંતુ ઘણા લોકો દિવસનો મોટાભાગનો સમય મોબાઈલ ફોન અને કોમ્પ્યુટર પર ગેમ રમવામાં, મૂવી જોવામાં પસાર કરે છે. જેના કારણે આંખોનો ભેજ ઓછો થવા લાગ્યો છે. આંખોમાં ભેજ ન



હોવાને કારણે આંખોમાં ડ્રાય આઈ સિન્ડ્રોમ જેવી સમસ્યા થાય છે. જેના પછી માઈગ્રેન જેવી મોટી બીમારી પણ થાય છે. નેત્ર ચિકિત્સક ડો.યુસુફ રિઝવીએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, આપણી આંખોમાં એક પ્રવાહી હોય છે. જેને ઈયર ફિલ્મ કહેવાય છે. ઉંમર વધવાની સાથે તે ઘટવા લાગે છે, જેના કારણે આંખોમાં શુષ્કતા અને બળતરા થવા લાગે છે પરંતુ હવે જ્યારે ઓફિસમાં દરેક ટેબલ પર કોમ્પ્યુટર છે.

દરેક ઉંમરના લોકોના હાથમાં મોબાઈલ આવી ગયા છે ત્યારે તેઓ કોમ્પ્યુટર અને મોબાઈલ સ્ક્રીન પર વધુ સમય વિતાવે છે. તે જોઈને જ પસાર થાય છે, જેના કારણે આ પ્રવાહી સમય પહેલા ઘટવા લાગે છે અને ડ્રાય આઈ સિન્ડ્રોમ જેવી ઘણી બીમારીઓ આંખોમાં થવા લાગે છે. આ સિવાય આંખોમાં શુષ્કતા અને સતત સ્ક્રીનને આંખોથી જોવાથી માઈગ્રેન જેવી બીમારીઓ થાય છે.

કોમ્પ્યુટર કે મોબાઈલ ફોનની સ્ક્રીન પર ઉભરાતી તસવીરો અને તેમાંથી નીકળતો પ્રકાશ, સ્ક્રીન પર રંગોની ગોઠવણ અને યોગ્ય લાઈટ મેનેજમેન્ટના અભાવે પણ આંખોમાં સમસ્યા સર્જાય છે. જો તમે તેને ઘટાડવા કે ટાળવા માંગતા હોવ તો. કમ્પ્યુટરનો ઉપયોગ કરતી વખતે ખાસ ચશ્માનો ઉપયોગ કરવો ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ સિવાય કામ કરતી વખતે આંખોને આરામ આપીને અને થોડો સમય સ્ક્રીનથી દૂર રહેવાથી આંખોને થતા જોખમોને ઘણી હદ સુધી ઘટાડી શકાય છે. ડૉ.રિઝવીના મતે ડ્રાય આઇ સિન્ડ્રોમ એક સાર્વત્રિક સમસ્યા છે. જેના માટે માત્ર કોમ્પ્યુટર અને મોબાઈલનો વધુ પડતો ઉપયોગ જ નથી.

## ટેક્નોલોજી આપણા માટે એક વરદાન બનશે કે શ્રાપ?



હાલના સમયમાં ૯૦ ટકા અથવા વધુ માણસો તેમની શારીરિક અને બૌદ્ધિક ક્ષમતાઓ વડે જીવે છે. પણ તે બધું જે તમે કરી શકો છો, ભવિષ્યમાં એક મશીન કરશે. તે કંઇ પણ જે સ્મૃતિના સંગ્રહ વડે, સ્મૃતિ સુધી પહોંચ વડે, સ્મૃતિના વિશ્લેષણ અને સ્મૃતિની અભિવ્યક્તિ દ્વારા બનાવી શકાય છે; તે બધું જ જે તમે તમારી બુદ્ધિ દ્વારા કરી રહ્યા છો; એમ વિચારીને કે એ તમે છો, તે અમુક સમયમાં એક મશીન દ્વારા કરવામાં આવશે.એક વખત મશીન આ કરવા લાગે, તો તમારી માટે તમે જે છો, એના વધુ ઊંડા પરિમાણોની શોધ કરવું અનિવાર્ય થઈ જશે. અને તે એક અનેરો દિવસ હશે, કેમ કે તેનો અર્થ છે કે આપણે રજા પર છીએ. આપણે રોજગાર માટે કામ નહીં કરીએ. પછી આપણે જીવનને એક સાવ અલગ રીતે જોઈ શકીએ છીએ. જેને તમે તમારું શરીર અને તમારું મન કહો છો, તે સ્મૃતિનો એક ચોક્કસ સંગ્રહ છે. એ સ્મૃતિ જ છે જેનાથી તમે જે પણ છો, એ બન્યા છો. ઉદાહરણ તરીકે, જો એક પુરુષ બ્રેડનો એક ટુકડો ખાય, તો બ્રેડ એક પુરુષ બની જાય છે. જો એક સ્ત્રી તેને ખાય, તો તે એક સ્ત્રી બની જાય છે. જો તે જ બ્રેડ એક કુતરો ખાય, તો તે એક કુતરો બની જાય છે. આ બ્રેડનો એક બુદ્ધિમાન ટુકડો છે! આ બ્રેડના કારણે નથી; આ શરીરની સ્મૃતિ છે જે બ્રેડના ટુકડાને એક પુરુષ, સ્ત્રી અથવા કુતરામાં રૂપાંતરિત કરી દે છે. તમારા શરીરની રચના પણ સ્મૃતિનું એક ચોક્કસ પરિમાણ છે. સ્મૃતિ એક ચોક્કસ સીમા પણ છે. પણ બુદ્ધિમત્તાનું એક પરિમાણ છે જેને આપણે ચિત્ત કહીએ છીએ, અથવા આધુનિક ભાષામાં, તેને કદાચ કોન્શિયસનેસ કહી શકાય. બુદ્ધિમત્તાના આ પરિમાણમાં કોઈ સ્મૃતિ રહેલી નથી. જ્યાં કોઈ સ્મૃતિ નથી, તેને કોઈ સીમાઓ પણ નથી. માનવ બુદ્ધિ એક દ્વીપ છે. ટેકનોલોજી સહીત, માનવ બુદ્ધિના બધાં જ ઉત્પાદનો નાના દ્વીપ જેવા છે. ચેતના એ સાગર છે જેમાં આપણું અસ્તિત્વ છે. ચેતના એ બુદ્ધિમત્તા છે, જે કોઈ સ્મૃતિ સાથે અથવા તમારું અને મારું, આ અને પેલું, જેવી કોઈ સીમા સાથે ઓળખાયેલી નથી. આ બુદ્ધિમત્તાનું એ પરિમાણ છે જેની કોઈ સીમાઓ નથી.જેમ જેમ આપણી ટેકનોલોજીની ક્ષમતા વધે છે તેમ, આપણે આ માટે પણ પ્રયત્ન કરવો જોઈએ કે મનુષ્યો વિકસિત થઈને તેમની બુદ્ધિની સીમાઓથી આગળ વધી શકે, અને બુદ્ધિમત્તાના એક વધું ઊંડા પરિમાણ તરફ જઈ શકે.

BOLLYWOOD NEWS FLASH

**અભિનેત્રી કંગના રનૌત હાલમાં તેની ફિલ્મ તેજસની રિલીઝની રાહ જોઈ રહી છે, તે ફિલ્મના પ્રમોશનમાં વ્યસ્ત છે**



## અયોધ્યા મંદિરને એટેકથી બચાવશે કંગના રનૌત

। મુંબઈ, તા.૨૭ ।

કંગના રનૌતની ફિલ્મ તેજસ રિલીઝ થવાની છે. આ ફિલ્મમાં તે લીડ રોલમાં જોવા મળશે. તે એરફોર્સ ઓફિસરની ભૂમિકા ભજવશે અને દુશ્મનો સાથે લડતી જોવા મળશે. ટ્રેલર પછી ફેન્સની ઉત્સુકતા વધી ગઈ હતી અને હવે ફિલ્મના નવા ટીઝરે બધાનું ધ્યાન ખેંચ્યુ છે. આ ટીઝર એટલા માટે પણ ખાસ છે કારણ કે તેને ફિલ્મની રિલીઝના બે દિવસ પહેલા શેર કરવામાં આવ્યું છે. ટીઝરમાં જોઈ શકાય છે કે કંગના રનૌત કેવી રીતે મોટા મિશન પર જોવા મળે છે. અયોધ્યાના ભવ્ય મંદિર પર હુમલાની માહિતી મળી છે અને કંગનાએ આ પડકારનો સામનો કરવો પડશે. તે ખૂબ જ ટૂંકું ટીઝર છે અને આ ટીઝરમાં કંગના રનૌત ફુલ એક્શન મોડમાં જોવા મળી રહી છે. આમાં જોઈ શકાય છે કે તેમને કેવી રીતે ખબર પડી કે અયોધ્યાના મોટા મંદિરમાં આતંકી હુમલો થવાનો છે. પૂજા દરમિયાન મંદિરમાં ભારે ભીડ એકઠી થઈ ગઈ છે જ્યાં આતંકવાદીઓના નાપાક ઈરાદાઓ પૂરા થવાના છે. કંગનાએ પોતાની સેના પણ તૈયાર કરી લીધી છે. તેમની સામે પડકાર મોટો લાગે છે. જો કે ટીઝરમાં ક્યાંય રામ મંદિરનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી, પરંતુ ટીઝરના વિઝ્યુઅલ્સ જોતા એવું લાગે છે કે આ દ્રશ્ય રામ મંદિરના સમયનું હોઈ શકે છે. વીડિયો શેર કરવાની સાથે અભિનેત્રીએ સોશિયલ મીડિયા પર લખ્યું- આ નવું ભારત છે જ્યાં સુપર સૈનિકો, તેજસ દુશ્મનો પર પૂરી તાકાતથી હુમલો કરશે. ૨૭મી ઓક્ટોબરે થિયેટરોમાં તેજસ ફિલ્મ જોવા મળશે. તમને જણાવી દઈએ કે ફેન્સ પણ આના પર ઘણી પ્રતિક્રિયા આપી રહ્યા છે. કોમેન્ટ કરતી વખતે એક વ્યક્તિએ લખ્યું- જો તમે ભારતને છેડશો તો અમે તેને છોડીશું નહીં. આ સિવાય અન્ય વ્યક્તિએ લખ્યું- બ્લોકબસ્ટર લોડિંગ. આ સિવાય ફેન્સ કોમેન્ટ બોક્સમાં જય હો અને જય હિંદ લખતા જોવા મળે છે.

**બિગ બોસની પૂર્વ સ્પર્ધક અને સુંદર અભિનેત્રી માહિરા શર્મા સોશિયલ મીડિયા પર એક્ટિવ રહે છે**

## બેકલેક ડ્રેસમાં ઝુલા પર બેસી માહિરા શર્માએ આપ્યા સેક્સી પોઝ

। મુંબઈ, તા.૨૭ ।

બિગ બોસની પૂર્વ સ્પર્ધક અને સુંદર અભિનેત્રી માહિરા શર્મા સોશિયલ મીડિયા પર એક્ટિવ રહે છે અને પોતાની નવી તસવીરોથી તેના ફેન્સનું મનોરંજન કરતી રહે છે. તે ખૂબ જ સુંદર છે અને તેની સુંદરતાની સામે બોલિવૂડની અભિનેત્રીઓ પણ ઝાંખી લાગે છે. જ્યારથી બિગ બોસ ૧૩મા તે દેખાઈ છે, ત્યારથી માહિરા શર્માની ફેન ફોલોઈંગમાં ઘણો વધારો થયો છે. આ દિવસોમાં અભિનેત્રી પોતાની અલગ અંદાજને કારણે ચર્ચામાં રહે છે. આવી સ્થિતિમાં અભિનેત્રીનો નવો લૂક પણ સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. હવે ફરી એકવાર સોશિયલ મીડિયા માહિરાના



હોટ લુકની તસવીરો વાયરલ થઈ રહી છે. તેણીની નવી તસવીરોએ તેના ચાહકોના હૃદયના ધબકારા વધારી દીધા છે.

**સાઉથ એક્ટ્રેસ માલવિકા મોહનનની સિઝલિંગ તસવીરો ઈન્સ્ટાગ્રામ પર આવતાની સાથે વાયરલ થવા લાગી છે**

## વ્હાઈટ સાડીમાં અપ્સરા લાગી અભિનેત્રી માલવિકા

। મુંબઈ, તા.૨૭ ।

સાઉથ ફિલ્મ એક્ટ્રેસ માલવિકા મોહનનને તાજેતરમાં ખૂબ જ બોલ્ડ અને સિઝલિંગ ફોટોશૂટ કરાવ્યું છે. જેમાં અભિનેત્રી પાણીમાં બોલ્ડ પોઝ આપતી જોવા મળી હતી. માલવિકા મોહનનની આ તસવીરો સોશિયલ મીડિયા પર આવતાની સાથે જ વાયરલ થઈ ગઈ હતી. આ તસવીરોમાં અભિનેત્રી માલવિકા મોહનન અપ્સરાની જેમ પાણીમાં મસ્તી કરતી જોવા મળી હતી. સાઉથ એક્ટ્રેસ માલવિકા મોહનનની સિઝલિંગ તસવીરો ઈન્સ્ટાગ્રામ પર આવતાની સાથે જ વાયરલ થવા લાગી છે. આ ફોટોશૂટમાં અભિનેત્રી માલવિકા મોહનન એક અપ્સરાની જેમ પાણીમાંથી બહાર નીકળતી જોવા મળી હતી. આ તસવીરોમાં અભિનેત્રીની કામુક શૈલી દેખાતી હતી. આ દરમિયાન અભિનેત્રી માલવિકા મોહનન પાણીમાં ડૂબકી મારતી જોવા મળી હતી.



**તેજસ્વી પ્રકાશે ન્યૂડ મેકઅપ કર્યો છે અને તેના હાથમાં ગ્રીન કલરના ડ્રેસ સાથે મેચ થતી બંગડીઓ પહેરી છે**

## તેજસ્વી પ્રકાશે દેશી લુકમાં બતાવ્યો જલવો



। મુંબઈ, તા.૨૭ ।

તેજસ્વી પ્રકાશ એક જાણીતી ટીવી એક્ટ્રેસ છે અને તમને જણાવી દઈએ કે તે ઘણીવાર પોતાની એક્ટિંગ અને લુકના કારણે હેડલાઈન્સમાં રહે છે. આ લેટેસ્ટ તસવીરોમાં તેજસ્વી પ્રકાશનો દેશી લુક ખુબ વાયરલ થઈ રહ્યો છે. તેણે ખૂબ જ સુંદર ફ્લોરલ પ્રિન્ટ ગ્રીન લહેંગો પહેર્યો છે. આ સાથે તેણે મેચિંગ જ્વેલરી પહેરી છે અને તેના વાળ પણ ખુલ્લા રાખ્યા છે. તેજસ્વી પ્રકાશે ન્યૂડ મેકઅપ કર્યો છે અને તેના હાથમાં ગ્રીન કલરના ડ્રેસ સાથે મેચ થતી બંગડીઓ પહેરી છે. તસવીરો દરમિયાન તેજસ્વી પ્રકાશ એકદમ કુલ જોવા મળે છે.

## ફિલ્મ કરાચી ટુ નોઈડાનું ધાંસુ ટ્રેલર રિલીઝ થયું

। મુંબઈ, તા.૨૭ ।

પાકિસ્તાનથી ભારત આવેલી સીમા હૈદરના જીવન પર બની રહેલી ફિલ્મ 'કરાચી ટુ નોઈડા'નું ટ્રેલર હવે રિલીઝ કરવામાં આવ્યું છે. ટ્રેલરમાં સીમાના પાત્રનું નામ સાયમા હૈદર જોવા મળે છે. જે RAW એજન્ટની ભૂમિકા ભજવી રહી છે. રસપ્રદ વાત એ છે કે ફિલ્મનું ટ્રેલર થોડા સમય પહેલા સોશિયલ મીડિયા પર અપલોડ કરવામાં આવ્યું છે. જેણે હવે ઈન્ટરનેટ પર ખળભળાટ મચાવી દીધો છે. કરાચી ટુ નોઈડા' સીમા હૈદર અને સચિન મીણાની લવ સ્ટોરી પર આધારિત ફિલ્મ છે. જેના ટ્રેલરે લોકોને ખૂબ જ પ્રભાવિત કર્યા છે. આ જ કારણ છે કે થોડા જ કલાકોમાં ટ્રેલરને હજારો વ્યુઝ મળ્યા છે. નિર્માતા અમિત જાની દ્વારા ફિલ્મનું ટ્રેલર રિલીઝ કરવામાં આવ્યું છે. તેનું નિર્દેશન જયંત સિન્હાએ કર્યું છે. જેમાં સીમા હૈદર RAW એજન્ટનો રોલ કરતી જોવા મળી હતી. પાકિસ્તાનને આ વાતની જાણ થાય છે અને ત્યાં ભારે હોબાળો મચી જાય છે. પરંતુ આ ઘટસ્ફોટ પહેલા સીમા ભારત પાછી આવી જાય છે. તમને જણાવી દઈએ કે આ ફિલ્મમાં ફરહીન ફલર સીમા હૈદરનો રોલ કરી રહી છે. તો બીજી તરફ આદિત્ય રાઘવ સચિન મીણાના રોલમાં જોવા મળી રહ્યો છે. આ સિવાય ફિલ્મમાં તમે 'ગદર ૨'ના મેજર મલિક રોહિત ચૌધરી પણ જોવા મળશે. જે તેમાં કરાચી પોલીસ કમિશનરની ભૂમિકા ભજવી રહ્યો છે. મનોજ બક્ષી પાક આર્મી ઓફિસરની ભૂમિકામાં છે. તમને જણાવી દઈએ કે સીમા હૈદર એ પાકિસ્તાનની મહિલા છે, જે તેના પ્રેમી સચિન મીણાને મળવા નેપાળ થઈને ભારત આવી હતી. PUBG ગેમ રમતી વખતે બંને મિત્રો બની ગયા હતા.

**સુઝેનના પૂર્વ પતિ રિતિક રોશને પણ આ પોસ્ટ પર પ્રતિક્રિયા આપી છે, તેણે કોમેન્ટમાં લખ્યું કે સ્વીટ. હેપ્પી બર્થ ડે**

## બોયફ્રેન્ડ સંગ રોમાંસ કરતી જોવા મળી સુજૈન ખાન

। મુંબઈ, તા.૨૭ ।

રિતિક રોશનની પૂર્વ પત્ની સુઝેન ખાન આજે તેનો ૪૮મો જન્મદિવસ ઉજવી રહી છે. આ ખાસ અવસર પર તેના બોયફ્રેન્ડ આર્સલાન ગોનીએ સુઝેનને ખાસ રીતે જન્મદિવસની શુભેચ્છા પાઠવી છે. તેણે સુઝેન સાથે વિતાવેલી દરેક ક્ષણને તેના સોશિયલ મીડિયા પર શેર કરી છે, જે તેના હ્રદયની ખૂબ નજીક છે. આ શેર કરતી વખતે અર્સલાને એક સુંદર નોટ પણ લખી છે. આ ખાસ પોસ્ટ શેર કરતા તેણે લખ્યું, 'સૌથી પહેલા હું તારી માફી માંગવા માંગુ છું કે, આ સમયે હું તમારી સાથે નથી. પરંતુ મને આપણી યાત્રા જોઈને આનંદ થાય છે. જેમાં આપણે કંઈક ગુમાવ્યું છે તો કેટલું બધુ પ્રાપ્ત કરીને સુંદર યાદો પણ બનાવી છે. અર્સલાને વધુમાં લખ્યું છે કે હું તને ખૂબ પ્રેમ કરું છું અને વચન આપું છું કે 'હું તને દુનિયાની તમામ ખુશીઓ આપીશ. સુઝેનના પૂર્વ પતિ રિતિક રોશને પણ આ પોસ્ટ પર પ્રતિક્રિયા આપી છે.



### મેયર શ્રીમતી ગીતાબેન પરમારે રીબીન કાપી હસ્તકલા મેળાને ખુલ્લો મુક્યો

# જૂનાગઢના આંગણે સાત દિવસીય દિવાળી હસ્તકલા મેળાનો પ્રારંભ

### રાજ્યભરની મહિલાઓ દ્વારા ઉત્પાદિત વસ્તુઓનું ૪૦ સ્ટોલ મારફતે વેચાણ સહપ્રદર્શન



। જૂનાગઢ, તા.૨૭ ।

મહિલાઓને પ્રોત્સાહિત કરવા અને દિવાળી પર્વે ખાસ આયોજિત સાત દિવસીય દિવાળી હસ્તકલા મેળાને મેયર શ્રીમતી ગીતાબેન પરમારે રીબીન કાપી અને ગણપતિ વંદના કરીને ખુલ્લો મુક્યો હતો. સાથે જ તેમણે સ્ટોલ્સની મુલાકાત લઈ જુદી-જુદી કલાત્મક વસ્તુઓની જાણકારી મેળવી મહિલાઓને પ્રોત્સાહિત કર્યા હતાં.

શહેરની એ. જી. હાઈસ્કૂલના મેદાન ખાતે ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી. અને મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આયોજિત તથા જિલ્લા મહિલા બાળ વિકાસ અધિકારીની કચેરી દ્વારા સંકલિત દિવાળી હસ્તકલા મેળામાં રાજ્યભરની મહિલાઓ ભાગ લઈ રહી છે. તેમના દ્વારા જ હસ્તકલા, સુશોભન, હાથશાળ, માટીકલા વગેરે ઉત્પાદિત કલાત્મક વસ્તુઓનું વેચાણ સહ પ્રદર્શન આજ રોજ તા.૨૬-૧૦-૨૦૨૩ થી તા. ૧-૧૧-૨૦૨૩ સુધી કરવામાં આવશે. આમ,દિવાળીના પર્વે જૂનાગઢવાસીઓને હસ્તકળાની કલાત્મક ચીજ વસ્તુઓ ખરીદવાની તક પણ મળી રહેશે. આ તકે મહિલા અને બાળ અધિકારી શ્રી સી.ડી. ભાંભી, દહેજ પ્રતિબંધક અધિકારી શ્રી એમ.જી. વારસુર તથા શ્રી બી. ડી. ભાડ સહિતના અધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

# મિલેટ ડેવલપમેન્ટ યોજના અંતર્ગત કોઠારા ખાતે તાલુકા કક્ષાના કૃષિમહોત્સવની ઉજવણી કરવામાં આવી

### તૃણ ધાન્ય વર્ગના પાકોનું વાવેતર વધારવા તથા ખેડૂતોમાં જાગૃતિ લાવવા હેતુ યોજાયેલા કૃષિમેળામાં ૭૫૦થી વધુ ખેડૂતો તથા ગ્રામીણો જોડાયા હતા



। ભુજ, તા.૨૭ ।

મિલેટ ડેવલપમેન્ટ યોજના અંતર્ગત તથા ઈન્ટરનેશનલ યર ઓફ મિલેટ–૨૦૨૩ અનુસંધાને જિલ્લા પંચાયતની ખેતીવાડી શાખા દ્વારા લોકોના સ્વાસ્થ્ય માટે જરૂરી એવા મિલેટસ (તૃણ ધાન્ય વર્ગના પાકો)ના વાવેતર વિસ્તાર વધારવા પ્રેરણા મળે તે માટે પ્રચાર-પ્રસાર માટે અબડાસા તાલુકાના કોઠારા ખાતે તાલુકા કક્ષાના કૃષિ મેળાની ઉજવણી કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા, તાલુકા પંચાયત પ્રમુખશ્રી, જિલ્લા પંચાયત સદસ્યશ્રી, સરપંચશ્રી તથા અન્ય પદાધિકારીશ્રીઓ તેમજ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, મદદનીશ ખેતી નિયામકશ્રીઓ તથા વિસ્તરણ અધિકારી અને ગ્રામસેવકો હાજર રહ્યા હતા તેમજ વિવિધ ગામોમાંથી ૭૫૦ જેટલા ખેડૂતો તથા ગ્રામીણ અગ્રણીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ખેતીવાડી, બાગાયત, જમીન ચકાસણી પ્રયોગ શાળા ભુજ, ICDS, ખેડૂત તાલીમ કેન્દ્ર /આત્મા કચેરી ભુજ, GSFC, GATL જેવા સરકારી વિભાગો સાથે પ્રાઈવેટ કંપનીઓના સ્ટોલ પ્રદર્શન અર્થે ગોઠવવામાં આવ્યા હતા. સહ સંશોધન વૈજ્ઞાનીકશ્રી ડી.જી. પટેલ દ્વારા મિલેટની ખેતી અંતર્ગત માહિતી તેમજ યુનિવર્સિટી દ્વારા વિકસાવેલી નવી ટેકનોલોજી તથા નવી જાતો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ખેડૂત અગ્રણી વાડીલાલભાઈ પોકાર દ્વારા પ્રાકૃતિક ખેતી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિવિધ કૃષિ પ્રદર્શન અંતર્ગત આંગણવાડી બહેનો દ્વારા વિવિધ મિલેટ આધારિત વાનગીઓનું પ્રદર્શન રજૂ કરાયું હતું તેમજ ખેતીવાડી વિભાગ દ્વારા વિવિધ સહાય યોજનાના લાભાર્થીઓને પૂર્વમંજૂરી હુકમ તેમજ પેમેન્ટ ઓર્ડરનું મહાનુભાવોના હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું.

# ગોંડલના પાટીદડ ગામે જિલ્લાની પ્રથમ સમરસ બાલિકા પંચાયતની રચના કરાઈ

### બાલિકા પંચાયત કિશોરીઓના શિક્ષણ, આરોગ્ય, પોષણ સહિતના સર્વાંગી વિકાસમાં તેમનું પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરશે



। રાજકોટ, તા.૨૭ ।

રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના પાટીદડ ગામ ખાતે રાજકોટ જિલ્લાની પ્રથમ સમરસ બાલિકા પંચાયતની રચના કરવામાં આવી છે. ભારત સરકાર પુરસ્કૃત તથા મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વાર સંચાલિત "બેટી બચાવો બેટી પઢાવો" યોજના અંતર્ગત મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રી ભાનુબેન બાબરીયાની શુભેચ્છા સાથે જિલ્લા કલેક્ટરશ્રી પ્રભવ જોષીના માર્ગદર્શન હેઠળ આ સમરસ બાલિકા પંચાયતનું નિર્માણ થયું છે.

આ બાલિકા પંચાયત એ કિશોરીઓનું બનેલ એક મંડળ છે, જેમાં એક સરપંચ અને તેમના હેઠળ ગ્રામ પંચાયતના વોર્ડ મુજબ એક-એક સભ્યો સામેલ કરવામાં આવેલ છે. આ મંડળ દ્વારા પાટીદડ ગામમાં શિક્ષણ, આરોગ્ય, પોષણ, રમત ગમત જેવા વિવિધ મુદ્દાઓ પર કાર્ય કરી અને કિશોરીઓનું પ્રતિનિધિત્વ દરેક ક્ષેત્રે સુનિશ્ચિત કરાશે. આ ઉપરાંત કિશોરીઓ મતદાન અંગેની પ્રક્રિયાથી અવગત થાય તે હેતુથી ગ્રામ પંચાયતની ચૂંટણી મુજબ જ બાલિકા પંચાયતની ચુંટણી આ અભિયાન અંતર્ગત કરવામાં આવે છે.

# સ્વચ્છતા હી સેવા અંતર્ગત તાલાલા, ગીરગઢડા અને વેરાવળ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં થઈ સફાઈ



। ગીર સોમનાથ, તા.૨૭ ।

રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં 'સ્વચ્છતા હી સેવા' અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જેમાં લોકો પણ સ્વયંભૂ જોડ-ઈને શ્રમદાન કરી રહ્યા છે. ગીર સોમનાથ જિલ્લાની શાળાઓ, આંગણવાડીઓમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જે આગામી તા. ૨૮ ઓકટોબર સુધી ચાલશે. જે અં-તર્ગત તાલાલા, ગીરગઢડા અને વેરાવળમાં ગ્રામ્ય વિસ્તારમાં આંગણવાડી, શાળા અને મમતા ક્લિનિકની સાફ-સફાઈ કરવામાં આવી હતી. તાલાલા તાલુકાના જશાપુર ગામે શાળાની સાફ-સફાઈ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ જ્યારે વેરાવળ તાલુકાના ઈણાજ ગામે આંગણવાડીની આસપાસ સાફ-સફાઈ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત ગીરગઢડા તાલુકાના જરગલી ગામે શાળાની સાફ-સફાઈ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું અને કોડીનાર તાલુકાના નગડલા ગામે આંગણવાડી અને મમતા ક્લિનિકની આસપાસ સાફ-સફાઈ કરવામાં આવી હતી.

# અમે મહિયારા રે,ગોકુળ ગામના, છોટી છોટી ગૈયા, છોટે છોટે ગ્વાલ, છોટો સો મેરો મદનગોપાલ જેવા ગરબાની તાલે ઝૂમી ઉઠ્યા દિવ્યાંગ બાળકો



। રાજકોટ, તા.૨૭ ।

રાજ્યના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ, ગાંધીનગર તેમજ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર અને જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી દ્વારા "સૌરાષ્ટ્ર પ્રદેશ કક્ષાના ઉમંગ ઉત્સવ- ૨૦૨૩" નું આયોજન હેમુ ગઢવી હોલ ખાતે કરવામાં આવ્યું હતું. જેનો શુભારંભ સહાયક માહિતી નિયામકશ્રી સોનલબેન જોશીપુરા, ભારતીબેન રાઠોડ તથા ઉપસ્થિતોના હસ્તે દિપ પ્રાગટ્ય વડે કરવામાં આવ્યો હતો. આ તકે સહાયક માહિતી નિયામકશ્રી સોનલબેન જોશીપુરાએ જણાવ્યું હતું કે,દિવ્યાંગ બાળકોમાં છુપાયેલી કલાને બહાર લાવીને પ્રદર્શિત કરવા માટે પ્લેટ-ફોર્મ પુરૂ પાડવાનું કામ રાજ્ય સરકાર સુપેરે નિભાવી રહી છે. આવા કાર્યક્રમોના આયોજન થકી દિવ્યાંગ બાળકો માટે કલાત્મક વાતાવરણ ઉભુ કરીને પ્રતિભાશાળી દિવ્યાંગ કલાકારોને આગળ આવવાની તકોનું નિર્માણ કરવામાં ગુજરાત સરકાર અગ્રેસર છે. આ પ્રસંગે જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી હિતેષ દિહોરાએ કહ્યું હતું કે, આપણા કલાકારોના ગુજરાતનાં સાંસ્કૃતિક વારસાનું જતન કરવાના ઉદ્દેશ્યને પરિપુર્ણ કરવા, છેવાડાનાં ગામડ-ામાંથી માંડીને શહેરો સુધી કલાત્મક વાતાવરણનું નિર્માણ કરીને પ્રતિભાશાળી કલાકારોને આગળ આવવાની તકોનું નિર્માણ કરવા અને કલાકારોની કળાને જાળવી રાખીને પુરસ્કૃત કરવાના અભિગમ સાથે પ્રતિવર્ષ "ઉમંગ ઉત્સવ" અને "કલ કે કલાકાર" કાર્યક્રમનું આયોજન રાજ્ય સરકારશ્રી દ્વારા કરવામાં આવે છે. આવા કાર્યક્રમ થકી કલા-કારોને પોતાની કલાને ઉજાગર કરવાનુ પ્લેટકોર્મ મળી રહે છે.

હીરાણી કોલેજ ઓફ જર્નાલિઝમ એન્ડ પર્ફોર્મન્સ આર્ટ્સના પ્રિન્સિપાલ તથા ડીન ઓફ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી આર્ટસ ફેકલ્ટીના ડીન શ્રી ભારતીબેન રાઠોડે પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું.

### જૂનાગઢ કૃષિ યુનિ. દ્વારા

# ૧૫ અઠવાડીયાના બેકરી શાળાની તાલીમ પૂર્ણ કરનાર તાલીમાર્થીઓને થયા પ્રમાણપત્ર એનાયત

### ઘરથી અથવા કોઈપણ નાની જગ્યાએથી શરૂ કરી શકાય તેવો બેકરીનો વ્યવસાય તાલીમપ્રાપ્ત યુવાનોનાં જીવનમાં થશે ઉપયોગી : કુલપતિ શ્રી વી.પી. ચોવટીયા



। જૂનાગઢ, તા.૨૭ ।

જૂનાગઢ કૃષિ યુનિ. ના વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી અંતર્ગત કાર્યરત બેકરી શાળામાં ૧૫ અઠવાડિયાનો સર્ટીફીકેટ કોર્ષ પૂર્ણ થતા જૂનાગઢ કૃષિ યુનિ.ના કુલપતિ ડો. વી.પી. ચોવટીયાની અધ્યક્ષતમાં ૨૦ તાલીમાર્થીઓને પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ યોજાયો હતો.

જૂનાગઢ કૃષિ યુનિ.ના કિસાન વિકાસ ખાતે યોજાયેલ આ કાર્યક્રમનાં અધ્યક્ષ ડો. ચોવટીયાએ ઉપસ્થિત તાલીમાર્થિઓને સંબોધતા જણાવ્યુ હતુ કે, આવી ટુંકાગાળાની તાલીમ થકી રોજગાર વાંચ્છુયુવાનો સ્વનિર્ભરતા તરફ સરળતાથી આગળ વધી શકે છે. આવી તાલીમો દ્વારા તેઓનો આત્મગૌરવનો વધારો થાય છે. અને પગપર ઊભા રહી શકે તેવો વ્યવસાય સરળતાથી મેળવી શકે છે. સાથે અન્ય લોકો માટે નવી રોજગારીનું સર્જન પણ કરી શકે છે. તેમણે વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી કચેરી અંતર્ગત કાર્ય કરરત બેકરી તાલીક શાળાના મદદનીશ શિક્ષણશાસ્ત્રી ડો. દીપ્તીબેન ઠાકરની કામગીરી ને બીરદાવી હતી. આ પ્રસંગે શ્રી ડો. વી.પી. ચોવટીયાએ બેકરીનો ઈતિહાસ અને આજનાં સાંપ્રત સમયમાં બેકરી વ્યવસાયની વધતી માંગ અંગે વિસ્તૃત જાણકારી આપી હતી.

આ પ્રસંગે વિસ્તરણ શિક્ષણ નિયામક ડો. એન.બી. જાદવે બેકરી શાળામાં કૃષિ યુનિ. કાર્યાન્વીત થયાથી આજ સુધીમાં ૪૩૩ જેટલા તાલીમાર્થીઓએ ૧૫ અઠવાડીયાની તાલીમ હાંસલ કરી શ્રેષ્ઠ ઉદ્યોગકાર તરીકે વ્યવસાય શરૂ કરી સફળતા મેળવ્યાની વાત કરી હતી. તેમજ વોકેશનલ તાલીમ થી થતા લાભ અંગે જણાવ્યું હતુ. કાર્યક્રમમાં અતિથિ વિશેષ સંબોધનમાં માહિતી મદદનીશ ક્રિષ્નાબેન સિસોદીયાએ તાલીમાર્થીઓને પ્રોત્સાહિત કરતા જણાવયું હતું કે, આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર અભિયાનના સંકલ્પને આ બેકરી શાળા સાકાર કરી રહી છે. બેકરી શાળા વર્ષ ૧૯૮૦ થી કાર્યરત થઈ ત્યાર થી અત્યાર સુધીમાં ૭૦૦૦ થી વધુ તાલીમાર્થીઓએ તાલીમ લીધી છે. જે ગૌરવની વાત છે. બેકરીશાળામાં સફળતા પુર્વક તાલીમ સંપન્ન કર્યા અંગે તાલીમાર્થિઓએ પોતાનાં પ્રતીભાવો વ્યક્ત કર્યા હતા.

કાર્યક્રમમાં શાબ્દિક સ્વાગત જૂનાગઢ કૃષિ યુનિ.ના સહ વિસ્તરણ શિક્ષણ નિયામક શ્રી ડો. એચ.સી.છોડવડીયા એ અને આભાર વિધી મદદનીશ શિક્ષણશાસ્ત્રી ડો.ડી.એસ.ઠાકરે કરી હતી.

# ડીસામાં રાજપુર ના કેન્સર પીડિત મુસ્લિમ યુવાનનુ ઓપરેશન કરાવી જિંદગી બચાવતા ડીસા હિન્દુ યુવા સંગઠન

### ડીસામાં હિન્દુ-મુસ્લિમ એકતાની જીંદા મિસાલ, ઇસ્માઇલ ને કેનશર થતા હિન્દુ યુવા સૅંગઠન પ્રમુખ નીતિને ઈલાજનો બેડો ઉઠાવ્યો



। મહંમદ રફીક શેખ (રાજુ) ડીસા, તા.૨૭ ।

બનાસકાંઠા જીલ્લાની આર્થિક નગરી ડીસામાં રાજપુર વિસ્તારમાં રહેતા મુસ્લિમ રિક્ષા ચાલક યુવાન છેલ્લા છ મહિનાથી જીભ ના કેન્સર થી પીડાતો હતો જયારે તેનો પરિવાર ગરીબ હોવાથી ઓપરેશન થી ગભરાતા યુવાન ની પડખે હિન્દુ યુવા સંગઠને ઊભા રહી ઓપરેશન કરાવી હિંમત દર્શાવતા કોમી એકતાના સાથે માનવતા જળકી ઉઠી હતી, પ્રાપ્ત અહેવાલ અનુશાર ડીસામાં આવેલ રાજપુર ના ખારા કૂવા પાસે રહેતા અને રિક્ષા ચલાવી ને ઘર નું ગુજરાન ચલાવતા યુવાન સોલંકી ઈસ્માઈલ ભાઈ છેલ્લા છ મહિના થી જીભ નું કેન્સર થતાં પ્રથમ પાલનપુર સારવાર કરાવી હતી જેમાં બે ડોઝ નો ક્રોસ પણ લીધો હતો પરંતુ એમ.આર.આઈ રિપોર્ટ તથા ઓપરેશન ની વાત આવતા તેમના ગજા બહારનો ખર્ચ હોવાથી તેમના પરિવાર જનોની હિંમત તૂટી ગઈ હતી ત્યારે ડીસા હિન્દુ યુવા સંગઠન ના પ્રમુખ નીતિન ભાઈ સોની તથા ક્રિષ્ના ઈમેજીગ સેન્ટર ના ડો પ્રકાશ ભાઈ સોલંકી દ્વારા સહકાર આપતા યુવાન ને ઓપરેશન કરાવી તેને જિંદગી જીવવાની નવી તક મળી હતી અને આગામી સમયમાં ગુટખા ન ખાવાની સલાહ આપી હતી આમ એક મુસ્લિમ રિક્ષા ચાલક ઈસ્માઈલ અબ્દુલ રહેમાંન સોલંકી ની મદદ કરી કોમી એકતાના અને માનવતાની મિસાલ કાયમ કરી હતી.

# ગોંડલના પાટીદડ ગામે જિલ્લાની પ્રથમ સમરસ બાલિકા પંચાયતની રચના કરાઈ

। રાજકોટ, તા.૨૭ ।

રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના પાટીદડ ગામ ખાતે રાજકોટ જિલ્લાની પ્રથમ સમરસ બાલિકા પંચાયતની રચના કરવામાં આવી છે.

ભારત સરકાર પુરસ્કૃત તથા મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વાર સંચાલિત "બેટી બચાવો બેટી પઢાવો" યોજના અંતર્ગત મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રી ભાનુબેન બાબરીયાની શુભેચ્છા સાથે જિલ્લા કલેક્ટરશ્રી પ્રભવ જોષીના માર્ગદર્શન હેઠળ આ સમરસ બાલિકા પંચાયતનું નિર્માણ થયું છે. આ બાલિકા પંચાયત એ કિશોરીઓનું બનેલ એક મંડળ છે, જેમાં એક સરપંચ અને તેમના હેઠળ ગ્રામ પંચાયતના વોર્ડ મુજબ એક-એક સભ્યો સામેલ કરવામાં આવેલ છે. આ મંડળ દ્વારા પાટીદડ ગામમાં શિક્ષણ, આરોગ્ય, પોષણ, રમત ગમત જેવા વિવિધ મુદ્દાઓ પર કાર્ય કરી અને કિશોરીઓનું પ્રતિનિધિત્વ દરેક ક્ષેત્રે સુનિશ્ચિત કરાશે.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે માનસિક શાંતિ માટે તમારી જાતને કોઈ દાન કે સખાવતી પ્રવૃત્તિમાં સાંકળો. જે લોકો પોતાના નજીકીઓ અથવા સંબંધીઓ જોડે ભાગીદારીમાં વેપાર કરી રહ્યા છે. તેમને આજે ઘણું સોચી અને વિચારી ને પગલાં લેવા ની જરૂર છે નહીંતર આર્થિક નુકસાન થયી શકે છે. નવજાત શિશુની માંદગી તમને વ્યસ્ત રાખશે. તમારે તેના પર તરત ધ્યાન આપવાની જરૂર પડશે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. તમારું ધન ક્યાં ખર્ચ થાય છે આના ઉપર તમારે નજર રાખવાની જરૂર છે નહીંતર આવનારા સમય માં તમને તકલીફ થયી શકે છે. ઘરે ઉત્સવ જેવો માહોલ તમારું ટૅન્શન ઘટાડશે. આજના અદભુત દિવસે તમારા સંબંધોમાંની તમામ ફરિયાદો તથા તથા રોષ આજે અદૃશ્ય થઈ જશે.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારો માયાળુ સ્વભાવ આજે અનેક ખુશીભરી ક્ષણો લાવશે. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે? અન્યો સાથે વાદ-વિવાદ તથા બોલાચાલી અને તેમનામાં અકારણ ભૂલો શોધવાનું ટાળો. પ્રેમની મસ્તીનો અનુભવ કરવા માટે તમને કોઈ મળી શકે છે.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારો ગુસ્સો કોઈકને વધુ મુશ્કેલીમાં મુકી દેશે. અનિચ્છીત કોઈ મહેમાન આજે ઘરે આવી શકે છે જેના આવવા થી તમારે તે વસ્તુઓ ઉપર પણ ખર્ચ કરવો પડી શકે છે જેને તમે આવતા મહિને કરવાનું વિચાર્યું હતું? તમારા માતા-પિતાનું સ્વાસ્થ્ય વધુ ધ્યાન તથા દરકાર માગશે. તમારી વાત સાચી સાબિત કરવા માટે તમે આજ ના દિવસે તમારા જીવનસાથી સાથે ઝઘડો કરી શકો છો.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારી પ્રચંડ બૌદ્ધિક ક્ષમતા તમને વિકલાંગતા સામે લડવામાં મદદ કરશે. માત્ર હકારાત્મક વિચારો રાખીને તમે સમસ્યા સામે લડી શકો છો. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. પાડોશી સાથેનો ઝઘડો તમારો મૂડ બગાડી નાખશે. પણ તમારો મિજાજ ગુમાવતા નહીં કારણ કે આ બાબત બળતામાં ઘી ઉમેરશે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. જીવન ના ખરાબ તબક્કા માં પૈસા તમારા કામ આવશે તેથી આજ થીજ પોતાના પૈસા બચત કરવા ના વિષે વિચારો નહિ તો તમને તકલીફો આવી શકે છે. તમારા જીવનસાથી તરફ બેદરકારી તમારા સંબંધ પર અસર કરી શકે છે.



**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારા જીવનસાથીની તબિયત તાણ તથા બેચેનીનું કારણ બની શકે છે. પોતાના પૈસા બચાવવા માટે તમારે ઘર ના સભ્યો જોડે આજે વાત કરવાની જરૂર છે. તેમની સલાહ તમને આર્થિક સ્થિતિ સુધારવા માં મદદ કરશે? તમારો ભાગીદાર સહકાર પૂર્ણ તથા મદદરૂપ હશે. મિત્રતા ગાઢ બનતા તેનું રૂપાંતર પ્રેમમાં થશે.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. પરિવારના સભ્યોની લાગણીને દુભાવવી ન હોય તો તમારા ગુસ્સા પર કાબૂ રાખજો. એ સાથે જ યાદ રાખો કે ગુસ્સો એ ટૂંકા ગાળાનું ગાંડપણ છે , જે તમને કેટલીક ગંભીર ભૂલો કરવાની ફરજ પાડી શકે છે.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે ગર્ભવતી માતાઓ માટે ખાસ સંભાળ રાખવાનો દિવસ. કમિશન,ડિવિડન્ડ અથવા રૉયલ્ટીઝમાંથી તમે લાભ મેળવશો. મિત્રો સાથે સાંજ અથવા શૉપિંગ આનંદદાયક તથા ઉત્સાહજનક રહેશે. અણધાર્યો રૉમેન્ટિક ઝુકાવ સાંજના સમયે તમારા મગજને ઘેરી વળશે. આ રાશિ ના વેપારીઓ ને આજે કોઈ નજીકી ની ખોટી સલાહ ને લીધે પરેશાની થયી શકે છે.



**મકર (ખ,જ) :**

આજના દિવસે આજે તમે ઊર્જાથી તરબતર હશો અને તમે કશુંક અસાધારણ કરશો. ઘર ની જરૂરિયાત ને લીધે તમે આજે જીવનસાથી ની જોડે કોઈ મોંઘી વસ્તુ ખરીદી કરી શકો છો જેના લીધે તમારી આર્થિક સ્થિત તંગ હોઈ શકે છે. મિત્રો તથા જીવનસાથી આરામ તથા ખુશીઓ લાવશે, એ સિવાય નિસ્તેજ અને ધીમો દિવસ. કોઈક રસપ્રદ વ્યક્તિને મળવાની શક્યતા છે.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે. કેટલીક મહત્વની યોજનાઓ અમલમાં મુકાશે જેને કારણે તમને નવો આર્થિક લાભ થશે. તમારામાંના કેટલાક દાગીના અથવા હૉમ એપ્લાયન્સીસની ખરીદી કરશે. પ્રિયપાત્રની નફરત છતાં તમારે તમારો પ્રેમ દેખાડવો જોઈએ.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. બીજા દિવસો ની સરખામણી માં આજ નું દિવસ સારું રહેશે અને પર્યાપ્ત ધન ની પ્રાપ્તિ થશે. એક જૂનો મિત્ર દિવસના અંત ભાગમાં મુલાકાત લેશે. તમારા પ્રિયપાત્રનું. આજે તમારૂં પ્રેમ જીવન તમને આશીર્વાદ આપી રહ્યું છે. આ રાશિ ના વિદ્યાર્થીઓ આજે મોબાઈલ માં આખો દિવસ બગાડી શકે છે.

### પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાનની ઘર વાપસી થઈ ગઈ છે

# નવાઝ શરીફ જ્યાંથી ચૂંટણી લડે ત્યાંથી લડવા ઈમરાનનો પડકાર

### સિક્રેટ દસ્તાવેજો લીક કરવાના મામલામાં જેલમાં બંધ ઈમરાનખાને સોશિયલ મીડિયા પર વિડિયો પોસ્ટ કરીને નવાઝ શરીફને ચેલેન્જ આપી

। ઈસ્લામાબાદ, તા.૨૭ ।

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન નવાઝ શરીફની ઘર વાપસી થઈ ચુકી છે અને તેમણે ચૂંટણીમાં ઝુકાવવા માટે તૈયારી શરુ કરી દીધી છે. તેમને હવે પાકિસ્તાનના અન્ય એક પૂર્વ પીએમ અને તહેરિક એ ઈન્સાફ પાર્ટીના ચેરમેન ઈમરાન ખાને પડકાર ફેંકીને કહ્યુ છે કે, નવાઝ શરીફ આગામી ચૂંટણીમાં ઈચ્છે એ બેઠક પરથી લડી શકે છે અને એ જ બેઠક પરથી હું તેમની સામે ચૂંટણી લડીશ.

હાલમાં સિક્રેટ દસ્તાવેજો લીક કરવાના મામલામાં જેલમાં બંધ ઈમરાનખાને સોશિયલ મીડિયા પર એક વિડિયો પોસ્ટ કરીને નવાઝ શરીફને ચેલેન્જ આપી છે. આ વિડિયો તેમણે પોતાની ધરપકડ પહેલા બનાવ્યો હતો. જેમાં ઈમરાન ખાન કહેતા સંભળાય છે કે, મને એ વાતથી કોઈ ફરક નથી પડતો કે નવાઝ શરીફ કયા મત વિસ્તારમાંથી ચૂંટણી લડશે. હું તેમની સામે



ચૂંટણી લડવા માટે તૈયાર છું. હું ચૂંટણી દરમિયાન પ્રચાર સુધ્ધા નહીં કરુ અને આમ છતા ચૂંટણી જીતીશ. આ ચૂંટણીથી તેમને અહેસાસ થઈ જશે કે દેશ બલાઈ ચુકયો છે. આર્મીના દમ પર ચૂંટણી જીતવાના દિવસો ગયા.

પાકિસ્તાન મુસ્લિમ લીગ નવાઝ પાર્ટીના અધ્યક્ષ નવાઝ શરીફ ચાર વર્ષ બાદ ૨૧ ઓક્ટોબરે પાકિસ્તાન પાછા ફર્યા છે. જેના પર ઈમરાનખાને કહ્યુ છે કે, નવાઝ શરીફ રાહ જોઈ રહ્યા હતા કે મને જેલમાં મોકલવામાં આવે અને મારી પાર્ટીને ખતમ કરવામાં આવે. નવાઝ શરીફ સામે ભ્રષ્ટાચારના જેટલા પણ કેસ હતા તે ક્લોઝ કરી દેવાયા છે.

### યુદ્ધમાં ઈઝરાયેલનો સૌથી વધુ વિરોધ ઈરાન દ્વારા

# હમાસના ૫૦૦ આતંકીને ઈરાન દ્વારા તાલીમ આપવામાં આવી હતી

### ટ્રેનિંગ દરમિયાન પેલેસ્ટાઈન-ઈરાનના હાઈ પ્રોફાઈલ નેતાઓએ હાજરી આપી હોવાનો અમેરિકાના અખબારનો ખુલાસો

। તેલ અવીવ, તા.૨૭ ।

હમાસ અને ઈઝરાયેલ વચ્ચેના જંગમાં ઈઝરાયેલનો સૌથી વધારે વિરોધ ઈરાન કરી રહ્યુ છે. ઈરાને તો યુધ્ધમાં ઉતરવાની ધમકી પણ આપી છે. બીજી તરફ અમેરિકાના એક અખબારે ચોંકાવનારો અહેવાલ પ્રકાશિત કરતા કહ્યુ છે કે, ઈઝરાયેલમાં હમાસના આતંકીઓએ હાહાકાર મચાવ્યો તેના એક મહિના પહેલા સુધી હમાસ અને પેલેસ્ટાઈન ઈસ્લામિક જેહાદ સંગઠનના ૫૦૦ જેટલા આતંકીઓને ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ દ્વારા તાલીમ આપવામાં આવી હતી. અહેવાલ અનુસાર ટ્રેનિંગ કાર્યક્રમ દરમિયાન પેલેસ્ટાઈન અને ઈરાનના હાઈ પ્રોફાઈલ નેતાઓએ પણ હાજરી આપી હતી.

ઈરાન તો પહેલા પણ ઈઝરાયેલને ધમકીઓ આપી ચુકયુ છે કે, ગાઝામાં જો ઈઝરાયેલ અત્યાચાર નહીં રોકે તો તેને ભારે નુકસાન સહન કરવાનો વારો આવશે. ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડના ઉપ પ્રમુખ અલી ફદાવીએ તો ત્યાં સુધી કહ્યુ હતુ કે, ઈરાન કોઈ જાતના ખચકાટ વગર ઈઝરાયેલ પર મિસાઈલ લોન્ચ કરી શકે છે. બીજી તરફ ઈઝરાયેલ વારંવાર કહી ચુકયુ છે કે, હમાસને ઈરાનનુ પીઠબળ છે. ઈરાનની મદદથી જ હમાસના આતંકીઓ ઈઝરાયેલ પર આતંકી હુમલો કરવામાં સફળ રહ્યા હતા. ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સિસના પ્રવક્તા રિયલ એડમિરલ ડેનિયલ હાગારીએ કહ્યુ હતુ કે, ઈરાને યુધ્ધ પહેલા ટ્રેનિંગ અને સપ્લાય માટે હમાસની સીધી મદદ કરી હતી.

### નેવીના ૮ ભૂતપૂર્વ અધિકારીઓ ઓગસ્ટ ૨૦૨૨થી કતારની જેલમાં છે

# નૌકાદળના અધિકારીઓને ભારત સરકાર કાનૂની મદદ પૂરી પાડશે

### કતાર કોર્ટે જે આઠ ભારતીયોને મૃત્યુદંડની સજા સંભળાવી છે તે તમામ ભારતીય નૌકાદળના ભૂતપૂર્વ અધિકારીઓ છે

। નવી દિલ્હી, તા.૨૭ ।

કતારમાં ૮ ભારતીયોને મોતની સજા સંભળાવવામાં આવી છે. કતારની કોર્ટે આજે એટલે કે ગુરુવારે જેલમાં બંધ ૮ ભારતીયોને ફાંસીની સજાનું એલાન કર્યું છે. કતારની કોર્ટ દ્વારા આઠ ભારતીય નાગરિકોને આપવામાં આવેલી મૃત્યુદંડની સજા પર ભારતે કહ્યું છે કે તે આ નિર્ણયથી અત્યંત સ્તબ્ધ છે અને આ મામલે તમામ કાયદાકીય વિકલ્પો પર વિચાર કરી રહ્યું છે.

હવે સવાલ એ થાય છે કે આ ૮ ભારતીયો કોણ છે અને તેઓ કતારમાં શું કરતા હતા અને કેટલા સમયથી જેલમાં હતા? ખરેખરમાં કતાર કોર્ટે જે આઠ ભારતીયોને મૃત્યુદંડની સજા સંભળાવી છે તે તમામ ભારતીય નૌકાદળના ભૂતપૂર્વ અધિકારીઓ છે. નેવીના આ ૮ ભૂતપૂર્વ અધિકારીઓ ગત વર્ષ એટલે કે ઓગસ્ટ ૨૦૨૨થી કતારની જેલમાં છે. જોકે તેમનો



ગુનો શું છે તે હજુ સુધી જાણી શકાયું નથી. એવું કહેવામાં આવ્યું હતું કે કતારના અધિકારીઓ દ્વારા તેમની સામેના આરોપો જાહેર કરવામાં આવ્યા નથી. તમામ આઠ ભારતીય ખાનગી કંપની દહરા ગ્લોબલ ટેક્નોલોજીસ એન્ડ કન્સલ્ટન્સી સર્વિસમાં કામ કરતા હતા. કતારમાં ભારતના રાજદૂત આ વર્ષે ૧ ઓક્ટોબરે આ કર્મચારીઓને જેલમાં મળ્યા હતા.

ભારતીય વિદેશ મંત્રાલયે કહ્યું કે અમને શરૂઆતમાં માહિતી મળી હતી કે કતારની ફર્સ્ટ ઈન્સ્ટન્સ કોર્ટે આજે અલ દહરા કંપનીના આઠ ભારતીય કર્મચારીઓ સાથે સંબંધિત કેસમાં પોતાનો ચુકાદો આપ્યો છે. અમે મૃત્યુદંડની સજાથી અત્યંત આઘાત અનુભવીએ છીએ અને ચુકાદાની સંપૂર્ણ વિગતોની રાહ જોઈ રહ્યા છીએ. અમે પરિવારના સભ્યો અને કાનૂની ટીમના સંપર્કમાં છીએ. અમે તમામ કાયદાકીય વિકલ્પો પર વિચાર કરી રહ્યા છીએ. વિદેશ મંત્રાલયે વધુમાં કહ્યું કે અમે આ બાબતને ખૂબ મહત્ત્વ આપીએ છીએ અને તેના પર ચાંપતી નજર રાખી રહ્યા છીએ. અમે તમામ કોન્સ્યુલર અને કાનૂની સહાય પૂરી પાડવાનું ચાલુ રાખીશું. અમે આ નિર્ણયને કતારના સત્તાવાળાઓ સમક્ષ પણ ઉઠાવીશું. આ કેસમાં કાર્યવાહીની ગોપનીય પ્રકૃતિને કારણે આ સમયે વધુ ટિપ્પણી કરવી યોગ્ય રહેશે નહીં. કેપ્ટન નવતેજ સિંહ ગિલ, કેપ્ટન સૌરભ વશિષ્ઠ, કમાન્ડર પૂર્ણેન્દુ તિવારી, કેપ્ટન બિરેન્દ્ર કુમાર વર્મા, કમાન્ડર સુગુનાકર પાકલા, કમાન્ડર સંજીવ ગુપ્તા, કમાન્ડર અમિત નાગપાલ અને નાવિક રાગેશ કતારની જેલમાં બંધ છે. જેમને મૃત્યુદંડની સજા સંભળાવવામાં આવી છે. તેઓ બધા દહરા ગ્લોબલ ટેક્નોલોજીસ એન્ડ કન્સલ્ટન્સી સર્વિસીસમાં કામ કરતા હતા. જે રોયલ ઓમાની એરફોર્સના નિવૃત્ત સ્કવોડ્રન લીડરની માલિકીની સંરક્ષણ સેવા પ્રદાતા કંપની છે.

### દિલ્હીમાં સવારે ગુલાબી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે

# વાવાઝોડાને લઈ દેશના ૫ રાજ્યોમાં વરસાદની શક્યતા!

### હવામાન વિભાગે ચક્રવાતી તોફાન હામૂન અંગે અપડેટ જારી કર્યું છે, ત્રિપુરા, નાગાલેન્ડ, મણિપુર, મેઘાલય અને મિઝોરમમાં ભારે વરસાદની શક્યતા છે

। નવી દિલ્હી, તા.૨૭ ।

હવામાન વિભાગે ચક્રવાતી તોફાન 'હામૂન' અંગે અપડેટ જારી કર્યું છે. ત્રિપુરા, નાગાલેન્ડ, મણિપુર, મેઘાલય અને મિઝોરમમાં ભારે વરસાદની શક્યતા છે. હવામાન વિભાગે લોકોને વાવાઝોડા વિશે અપડેટ રહેવા અને સત્તાવાર સલાહને અનુસરવા જણાવ્યું છે.

આ સાથે સંબંધિત રાજ્ય સરકારોને પણ વાવાઝોડાને ધ્યાનમાં રાખીને પોતાની તૈયારીઓ રાખવા અને બચાવ અને રાહત માટે ટીમો તૈયાર રાખવા માટે કહેવામાં આવ્યું છે. આ દિવસોમાં નવી દિલ્હીમાં સવારે ગુલાબી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. દિવસ દરમિયાન સૂર્ય હજી પણ તેજસ્વી રીતે ચમકતો હોય છે. બીજી તરફ દિલ્હીમાં પણ પ્રદૂષણ જોવા મળી રહ્યું છે. વધતા પ્રદૂષણનું એક કારણ વાહનોની સંખ્યા દર વર્ષે વધી રહી છે તેમજ તેના ધુમાડાનું ઉત્સર્જન પણ છે, જે સતત વધી રહ્યું છે. સ્થિતિ એવી છે કે એક દાયકામાં આ પ્રદૂષણમાં ૩૯ ટકાનો વધારો થયો છે.

છેલ્લા ૨૪ કલાક દરમિયાન કેરળ, આંદામાન અને નિકોબાર ટાપુઓ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં હળવાથી મધ્યમ વરસાદ થયો હતો. લક્ષદ્વીપ, અરુણાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં હળવો વરસાદ થયો. હિમાલયી પશ્ચિમ બંગાળ અને સિક્કિમના વિવિધ વિસ્તારોમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતા ૩.૧ થી ૫ ડિગ્રી વધુ રહ્યું. અને કર્ણાટક, આંધ્રપ્રદેશ, તેલંગાણા અને બિહાર, આસામ, છત્તીસગઢ, ઓડિશા અને હિમાચલ પ્રદેશમાં ઘણા સ્થળોએ સામાન્ય કરતાં ૧.૬ થી ૩ ડિગ્રી વધારે રહ્યું હતું. હવામાનની વાત કરીએ તો લક્ષદ્વીપ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, આસામ, મેઘાલય અને નાગાલેન્ડમાં હળવો વરસાદ થયો હતો. આ સમયગાળા દરમિયાન કેરળમાં હળવાથી મધ્યમ વરસાદ થયો હતો.

જ્યારે આંદામાન અને નિકોબાર ટાપુઓ અને ગંગાના પશ્ચિમ બંગાળમાં હળવાથી મધ્યમ વરસાદ થયો હતો. એજન્સી અનુસાર, ઉત્તર-પશ્ચિમ, મધ્ય અને પૂર્વ ભારતના લઘુત્તમ તાપમાનમાં થોડો ઘટાડો થઈ શકે છે. જેના કારણે રાત્રે ઠંડીનો અહેસાસ વધુ થશે. પૂર્વોત્તર ભારત, ગંગાના પશ્ચિમ બંગાળ, તટીય ઓડિશા, તટીય આંધ્રપ્રદેશ, આંદામાન અને નિકોબાર ટાપુઓ અને લક્ષદ્વીપમાં હળવા વરસાદની સંભાવના છે. આ સાથે કેરળમાં આગામી ૨૪ કલાકમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે.

# EMI માટે સાંજે ૭ વાગ્યા પછી કોલ કરી શકશે નહીં

। નવી દિલ્હી, તા.૨૭ ।

સમય સમય પર, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા લોનની વસૂલાત માટે બેંક એજન્ટોના કૉલ્સને રોકવા માટે કડક નિયમો લાવે છે. RBI દ્વારા પ્રસ્તાવિત નિયમો અનુસાર, જો ગ્રાહક સમયસર લોન EMI ચૂકવતો નથી, તો પણ લોન રિકવરી એજન્ટ સવારે ૮ વાગ્યા પહેલા અને સાંજે ૭ વાગ્યા પહેલા લોન લેનારને ફોન કરી શકતા નથી. અહેવાલ મુજબ, ભારતીય રિઝર્વ બેંકે એમ પણ કહ્યું છે કે નાણાકીય સંસ્થાઓ દ્વારા કોઈપણ કામનું આઉટસોર્સિંગ કર્યા પછી પણ તેમની જવાબદારી સમાપ્ત થતી નથી. તે ગ્રાહકો પ્રત્યે સમાન રીતે જવાબદાર છે. આ સાથે આ ડ્રાફ્ટમાં RBIએ ડાયરેક્ટ સેલ્સ એજન્ટ્સ, ડાયરેક્ટ માર્કેટિંગ એજન્ટ્સ અને રિકવરી એજન્ટ્સ માટે નિયમો બનાવવાની વાત કરી છે. આ નિયમ જાહેર, ખાનગી અને NBFC ત્રણેયને લાગુ પડવો જોઈએ. આ સાથે આરબીઆઈએ કહ્યું છે કે રિકવરી એજન્ટ્સને તાલીમ આપવી જોઈએ કે લોન વસૂલતી વખતે ગ્રાહક સાથે ક્યારે અને કેવી રીતે કોલ અથવા મેસેજ પર વાતચીત કરવી. આ સાથે, ગ્રાહકોના અધિકારોને સુનિશ્ચિત કરવા માટે, આરબીઆઈએ નાણાકીય સંસ્થાઓને તેમના રિકવરી એજન્ટોને સમજાવવા માટે પણ નિર્દેશ આપ્યો છે કે તેઓ લોનની વસૂલાત માટે ધમકીઓ અથવા હેરાનગતિનો આશરો ન લઈ શકે. આ સાથે, રિકવરી એજન્ટો લોન લેનારાઓને અપમાનિત કરી શકતા નથી. નાણાકીય સંસ્થાઓએ ધ્યાનમાં રાખવું જોઈએ કે લોનની વસૂલાત સમયે ઋણ લેનારાઓની ગોપનીયતાનું સંપૂર્ણ સન્માન કરવું જોઈએ. આ સાથે, રિઝર્વ બેંકે નોન-બેંકિંગ નાણાકીય કંપનીઓ અને બેંકોને પણ સલાહ આપી છે કે તેઓ અન્ય કંપનીઓને KYC નિયમો, લોન મંજૂરી વગેરે જેવા મહત્વપૂર્ણ નીતિ સંચાલન કાર્યોનું આઉટસોર્સિંગ ટાળે.

# પરફ્યૂમ-ડિઓડરન્ટના ઉપયોગથી થઇ શકે છે જીવલેણ કેન્સર

। નવી દિલ્હી, તા.૨૭ ।

સામાન્ય રીતે ઓફિસ કે કોઈ ફંક્શન અટેન્ડ કરતી વખતે પરફ્યૂમ લગાવવું એક સ્ટાઈલ સ્ટેટમેન્ટ છે. ફેશનનો એક જરૂરી ભાગ ગણાતા પરફ્યૂમથી શરીરની દુર્ગંધ દૂર કરવાની સાથે સાથે પર્સનાલિટીમાં પણ નિખાર આવે છે. પરંતુ તમે કદાચ એ નહીં જાણતા હોવ કે પરફ્યૂમના ઉપયોગથી કેન્સર સહિત અનેક બીમારીઓ થઈ શકે છે. આ પ્રકારના કોસ્મેટિક પ્રોડક્ટ્સની અંદર ઘણાં કેમિકલ્સ હોય છે જેમાંથી એક છે પેરાબિન. એનસીબીઆઈ દ્વારા પ્રકાશિત એક રિસર્ચ અનુસાર, પેરાબિન પુરૂષો અને મહિલાઓ બંને માટે જોખમી છે અને તેના અનેક સાઈડ ઈફેક્ટ્સ પણ રહેલા છે. સંશોધન અનુસાર, પેરાબિન એક દૂષિત પદાર્થ છે જે સ્ટેરોઈડ હોર્મોનને નુકસાન કરી શકે છે. આ હોર્મોનમાં અસંતુલનથી પુરૂષોની રિપ્રોડક્ટિવ સિસ્ટમ અને સ્વાસ્થ્યને નુકસાન થાય છે. જ્યારે મહિલામઓમાં પરફ્યૂમમાં મોજૂદ કેમિકલ્સની શોધમાં બ્રેસ્ટ કેન્સર અને થાઈરોઈડ કેન્સરનું પ્રમુખ કારણ સામે આવ્યું છે. આ પ્રોડક્ટ્સ અપ્લાય કર્યા બાદ તે ત્વચામાં ઝડપથી દાખલ થઈ જાય છે, જેના કારણે કેમિકલ સ્કિનના પ્રોટેક્ટિવ લેયરને ડેમેજ કરે છે, જેના કારણે સ્કિન એલર્જી થઈ શકે છે. વળી, પરફ્યૂમની ગંધ તીવ્ર હોવાના કારણે તેને અપ્લાય કર્યા બાદ તેના કણો હવામાં રહી જાય છે. જેનાથી ખતરનાક કેમિકલ ફેફસામાં દાખલ થાય છે. જેના કારણે ઈન્ફ્લેમેશન, ઉપરાંત કેટલાંક કેસમાં અસ્થમા, સીઓપીડી, શ્વાસને લગતી બીમારી વગેરે થઈ શકે છે. જો તમને વારંવાર ચક્કર આવવા, માથાનો દુઃખાવો વગેરે પરેશાની થાય છે તો તેનું એક કારણ પરફ્યૂમ હોઈ શકે છે.

## વિશેષ

### પેનલ ડિસ્કશન, સંવાદમાં વાઈસ ચાન્સેલર્સ અને NEP કો-ઓર્ડિનેટર્સએ નવી શિક્ષણનીતિ અંગે વિચારો રજૂ કર્યા

# રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) ૨૦૨૦ના અમલીકરણ અંગે વાઈસ ચાન્સેલર્સ કોન્ફરન્સમાં તજજ્ઞોના અનુભવો-નોલેજનું વિચાર મંથન : શિક્ષણના નવા આયામો તેમજ વિવિધ વિષયો પર સંગોષ્ઠિ અને પ્રશ્નોત્તરી યોજાઈ

નર્મદા જિલ્લાના એકતાનગર સ્થિત ટેન્ટ સિટી-૨ ખાતે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) ૨૦૨૦ના અમલીકરણ અંગે વેસ્ટર્ન ઝોન વાઈસ ચાન્સેલર્સ અને NEP કો-ઓર્ડિનેટર્સની એક દિવસીય કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં વિવિધ વિષયો પર પશ્ચિમ ઝોનના વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રીઓ, પ્રાધ્યાપકો, શિક્ષણવિદો, તજજ્ઞોની ઉપસ્થિતિમાં આ રાષ્ટ્રીય શિક્ષણ નીતિને સંપૂર્ણપણે લાગુ કરવાનો રોડમેપ તૈયાર કરવા માટેનું સામૂહિક વિચાર મંથન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ વિષય પર સંગોષ્ઠિ યોજાઈ હતી. પ્રથમ સેશનમાં AICTE ના ચેરમેન પ્રો. ડૉ. ટી.જી. સીતારમનની અધ્યક્ષતામાં પેનલ ડિસ્કશન સહિત સંવાદ યોજવામાં આવ્યો હતો. નિષ્ણાત વક્તાઓએ ચાવીરૂપ પ્રવચનો આપી NEP-૨૦૨૦ અંગે પ્રેઝન્ટેશન રજૂ કર્યા હતા, અને ઉપસ્થિત પ્રાધ્યાપકો દ્વારા પ્રશ્નોત્તરી- ઈન્ટરેકશન કરવામાં આવ્યું હતું. પ્રોબ્લેમ અને સોલ્યુશન અંગે નિષ્ણાતો દ્વારા સુઝાવો અપાયા હતા.

પ્રથમ સત્રમાં 'એક્સેસ ટુ ક્વોલિટી એજ્યુકેશન એન્ડ ગવર્નન્સ - હાયર એજ્યુકેશન અને ઈકવીટેબલ એન્ડ ઈક્લુઝીવ એજ્યુકેશન - ઈસ્યૂસ ઓફ સોશિયો - ઈકોનોમિકલી ડિસએડવાન્ટેજ ગ્રુપ નક્કી કરવામાં આવ્યા હતા. આ સેશનમાં ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. નીરજા ગુપ્તા, IIM- રાયપુરના ડાયરેક્ટર ડૉ. રામ કુમાર કાકાની, સેન્ટ્રલ ટ્રાયબલ યુનિવર્સિટી આંધ્રપ્રદેશના વાઈસ ચાન્સેલર પ્રો. ટી. વી. કટ્ટિમની અને ડૉ. કલામ ફાઉન્ડેશનના સ્થાપકશ્રી શ્રીજન પાલ સિંઘે પેનલિસ્ટ તરીકે ભૂમિકા ભજવી હતી. આ સંગોષ્ઠિ દરમ્યાન વિષયને અનુરૂપ પોતાના વિચારો રજૂ કરતા ડૉ. નીરજા ગુપ્તાએ જણાવ્યું હતું



કે, આ આઝાદીના અમૃત અવસરનો નવયુગ જ્ઞાનનો યુગ છે. જેને ધ્યાને રાખીને ગુણવત્તાયુક્ત શિક્ષણનું યુવાનોમાં સિંચન કરવામાં શિક્ષણવિદોએ ખુબજ મહત્વની જવાબદારી અદા કરવાની રહે છે. હાયર એજયુકેશન ઈન્સ્ટિટ્યૂટની નાણાકીય, કાયદાકીય અને કરિક્યુલર સ્વાયત્તતા થકી ભારતનું શ્રેષ્ઠ ભવિષ્ય જોઈ રહ્યા છે તેમ તેમણે જણાવ્યું હતું.

છેવાડાના માનવીનો હાયર એજ્યુકેશનમાં સમાવેશ તથા શિક્ષણની ગુણવત્તા થકી વિદ્યાર્થીઓ એન્ટરપ્રેન્યોર, જોબ આપનાર તથા બૌદ્ધિક ક્ષમતામાં વધારો કરી શકાય તે અંગે ડૉ. રામકુમાર કાકાનીએ રસપ્રદ વિચારો રજૂ કર્યા હતા. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓ માર્કેટ સ્કીલ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રદાન કરી શકે તેવા હોવા જોઈએ.

પ્રો. ટી. વી. કટ્ટિમની દ્વારા અનુસૂચિત જનજાતિના વિકાસમાં શિક્ષણનું મહત્વ તથા આદિજાતિ સમુદાયના મુખ્ય પડકારો અને સમસ્યા વિશે વિચારો પ્રસ્તુત કર્યા હતા. શ્રીજન પાલ સિંઘે વર્ચ્યુઅલ રિયાલીટીને શિક્ષણ જગતનું આગવું ભવિષ્ય ગણાવ્યું હતું. આ સાથે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટુલની મદદથી ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામનો આ બેઠક માટેનો શુભેચ્છા પાઠવતો વિડીયો સંદેશ પણ પ્રસ્તુત કરાયો હતો.

આ ઉપરાંત, યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના ચેરમેન પ્રો. એમ. જગદીશકુમારે પણ શિક્ષણનું આંતરરાષ્ટ્રીયકરણ અને ભારતીય જ્ઞાન પરંપરા વિષયને કેન્દ્રમાં રાખીને દેશની શિક્ષણ પ્રણાલીને વધુ અદ્યતન અને બહેતર બનાવવા માટે ઘડાયેલી નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ ના સુયોગ્ય અમલીકરણ માટે પોતાના મનનીય વિચારો પ્રસ્તુત કર્યા હતા. સાથે આઈઆઈટી-ગયાના પ્રો. વિનિતા સહાયે એકતાનગર ખાતેની આગતા સ્વાગતા અને સ્વાગત સત્કાર માટે ગુજરાત સરકાર અને શિક્ષણ વિભાગ તેમજ આયોજકોનો દિલથી આભાર વ્યક્ત કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, સમગ્ર દિવસ દરમિયાન અનેકવિધ થીમ આધારિત ચર્ચાઓમાં મહાનુભાવો, શિક્ષણવિદો, તજજ્ઞો દ્વારા નવી શિક્ષણ નીતિને અપગ્રેડ કરવા માટે પોતાના અનુભવો, મંતવ્યોના આદાન-પ્રદાન થકી સામુહિક મનોમંથન કરવામાં આવ્યું હતું. જ્યારે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી વડોદરાના પત્રકારત્વ વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા આ કોન્ફરન્સના સંદર્ભમાં બનાવેલા ન્યૂઝ લેટર ''ઈતિવ્રિત્ત''ને ઉપસ્થિત મહાનુભાવો દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યું હતું.

વાઈસ ચાન્સેલર કોન્ફરન્સના સમાપન કાર્યક્રમ રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસેરિયાની અધ્યક્ષતામાં યોજાયો હતો. આ પ્રસંગે મંત્રીશ્રીએ ઉચ્ચ શિક્ષણ વિભાગ અને એમ.એસ. યુનિવર્સિટીએ આ કાર્યક્રમ યોજવા બદલ અભિનંદન પાઠવી જણાવ્યું હતું કે, હું અહીં સુઝાવ માટે નહીં પણ શીખવા માટે આવ્યો છું. નવું જ્ઞાન શીખવાની પ્રક્રિયા નિરંતર ચાલતી રહે છે. ભારતીય સંસ્કૃતિમાં શિક્ષણને અમૃત સમાન ગણવામાં આવ્યું છે. ગુરુ શિષ્યની પરંપરા અને વિદ્યા એ માણસને સંસ્કારવાન - ચરિત્રવાન બનાવે છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ બનાવીને આગવું કદમ ઉઠાવ્યું છે. જે તેમના વિઝનરી વિચારોનું ઉત્તમ દ્રષ્ટાંત છે. તેના થકી ભારતીય શિક્ષણ પદ્ધતિમાં આમૂલ પરિવર્તનનો માર્ગ મોકળો બન્યો છે. જેમાં કૌશલ્યવર્ધન સાથે રસ રૂચીને અનુરૂપ વિદ્યાર્થીઓ વિદ્યા અભ્યાસ પસંદ કરી શકે છે. જેના અમલવારીમાં આ નવી શિક્ષણ નીતિ ઉપકારક સાબિત થશે. યુવાનોમાં પડેલી શક્તિને ખીલવવામાં અને જીવન જીવવાની કળા શીખવશે. આ શિક્ષણ પ્રણાલી ગુજરાતમાં અમલી થઈ છે. તેની અમલવારી ભારતભરની યુનિવર્સિટીઓમાં થાય તે દિશામાં આપણે પ્રયાસ માટે આ કોન્ફરન્સ યોજી છે જે ઉપયોગી બનશે. સરદાર સાહેબના સાનિધ્યમાં કરેલું ચિંતન-મંથન ભારતના ઉજ્જવળ ભવિષ્ય તરફ દોરી જશે તેવો મને પુરો વિશ્વાસ છે.

આ પ્રસંગે ભારત સરકારના યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના ચેરમેનશ્રી એમ.જગદેશ કુમાર, ગુજરાતના શિક્ષણ વિભાગના અગ્રસચિવશ્રી મુકેશ કુમાર, કમિશ્નરશ્રી ટેક્નિકલ શિક્ષણના શ્રી બંછાનિધી પાની, ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી પી.બી.પંડ્યા, ઉચ્ચ શિક્ષણ વિભાગનાશ્રી જોઈન્ટ કમિશનરશ્રી નારાયણ માધુ, કે.સી.જી.ના એડવાઈઝરશ્રી પ્રો.એ.યુ. પટેલ, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી-વડોદરાના કુલપતિશ્રી પ્રો. ડો.વિજયકુમાર શ્રીવાસ્તવ અને રજીસ્ટ્રારશ્રી ડો.કે.એમ.ચૂડાસમા સહિત વિવિધ યુનિવર્સિટીના કુલપતિશ્રી, રજીસ્ટ્રારશ્રી, પ્રાધ્યાપકશ્રીઓ અને શિક્ષણવિદો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ત્યારબાદ કોન્ફરન્સમાં પધારેલા તમામ મહાનુભાવોએ સરદાર વલ્લભભાઈ પટેલની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટીની મુલાકાત કરી હતી. પ્રદર્શની, વ્યુઈંગ ગેલેરી અને નર્મદા મૈયા અને સરદાર સરોવર ડેમ અને પ્રાકૃતિક સૌંદર્યનો નજારો નજરે નિહાળ્યો હતો. આ ક્ષણને પોતાના મોબાઈલમાં કેદ કરી યાદગાર બનાવી હતી. બાદમાં લેસર શો દ્વારા સરદાર સાહેબના જીવન કવનની ઝાંખી નિહાળી હતી.

### અમદાવાદ સિવિલ હોસ્પિટલને મળી વધુ એક સિદ્ધી

# FICCI એવોર્ડ સમારોહમાં અમદાવાદની સિવિલ હોસ્પિટલનો ડંકો વાગ્યો

## દર્દીની શ્રેષ્ઠ સારવાર, સંભાળ અને સલામતી માટે બાળરોગ સર્જરી વિભાગને બ્લેડર એક્સટ્રોફી સર્જરી માટે રાષ્ટ્રીય કક્ષાનો એવોર્ડ એનાયત કરાયો

। અમદાવાદ, તા.૨૭ ।

FICCI દ્વારા અમદાવાદ સિવિલ હોસ્પિટલને રાષ્ટ્રીય સ્તરના બે હેલ્થકેર એવોર્ડ એનાયત કરવામાં આવ્યા છે. આરેગ્ય મંત્રી ઋષિકેશ પટેલે સિવિલ હોસ્પિટલની સમગ્ર ટીમને શુભેચ્છાઓ પાઠવી છે. સિવિલ હોસ્પિટલને Excellence in Patient Care & Saf$^{a}$y કેટેગરી માં (દર્દીની શ્રેષ્ઠ સારવાર, સંભાળ અને સલામતી) માટે બાળરોગ સર્જરી વિભાગને બ્લેડર એક્સટ્રોફી સર્જરી માટે રાષ્ટ્રીય કક્ષાનો એવોર્ડ એનાયત કરાયો છે. તેમજ (વર્ષની સૌથી ઉત્તમ ડિજિટલ પરિવર્તન અંગેની પહેલ) કેટેગરીમાં સિવીલ હોસ્પિટલ દ્વારા અમલમાં મુકાયેલ ઓનલાઈન રેફરન્સ પોર્ટલ માટે એવોર્ડ એનાયત થયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના




નેતૃત્વ અને આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય આરોગ્ય સેવાઓ ઉત્તમથી સર્વોત્તમ બની રહી છે.રાષ્ટ્રીય સ્તરે પણ ગુજરાતની આરોગ્ય સેવા-સુવિધાઓની નોંધ લેવામાં આવી રહી છે. તારીખ ૨૬ ઓક્ટોબરે નવી દિલ્હી ખાતે યોજાયેલ ૧૫ માં FICCI હેલ્થકેર એક્સેલન્સ એવોર્ડ્સ ૨૦૨૩ કાર્યક્રમમાં ખ્યાતનામ અભિનેત્રી શર્મિલા ટાગોરના હસ્તે સી. કે. મિશ્રા, જ્યુરી-ચેર, આરોગ્ય અને પરિવાર નિયોજનના ભૂતપૂર્વ સચિવ,ભારત સરકાર, ડૉ. હર્ષ મહાજન, અધ્યક્ષ FICCI, અને ડૉ. સંજીવ સિંહ સહ-અધ્યક્ષ FICCIની હાજરીમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલને રાષ્ટ્રીય સ્તરના બે હેલ્થકેર એવોર્ડ એનાયત કરવામાં આવ્યા છે .જેમાં Excellence in Patient Care & Saf$^{a}$y કેટેગરી માં (દર્દીની શ્રેષ્ઠ સારવાર, સંભાળ અને સલામતી) માટે બાળરોગ સર્જરી વિભાગને બ્લેડર એક્સટ્રોફી સર્જરી માટે રાષ્ટ્રીય કક્ષાનો એવોર્ડ અને (વર્ષની સૌથી ઉત્તમ ડિજિટલ પરિવર્તન અંગેની પહેલ) કેટેગરીમાં સિવીલ હોસ્પિટલ દ્વારા અમલમાં મુકાયેલ ઓનલાઈન રેફરન્સ પોર્ટલ માટે એવોર્ડ એનાયત કરાયો છે.

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે અમદાવાદ સિવિલ હોસ્પિટલના આ બહુમાનને બિરદાવીને સમગ્ર ટીમને શુભેચ્છાઓ પાઠવી હતી. સૌથી નોંધનીય બાબત એ છે કે કુલ ૧૨ કેટેગરીમાં અન્ય તમામ સંસ્થાને માત્ર ૧ એવોર્ડ મળ્યો હતો, જ્યારે એકમાત્ર અમદાવાદની સિવિલ હોસ્પિટલને ૨ એવોર્ડ થી સન્માનિત કરવામાં આવી છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલના સુપ્રીટેન્ડન્ટ ડૉ રાકેશ જોશી અને તેમની ટીમ દ્વારા આ બહુમાન પ્રાપ્ત કરવામાં આવ્યું હતું

## ન્યૂઝ બ્રિફ

### એસ.ટી નિગમના કર્મચારીઓને બાકી રહેલા એરિયર્સ ૩ હપ્તેથી ચૂકવાશે

। અમદાવાદ, તા.૨૭ ।

ગુજરાતના એસ.ટી નિગમના કર્મચારીઓ માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. રાજ્ય સરકારે એસ.ટી નિગમના કર્મચારીઓ માટે મહત્વનો નિર્ણય લીધો છે. જે મુજબ એસ.ટી નિગમના કર્મચારીઓને બાકી રહેલા એરિયર્સ ૩ હપ્તેથી ચૂકવાશે. જેમાં દિવાળી પહેલા એરિયર્સનો પ્રથમ હપ્તો ચૂકવાશે. ST યુનિયન સાથેની બેઠકમાં કર્મચારીઓના વિવિધ પ્રશ્નોનું નિરાકરણ આવ્યું છે. ST કર્મચારીઓને બાકી રહેલા એરિયર્સ ૩ હપ્તેથી ચૂકવાશે. જેમાં દિવાળી પહેલા એરિયર્સનો પ્રથમ હપ્તો ચૂકવાશે. હવે ST યુનિયન જાન્યુઆરી ૨૦૨૩થી અમલી ૪% મોંઘવારી ભથ્થું ડિસેમ્બરથી આપવા મંજૂરી માગવામાં આવશે. આ મોંઘવારી ભથ્થું ડિસેમ્બરથી આપવા સરકાર પાસે મંજૂરી મંગાશે. આ ઉપરાંત ફિક્સ પગાર નીતિ, સિનિયર-જુનિયર પગારધોરણ સહિતની બાબતો પર ચર્ચા થશે. ST કર્મચારીઓને સુધારેલા HRA નવેમ્બરથી ચૂકવાશે.

### ગેરકાયદેસર રીતે ભારતમાં રહેતા બાંગ્લાદેશી ઈસમની ધરપકડ

। સુરત, તા.૨૭ ।

સુરત ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા મળી છે. ક્રાઈમ બ્રાન્ચે બોગસ ડોક્યુમેન્ટના આધારે ખોટું નામ ધારણ કરીને ગેરકાયદેસર રીતે ભારતમાં રહેતા બાંગ્લાદેશી ઈસમની ધરપકડ કરી છે. આરોપી પાસેથી ભારતીય આધારકાર્ડ અને બાંગ્લાદેશનું ઢ પણ મળી આવ્યું છે. તો ઝડપાયેલો બાંગ્લાદેશી ઈસમ અલ કાયદાના વોન્ટેડ આરોપીના સંપર્કમાં હોવાનું પણ સામે આવ્યું છે. મળતી માહિતી અનુસાર, સુરત ક્રાઈમ બ્રાન્ચને નકલી ડોક્યુમેન્ટના આધારે બાંગ્લાદેશી ઈસમ વેસુ કેનાલ રોડ પાસે રહેતો હોવાની યોગ્ય બાતમી મળી હતી. જેના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો અને વેસુ કેનાલ રોડ પાસેથી બાંગ્લાદેશના વતની અબુ બકર હજરતઅલી ઉર્ફે અલીમ હક બયજરઅલી ખાનને ઝડપી લીધો હતો. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા તપાસ કરવામાં આવતા અબુ પાસેથી અંગ્રેજી અને બાંગ્લાદેશી ભાષામાં જન્મ પ્રમાણપત્રની નકલ પણ મળી આવી હતી, તો આરોપી પાસેથી ભારતીય આધારકાર્ડ અને બાંગ્લાદેશનું ID પણ મળી આવ્યું હતું. આરોપી પાસેથી ૨ મોબાઈલ પણ મળી આવ્યા હતા.

### ભાજપના સંગઠનને લઈને મોટા સમાચાર

# ભૂપેન્દ્રભાઈ પટેલ મંત્રીમંડળમાં ફેરફારની કોઇ શક્યતા નથી

## કેન્દ્રની મોદી સરકારની યોજનાઓ અને નરેન્દ્રભાઈ મોદીના ચહેરાને આગળ કરી ચૂંટણી લડવાની રણનીતિ ઘડાઈ હોવાનું જાણવા મળ્યું છે

। ગાંધીનગર, તા.૨૭ ।

ગુજરાતની રાજનીતિને લઈને મોટા સમાચાર આવ્યા છે. મળતી જાણકારી અનુસાર, રાજ્ય સરકારના મંત્રીમંડળ અને પ્રદેશ ભાજપના સંગઠનને લઈને મોટા સમાચાર આવ્યા છે. એબીપી અસ્મિતાને મળેલી જાણકારી મુજબ ભૂપેન્દ્ર પટેલ મંત્રી મંડળમાં વિસ્તરણ કે ખાતાના ફેરફારની હાલ પુરતી કોઈ શક્યતા નથી. એટલું જ નહીં બોર્ડ અને નિગમોમાં નિયુક્તિની શક્યતા પણ દીવાળી પહેલા જણાતી નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર, સામાજિક યોજના સાથે જોડાયેલા ત્રણથી ચાર બોર્ડ નિગમમાં કદાચ નિયુક્તિ થઈ શકે છે પરંતુ તે સિવાય અન્ય કોઈ પણ નિગમમાં ચેરમેન કે પદાધિકારીઓની નિયુક્તિની સંભાવના હાલ પુરતી નહીવત છે. એટલું જ નહીં પ્રદેશ ભાજપના સંગઠનમાં કોઈ જ મોટા ફેરફારની કોઈ શક્યતા નથી.

સંગઠનમાં ખાલી પડેલી બે મહામંત્રી અને એક પ્રદેશ મંત્રીનું પદ પર નિમણૂક થઈ શકે છે પરંતુ એક વાત સ્પષ્ટ છે સી.આર પાટીલના નેતૃત્વ હેઠળ પ્રદેશ ભાજપ વર્તમાન સંગઠન સાથે જ ચૂંટણી લડશે. લોકસભાની ૨૬માંથી ૨૬ બેઠક જીતવાની હેટ્રિક લગાવવાની વાત સી.આર. પાટીલ અગાઉ કરી ચૂક્યા છે. એટલું જ નહીં તમામ ૨૬ બેઠક ૫-૫ લાખ કરતા પણ વધુ લીડથી જીતવાનો પાટીલનો સંકલ્પ પણ છે. દીવાળી પછી જ પ્રદેશ ભાજપ લોકસભાની ચૂંટણીલક્ષી કાર્યક્રમ શરૂ કરશે. કેન્દ્રની મોદી સરકારની યોજનાઓ અને નરેન્દ્રભાઈ મોદીના ચહેરાને આગળ કરી ચૂંટણી લડવાની રણનીતિ ઘડાઈ હોવાનું જાણવા મળ્યું છે.


# નેક્સસ અમદાવાદ વને એક્સક્લુઝિવ 'Nexus One' મોબાઈલ એપ લોન્ચ કરી

## ગ્રાહકો માટે એક મજબુત લોયલ્ટી પ્રોગ્રામ, જેમા તેઓ વળતરનો લાભ મેળવી શકે છે

। અમદાવાદ, તા.૨૭ ।

નેક્સસ અમદાવાદ વન, નેક્સસ સિલેક્ટ ટ્રસ્ટનો એક ભાગ છે, જે ભારતની પ્રથમ લિસ્ટેડ રિટેલ REIT છે, અને અમદાવાદનું સૌથી પસંદગીનું શોપિંગ ડેસ્ટિનેશન છે. ગ્રાહકોને સાતત્યપૂર્ણ રીતે અનન્ય અનુભવો આપવા માટે જાણીતા નેક્સસ વન દ્વારા 'Nexus One' એપ લોન્ચની જાહેરાત કરવામાં આવી છે. આ એક વિશિષ્ટ મોબાઈલ એપ્લિકેશન છે જે બ્રાન્ડના "અબ હર દિન કુછ નયા" અનુભવના વચનને જાળવી રાખે છે.

'Nexus One' એપ નવીનતમ અને સરળતાથી ઉપયોગ થઈ શકે તેવા ફીચર્સ ધરાવે છે જે કોઈ પણ નેવિગેટ કરી શકે છે. એપમાં ખાસ વળતર માટેના ફિચર્સ છે જે તહેવારોની સિઝનને ધ્યાનમાં લઈને ખાસ તૈયાર કરાયેલ છે જેનો લાભ માત્ર એપ ઉપયોગકર્તાઓ લઈ શકશે. નેકસસ વન એપ iOS અને Android પ્લેટફોર્મ પર ઉપલબ્ધ રહેશે. નેકસસ સિલેક્ટ ટ્રસ્ટના ચીફ માર્કેટિંગ ઓફિસર શ્રી નિશાંક જોશી એ જણાવ્યુ કે, 'Nexus One'




એપ અમારા અમદાવાદનાં ગ્રાહકોને એક નવું પરિમાણ આપે છે. અમે હમેશા ગ્રાહકોને ખરીદીનો મહતમ અનુભવ આપવા માટે પ્રયત્નશીલ હોઈએ છીએ અને 'Nexus One' એપ અને તેના ખાસ ફિચર્સ સાથે, નેકસસ મોલ સાથેનો અનુભવ વધુ સારો બનાવશે. નેકસસ વન એપ્લિકેશન અમારા લોયલ્ટી પ્રોગ્રામ ને અમારી લોકપ્રિય ઓફલાઈન શોપ અને જીત સાથે સાંકળે છે. એપ લોન્ચ ના ભાગ રૂપે, અમે એપ ડાઉનલોડ કરનાર ગ્રાહકોને વિવિધ ઓફર આપી રહ્યા છીએ.



સાબરમતી રિવરફ્રન્ટ ગ્રાઉન્ડમાં બીજેપી કાર્યકરો દ્વારા "મેરી મીટ્ટી મેરા દેશ" પ્રોગ્રામ યોજાયો હતો.

# એસટી બસ અને ટ્રક વચ્ચે અકસ્માત, ૧૦ લોકો ઈજાગ્રસ્ત

। દાહોદ, તા.૨૭ ।

રામપુરા હાઈવે પર ગોંડલથી ગુલબાર જતી બસ આગળ જઈ રહેલા ટ્રકે અચાનક બ્રેક મારતાં પાછળથી અથડાઈ હતી. જેના કારણે એસટી બસ નજીકના ખાડામાં ઉતરી ગઈ હતી. અકસ્માતમાં ડ્રાઈવર સહિત ૧૦ જેટલા લોકોને ઈજા પહોંચી હતી. જેમને તાત્કાલિક સારવાર અર્થે દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. દાહોદમાં વધુ એક અકસ્માતની ઘટના સામે આવી છે. એસટી બસ અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાતાં ડ્રાઈવર સહિત ૧૦ લોકો ઈજાગ્રસ્ત થયા છે. ઈજાગ્રસ્તોને દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ગોંડલથી ગુલબાર જતી બસને રામપુરા હાઈવે પર અકસ્માત નડ્યો હતો. મળતી માહિતી અનુસાર રામપુરા હાઈવે પર બસની આગળ જઈ રહેલા ટ્રકે અચાનક બ્રેક મારતાં પાછળ આવતી બસ અથડાઈ હતી. જેના કારણે એસટી બસ નજીકના ખાડામાં ઉતરી ગઈ હતી. અકસ્માતમાં ૧૦ જેટલા લોકોને ઈજા પહોંચી હતી.

### સુરતમાં ખસીકરણના નામે તંત્રએ ૩૦ હજાર શ્વાન પાછળ ૨.૯૦ કરોડ ખર્ચ્યા

। સુરત, તા.૨૭ ।

સુરતમાં રખડતા શ્વાનને પકડવાના નામે કૌભાંડ થયાનો ખુલાસો થયો છે. સુરતના નાગરિકે RTI કરતાં શ્વાનોને લઈ મોટો ખુલાસો થયો છે. સુરત મ્યુનિસિપલ કોર્પોરેશને કાગળ પર શ્વાન પકડવાની સંખ્યા વધારે દર્શાવી કૌભાંડ આચર્યાનો આરોપ લગાવવામાં આવ્યો છે. ત્યારે હવે સુરત મહાનગરપાલિકા કમિશનર કથિત કૌભાંડ બાબતે તપાસ કરે તેવી માંગ કરવામાં આવી રહી છે. સુરત મહાનગરપાલિકા ફરી વિવાદોમાં સપડાઈ છે. શહેરમાં રખડતા કૂતરાઓની સંખ્યા અને સમસ્યા અંગે આરટીઆઈ દ્વારા ચોંકાવનારો ખુલાસો થયો છે. જે મુજબ સુરતના ૧થી ૧૦૧ વોર્ડમાં ફક્ત ૨૭૦૦ રખડતા શ્વાન હોવાનો RTI માં ખુલાસો થયો છે. જ્યારે છેલ્લા ૫ વર્ષમાં ૩૦ હજારથી વધુ શ્વાન પકડ્યા છે અને શ્વાનને પકડીને ખસીકરણ કરવા મહાપાલિકાએ ૨.૯૦ કરોડ રૂપિયા ખર્ચ કર્યા છે. ત્યારે હવે સવાલ એ છે કે, સુરત શહેરમાં કુલ ૨૭૦૦ જેટલા રખડતા શ્વાન છે, તો ૩૦ હજાર શ્વાન ક્યાંથી લાવીને પકડ્યા. વાસ્તવમાં સુરતના RTI એક્ટિવિસ્ટ સંજય ઈઝાવાએ RTI કરીને સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન પાસે રખડતા શ્વાનને લઈને માહિતી માંગવામાં આવી હતી. RTI એક્ટિવિસ્ટની આરટીઆઈના જવાબમાં મનપાએ જણાવ્યું છે કે સુરત શહેરમાં માત્ર ૨૭૦૦ શ્વાન છે.

### રાજકોટમા દુષ્કર્મનો વધુ એક કિસ્સો સામે આવ્યો

# PGVCLના ડેપ્યૂટી ઇજનેર સાથે લીવ ઇનમાં રહેતી યુવતીનો આપઘાતનો પ્રયાસ

## પીજીવીસીએલમાં ડેપ્યુટી ઇજનેર તરીકે ફરજ બજાવનારા અંકિત અગ્રાવત વિરુદ્ધ એટ્રોસિટી તેમજ પોક્સો સહિતની કલમ હેઠળ ગુનો નોંધાવ્યો છે

। રાજકોટ, તા.૨૭ ।

શહેરમાંથી અવારનવાર દુષ્કર્મના અનેક કિસ્સા સામે આવતા હોય છે. ત્યારે આવો જ વધુ એક કિસ્સો સામે આવ્યો છે. શહેરની ૨૩ વર્ષીય યુવતીએ ગાંધીગ્રામ પોલીસ મથકમાં પીજીવીસીએલમાં ડેપ્યુટી ઈજનેર તરીકે ફરજ બજાવનારા અંકિત અગ્રાવત વિરુદ્ધ એટ્રોસિટી તેમજ પોક્સો સહિતની કલમ હેઠળ ગુનો નોંધાવ્યો છે.છેલ્લા અઢી વર્ષથી ફરિયાદી યુવતી તેમજ આરોપી અંકિત અગ્રાવત લીવ ઈન રિલેશનશિપમાં રહેતા હોવાનું પણ સામે આવ્યું છે. તેમજ બંને વચ્ચે યુવતીની ઉંમર ૧૭ વર્ષની હતી ત્યારથી લગ્નની લાલચ આપી શારીરિક સંબંધ બાંધ્યા હોવાનું પણ સામે આવ્યું છે. અંકિત અગ્રાવત દ્વારા લગ્ન કરવા બાબતે ના પાડવામાં આવતા યુવતીએ શુક્રવારે રોજ એસિડ પીને આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનો બનાવ સામે આવ્યો છે. ફરિયાદીએ આપેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, સગીર વયની હતી ત્યારે અંકિત અગ્રાવત દ્વારા અવારનવાર મરજી વિરુદ્ધ શરીર સંબંધ બાંધવામાં આવ્યા હતા. સાથે જ છેલ્લા ત્રણ વર્ષથી બંને લીવ ઈન રિલેશનશિપનો કરાર કરી સાથે રહેતા હતા. અંકિત અગ્રાવત દ્વારા યુવતી ને કહેવામાં આવ્યું હતું કે 'તું વાલ્મીકિ સમાજની હોવાથી મારે તારી સાથે લગ્ન નથી કરવા' આ બાબતનું ભોગ બનનાર યુવતીને લાગી આવતા તેણે એસિડ પીને આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું સામે આવ્યું છે. તેમજ હાલ સારવાર અર્થે તેને રાજકોટ શહેરની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, ભોગ બનનાર યુવતીએ એમબીએ સુધીનો અભ્યાસ કર્યો છે. દસ દિવસ પૂર્વે તેની તબિયત નાદુરરસ્ત હોવાથી અંકિત અગ્રાવત તેને મૂકીને જતો રહ્યો હતો. આ સમગ્ર મામલે ભોગ બનનારની ખબર અંતર પૂછવા તેના કાકા તેના ઘરે આવ્યા હતા. ત્યારબાદ તેના કાકાએ અંકિત અગ્રાવતને ફોન કરીને મારી ભત્રીજીને છોડીને કેમ જતા રહ્યા છો લગ્નની હવે કેમ ના પાડો છો તેવું પૂછ્યું હતું. જેના જવાબમાં અંકિત અગ્રાવતે ફોનમાં કહ્યું હતું કે, 'મારે તેની સાથે લગ્ન નથી કરવા તમે તેને તેના માતા પિતાના ઘરે લઈ જાઓ.' જેથી મારા કાકા મારા માતા-પિતાના ઘરે મને લઈ ગયા હતા.ભોગ બનનાર જ્યારે સગીર હતી ત્યારે છ વર્ષ પૂર્વે તે પાડોશમાં રહેતા અંકિત અગ્રાવત નામના વ્યક્તિ સાથે પરિચયમાં આવી હતી. ત્યારબાદ બંને વચ્ચે પ્રેમ સંબંધ પણ બંધાયો હતો જેના કારણે તેઓ અવારનવાર એકબીજાને મળતા પણ હતા. બંને વચ્ચે પ્રેમ હોવાથી ૨૦૧૭માં પહેલીવાર તેઓ હોટલમાં જમવા ગયા હતા જ્યાં અંકિત અગ્રાવતે રૂમ ભાડે રાખ્યો હતો અને ત્યાં શરીર સંબંધ પણ બાંધ્યો હતો. ત્યારબાદ અંકિત અવારનવાર ભોગ બનનારને બહારગામ ફરવા માટે લઈ જતો હતો.

### અમદાવાદમાં મિત્રએ જ મિત્રની હત્યા કરવા મામલે મોટો ખુલાસો

# અમદાવાદનાં ચાંદખેડામાં થયેલી હત્યામાં સમલૈંગિક સંબંધોનું કનેક્શાન ખુલ્યું

। અમદાવાદ, તા.૨૭ ।

અમદાવાદનાં ચાંદખેડામાં તા. ૨૦ ઓક્ટોબરનાં રોજ જયેશ પરમાર (ઉ.વર્ષ. ૪૫) યુવકની હત્યા થઈ હતી. આ હત્યાને લઈ મૃતકનાં પરિવારજનો દ્વારા ચાંદખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. મૃતકનાં પરિવારજનોની ફરિયાદનાં આધારે ચાંદખેડા પોલીસે તપાસ શરૂ કરતા ચાંદખેડા પોલીસે આરોપીની ધરપકડ કરી હતી. ચાંદખેડા પોલીસે આરોપી કમલેશ રોત નામનાં શખ્સની ધરપકડ કરી તેની પૂછપરછ હાથ ધરી હતી. ત્યારે પૂછપરછમાં ચોંકાવનારા ખુલાસા થવા પામ્યા હતા. જેમાં આરોપી કમલેશ તેમજ મૃતક જયેશ વચ્ચે સમલૈગિક સબંધો હતા. તેમજ અનેકવાર બંને વચ્ચે સમલૈગિક સબંધ બંધાયા હતા. ત્યારે બનાવનાં દિવસે મૃતક જયેશે આરોપી કમલેશ સાથે જબરજસ્તી સબંધ બાંધવા દબાણ કર્યું હતું. આ બાબતે DCP ઝોન-૨ નાં શ્રીપાલ શેષમાએ જણાવ્યું હતું કે ચાંદખેડા પોલીસને માહિતી મળી હતી કે, ઝાડીઓ વચ્ચે કોઈ લાશ પડી છે. ત્યાર બાદ પોલીસ ત્યાં પહોંચી હતી. ત્યારે મૃતકની લાશની ઓળખ કરવા અશક્ય હતી. જે બાદ પોલીસ દ્વારા મૃતકની ઓળખાણ કરવાની તજવીજ હાથ ધરી હતી. જે બાદ પોલીસ દ્વારા ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર
વોટ્સએપ મેસેજ જ કરવો




આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨